દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 124 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ વદ - 30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 May 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૨૭ મે ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u






**વિકાસઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદી વડોદરા આવ્યા ત્યારે તેમને આવકારતા ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય પ્રધાન સી. આર. પાટીલ અને રાજ્યના ગૃહ પ્રધાન હર્ષ સંઘવી. બાદમાં મોદીએ દાહોદમાં લોકો મેન્યુફેક્ચરિંગ શોપનું લોકાર્પણ કર્યું હતું. વડા પ્રધાનનું જાહેર સન્માન કરાયું હતું. આ પ્રસંગે રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ પણ હાજર રહ્યા હતા. (એજન્સી)

# ગાંધીનગર મહાત્મા મંદિરમાં આજે વડા પ્રધાન મોદી ₹ ૫૫૩૬ કરોડના પ્રોજેક્ટનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસ ગુજરાતની મુલાકાતે છે ત્યારે ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ વિભાગો હેઠળ રુ. ૫૫૩૬ કરોડના વિકાસના કામોના ઈ-ખાતમુહૂર્ત અને ઈ-લોકાર્પણ વડાપ્રધાનના હસ્તે કરવામાં આવશે.

ગાંધીનગરમાં યુ. એન. મહેતા ઇન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરનું ઇ-લોકાર્પણ કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં રૂ. ૮૪ કરોડના ખર્ચે નિર્માણાધિન યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરના સેટેલાઇટ સેન્ટરનું વડા પ્રધાનના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. ગાંધીનગરની સિવિલ હૉસ્પિટલમાં હાલ ૬૦૦ બેડની હૉસ્પિટલનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ હૅસ્પિટલમાં અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રકચર, તબીબી ઉપકરણો, બે સંપૂર્ણ હાઇ-એન્ડ મોડ્યુલર ઓપરેશન થિયેટર, એક અત્યાધુનિક કેથલેબ, ૪૧ આઇ.સી.યુ., ક્રિટીકલ કેર બેડ, ૧૯ સ્ટેપ-ડાઉન આઇ.સી.યુ., જનરલ વોર્ડ, ઓપીડી વિભાગ, ઇન-હાઉસ ડાયગ્નોસ્ટિક્સ, ઇમરજન્સી વિભાગ અને એક્ઝિક્યુટિવ હેલ્થ ચેક-અપ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ગાંધીનગરમાં આ સેટેલાઇટ સેન્ટર કાર્યરત થતા ગાંધીનગર સહિત નજીકના વિસ્તારોના દર્દીઓને પણ લાભ થશે. અમદાવાદ સિવિલ મેડિસિટીમાં રૂ. ૫૮૮ કરોડના ખર્ચે નિર્માણ પામનારી ૧૮૦૦ બેડની હોસ્પિટલનું વડા પ્રધાનના હસ્તે ઇ-ખાતમુહૂર્ત કરવામાં આવશે. જેમાં ૧૩૦૦ બેડની જનરલ હૉસ્પિટલ અને ૫૦૦ બેડની ચેપી રોગની હૉસ્પિટલ મળીને કુલ ૧૮૦૦ બેડની હૉસ્પિટલ નિર્માણ પામશે.

૧.૬૦ લાખ ચો.મી.માં નિર્માણ પામનાર ૧૧ માળની આ હૉસ્પિટલમાં બેઝમેન્ટ ૧ અને ૨માં ૬૨૫ ફોર વ્હીલર તથા ૧૦૦૦ ટુ-વ્હિલર પાર્કિંગ વ્યવસ્થાનો સમાવેશ પણ કરવામાં આવશે. આ હૉસ્પિટલમાં ઓર્થોપેડિક, પેઇન ક્લિનિક, મેડિસીન, ન્યુરો, સર્જરી, સ્કીન, ઇ.એન.ટી., સુપર સ્પેશિયાલિટી, હોમિયોપેથિક ઓપીડી, સાઇકિયાટ્રીક, બર્ન્સ વિભાગનો સમાવેશ કરવામાં આવશે. આ સિવાય ૧૪ અદ્યતન ઓપરેશન થીયેટર જેમાં ઓ.ટી. પેન્ડન્ટ, લેમીનાર એર ફ્લો, ઓ.ટી. લાઇટ, કંટ્રોલ પેનલ, સ્ક્રબ, હેચ બોક્ષ જેવી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હશે. સિવિલ હોસ્પિટલમાં દવાઓની આયોજનબદ્ધ અને ઝડપી વહેંચણી કરી શકાય તે હેતુથી સેન્ટ્રલ ડ્રગ સ્ટોર બનાવવાનું આયોજન પણ કરવામાં આવેલ છે.

આમ કુલ ૩૦૦ આઈસીયુ બેડની સુવિધા, ૩ વી.આઇ.પી. રૂમ, ૫૦ સ્પેશિયલ રૂમ તથા ૬૦ આઇસોલેશન બેડ સાથે અન્ય જનરલ બેડ અને ૫૦૦ ચેપી રોગના બેડ મળીને કુલ ૧૮૦૦ બેડની હૉસ્પિટલની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. તદ્‌ઉપરાંત ૧૪ અદ્યતન ઓપરેશન થિયેટર ઉપલબ્ધ કરવાનું આયોજન છે. અદ્યતન ઇન્ફ્રાસ્ટ્રકચરથી દર્દીઓ, તબીબી સાધનો અને સ્ટાફની કાર્યક્ષમતા તેમજ સુવિધાઓ ઉપલબ્ધ થતા દર્દીઓની આરોગ્યલક્ષી જરૂરિયાતો સરળતાથી સંતોષી શકાશે તેમજ ઝડપી કાર્ય થઈ શકશે. ■

## વડોદરામાં નરેન્દ્ર મોદીનું એરપોર્ટ રોડ પર ભવ્ય સ્વાગત

### શાસ્ત્રીય નૃત્ય, કલાવૃંદો અને સાંસ્કૃતિક વિરાસત અહલ્યાબાઈની સ્મૃતિએ જમાવ્યું આકર્ષણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃવડા પ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે આવ્યાં છે.આ દરમિયાન તેઓ કરોડો રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવાના છે. વડોદરામાં નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વડોદરામાં વડા પ્રધાનનું સ્વાગત કરવા માટે પધારેલી નારીશક્તિમાં વિકાસ ભી ઓર વિરાસત ભીનો વડા પ્રધાનનો સંકલ્પ પ્રતિબિંબિત થતો જોવા મળ્યો છે. પરંપરાગત વસ્ત્ર પરિધાન ઉપરાંત શાસ્ત્રીય નૃત્યો સાથે વડોદરામાં વડા પ્રધાનનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આદિવાસી જાતિના લોકોએ પોતાની આગવી સંસ્કૃતિથી નરેન્દ્ર મોદીને આવકાર્યા હતા. એરપોર્ટ રોડ ઉપર સુંદર શાસ્ત્રીય નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. આ નૃત્યએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ દરમિયાન નરેન્દ્ર મોદીએ નૃત્ય જોઈને ખુશી વ્યક્ત કરી હતી. આ સિવાય વડોદરાના કલાવૃંદો સ્વાતંત્ર્ય વીરોના પરિવેશ ધારણ કરીને આવ્યા હતાં. એરપોર્ટ રોડ ઉપર વડોદરાના કલાવૃંદના સભ્યો ભારત માતા, ઝાંસી કી રાણી, મહારાણા પ્રતાપ, મંગલ પાંડે, સુભાષ ચંદ્ર બોઝ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના પરિવેશમાં પણ જોવા મળ્યા હતા. વડોદરામાં ઓપરેશન સિંદૂર સન્માન યાત્રામાં વડા પ્રધાનને આવકારવા ભારતની સાંસ્કૃતિક વિરાસતને પુનર્જિવિત કરવામાં યોગદાન આપનાર નારી રત્ન અહલ્યાબાઇ હોલ્કરની સ્મૃતિ તાજી કરાવી હતી. વડોદરામાં સિંદૂર સન્માન યાત્રામાં વડાપ્રધાનને આવકારવા, સન્માનિત કરવા મુસ્લિમ સમાજની મહિલાઓનો પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. એરપોર્ટ સર્કલ પાસે સિંદૂરનો ઘડો અને અરીસો મૂકવામાં આવ્યો હતો. આ સ્થળે વડોદરાની નારી શક્તિ પોતાના માથા પર સિંદૂર લગાવીને સેલ્ફી પાડીને ગર્વની અનુભૂતિ કરી હતી. ■

## દાહોદમાં ₹ ૨૦ હજાર કરોડના ખર્ચે તૈયાર થયેલા ૯૦૦૦ એચપીના પ્રથમ લોકોમોટિવ એન્જિન યુનિટનું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશના વડા પ્રધાન ગત સોમવારે ગુજરાતના પ્રવાસે આવ્યા હતા. ઓપરેશન સિંદૂર પછી ગુજરાતના વડોદરા, દાહોદ, ગાંધીનગર, અમદાવાદ અને કચ્છના પ્રવાસે આવ્યા હતા. દાહોદમાં રૂ. ૨૦ હજાર કરોડના ખર્ચે રેલવે પ્રોડક્શન યુનિટનું નિર્માણ થયું છે, જેમાં બનેલા ૯૦૦૦ એચપીના પ્રથમ લોકોમોટિવ એન્જિનનું વડા પ્રધાનના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

વડા પ્રધાન મોદીએ તા. ૨૬ સવારે દાહોદમાં રૂ. ૨૧,૪૦૫ કરોડના ખર્ચે બનેલા રેલવે પ્રોડ્ક્શન યુનિટ પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું. તેમજ સાબરમતીથી વેરાવળની વંદેભારત ટ્રેનને લીલી ઝંડી આપી હતી. દાહોદમાં પીપીપી મોડલ પર તૈયાર થયેલા રેલવે એન્જિન કારખાનામાં આગામી ૧૦ વર્ષમાં ૧૨૦૦ એન્જિન તૈયાર કરવામાં આવશે તેમજ દેશ-વિદેશમાં દાહોદમાં બનેલા લોકોમોટિવ એન્જિનનું એક્સપોર્ટ કરવામાં આવશે. આ લોકોમોટિવ એન્જિન સો ટકા મેઈક ઈન ઈન્ડિયાના તર્જ પર બનાવવામાં આવશે. આ એન્જિનની ખાસિયત એ છે કે તે ૪૬૦૦ ટનના કાર્ગો વહન કરવાની ક્ષમતા ધરાવે છે. એન્જિનમાં પ્રથમ વખત ચાલક માટે એસી તેમજ ટોયલેટ મૂકવામાં આવ્યા છે. આ સાથે દુર્ઘટનાથી બચવા માટે કવર સિસ્ટમ પહેલેથી જ લગાવવામાં આવ્યા છે. દાહોદમાં હાલ ૪ એન્જિન તૈયાર કરવામાં આવ્યા છે. આ તમામ એન્જિન ઉપર મેન્યુફેકચરિંગ બાય દાહોદ લખવામાં આવશે.

આ ઉપરાંત આણંદ - ગોધરા, મહેસાણા-પાલનપુર, રાજકોટ - હડમતિયા રેલ લાઈનના ડબલિંગ કામ, સાબરમતી-બોટાદ ૧૦૭ કિ.મી. રેલ લાઈન ઇલેક્ટ્રિફિકેશન અને કલોલ-કડી કટોસણ રેલ લાઈન ગેજ પરિવર્તનના કામો સહિત કુલ રૂ. ૨૩,૨૯૨ કરોડના કામોનું લોકાર્પણ કર્યું હતું.મહીસાગર અને દાહોદ જિલ્લામાં વસ્તા નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે માટે રૂ. ૧૮૧ કરોડના પીવાના પાણીની ચાર જેટલી સુધારણા જૂથ પાણીપુરવઠા યોજનાઓનું પણ લોકાર્પણ કર્યું હતું. પાણીની યોજનાથી ૧૯૩ ગામોને ફાયદો થશે.

વડા પ્રધાન દ્વારા દાહોદ નગરપાલિકા ભવન, આદિવાસી મ્યુઝિયમ, સ્માર્ટ લાઈબ્રેરી, સ્માર્ટ પ્રાથમિક શાળા, ટ્રક ટર્મિનલ-ડોરમેટરી, દૂધમતી રિવરફ્રન્ટ જેવા અનેક પ્રકલ્પોની ભેટ આપવામાં આવી છે. આ પ્રોજેક્ટના પગલે દાહોદ સહિતના વિસ્તારોમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ૧૦ હજાર માનવીઓને રોજગારી મળશે તેમજ સ્થાનિક અર્થતંત્રને પણ વેગ મળશે. ઉલ્લેખનીય છે કે, ૯૦૦૦ એચપીના ૬ એક્સલવાળા ઇલેક્ટ્રિક એન્જિનની સરેરાશ ઝડપ ૭૫ કિ.મી. કલાક રહેશે. પશ્ચિમ બંગાળના ખડગપુર, આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમ, છત્તીસગઢના રાયપુર અને મહારાષ્ટ્રના પૂણે ડેપોમાં આ એન્જિનનું મેઇન્ટેનન્સ કરવામાં આવશે. ■

## મહેસાણા પોલીસ સ્ટેશનોના સફાઈ ટેન્ડરમાં ૭૧ લાખનું ટેન્ડર રદ કરી ૨.૮૫ કરોડનું નવું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લાના ૨૩ પોલીસ સ્ટેશનોની સફાઈના ટેન્ડરમાં ગોલમાલ થઈ હતી. સામાજિક કાર્યકર ભૌતિક ભટ્ટે આ મામલે ગૃહ પ્રધાનને રજૂઆત કરી હતી. જાન્યુઆરી ૨૦૨૫માં પૂર્ણ થનારા સફાઈના ટેન્ડરમાં મળતિયાઓને લાભ આપવા ૪૫થી ૫૦ લાખની રકમ નિર્ધારિત કરવામાં આવી હતી. ગુજરાત એન્ટરપ્રાઇઝ માટે માત્ર પાંચ દિવસમાં ૭૧ લાખનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું.કોન્ટ્રાક્ટર અને મળતિયાઓ માટે ૧૦ દિવસ બાદ ૭૧ લાખનું ટેન્ડર રદ કરી ૨.૮૫ કરોડનું નવું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. દરેક પોલીસ સ્ટેશનની સફાઈની જગ્યાના માપ રાતોરાત ડબલ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સફાઈ માટે ૧૧ નવી કંપનીઓ તાત્કાલિક ઊભી કરવામાં આવી હોવાનો આરોપ કર્યો હતો. ટેન્ડર પ્રક્રિયામાં હાજર રહેલા ઉચ્ચ અધિકારીઓની માહિતી જિલ્લા પોલીસ વડા પાસે માગવામાં આવી છે. જો કે, હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી. ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા લોકોનાં નામ પણ જાહેર કરવામાં આવ્યા નથી. ■

## મોદીની દાહોદમાં જંગી સભાઃ કેબિનેટ પ્રધાન બચુ ખાબડને મંચ પર સ્થાન નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દાહોદ ખાતે આયોજિત વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ભવ્ય કાર્યક્રમમાં ગુજરાત સરકારના કેબિનેટ પ્રધાન બચુ ખાબડને મંચ પર સ્થાગન આપવામાં આવ્યું નહોતું. આ ઘટના રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાનો વિષય બની હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) હેઠળ દાહોદ જિલ્લામાં કથિત ગેરરીતિના ખુલાસા બાદ, ગુજરાતની ભાજપ સરકારના પ્રધાન બચુ ખાબડના બે દીકરા સહિત, પરિવારના પાંચ લોકોની ધરપકડ થઈ છે. આ મુદ્દે રાજ્યમાં રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. બચુ ખાબડના પુત્રો વિરુદ્ધ સરકારી ભરતી પ્રક્રિયામાં કથિત ગેરરીતિઓ અને લાંચ લેવાના આરોપો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે સઘન તપાસ હાથ ધરી હતી, જેના પગલે તેમના બંને પુત્રોની ધરપકડ કરવામાં આવી હતી અને હાલ તેઓ જેલ હવાલે છે.

આ ઘટનાથી રાજ્ય સરકાર અને ભાજપ સંગઠન બંનેની છબીને ફટકો પડ્યો હોવાનું મનાય છે. રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે, વડા પ્રધાનના કાર્યક્રમમાંથી બચુ ખાબડની બાદબાકી એ ભાજપના કેન્દ્રિય નેતૃત્વ દ્વારા ભ્રષ્ટાચાર સામેની ઝીરો-ટોલરન્સ નીતિનો સ્પષ્ટ સંકેત છે. ખાસ કરીને જ્યારે વડા પ્રધાન પોતે મંચ પર હાજર હોય.

આ નિર્ણય દ્વારા પક્ષે ભ્રષ્ટાચારના આરોપોથી ઘેરાયેલા નેતાઓ પ્રત્યે કડક વલણ અપનાવ્યું હોવાનો સંદેશ આપવાનો પ્રયાસ કર્યો છે. આ ઘટનાથી દાહોદ અને આસપાસના પંથકમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. સ્થાસનિક ભાજપ કાર્યકરો અને જનતામાં પણ આ મામલે વિવિધ ચર્ચાઓ ચાલી રહી છે. અગાઉ પણ આવા કિસ્સાઓમાં પક્ષ દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા હોવાથી, બચુભાઈ ખાબડના રાજકીય ભવિષ્યે અને પક્ષમાં તેમની સ્થિતિ અંગે અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. ■

## રાજકોટમાં સમૂહ લગ્નના નામે ઠગાઈ કરનારો મુખ્ય આરોપી આખરે ઝડપાયો

અમદાવાદઃ રાજકોટના સમૂહ લગ્નમાં થયેલા છેતરપિંડીના મામલે પોલીસને આખરે સફળતા મળી હતી. રાજ્યભરમાં ચકચાર મચાવનાર સમૂહ લગ્નનો મુખ્ય આરોપી અંતે ઝડપાયો હતો. સમૂહલગ્નની છેતરપિંડીની ઘટના બાદ આરોપી સુરત, નડિયાદ સહિતનાં સ્થળોએ નાસ્તો ફરતો હતો. આ ગુનામાં અગાઉ ત્રણ આરોપીઓ પણ પકડાઈ ચૂક્યા છે જ્યારે મુખ્ય આરોપી ફરાર હતો, જે આખરે પકડાયો હતો. પોલીસ ગામોમાં ફાફા મારતી રહી અને આરોપી પોતાના જ ઘરે છુપાઈને બેસી રહ્યો હતો. આ શખ્સ પર ૨૮ યુગલોને લગ્નના દિવસે રઝળાવ્યા હોવાનો આરોપ છે. રાજકોટમાં ૨૨ ફેબ્રુઆરીએ સમૂહ લગ્ન કાંડ થયો હતો. મુખ્ય આયોજક ચંદ્રેશ છત્રોલા સહિત ચાર આયોજકો દ્વારા રાજકોટમાં સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમૂહ લગ્નમાં વર પક્ષ તેમજ કન્યા પક્ષ પાસેથી ૪૦ હજાર રૂપિયા ઉઘરાવ્યા હતા. તો દાતાઓ પાસેથી લાખોનું દાન અને કરિયાવર પણ વસૂલ કર્યું હતું. ૨૮ જેટલા યુગલો લગ્ન સ્થળ પર પહોંચ્યા હતા. જોકે લગ્નના તમામ આયોજકોએ દિવસે ફોન બંધ કરી દીધા હતા. જેથી લગ્ન માટે પહોંચેલા વર પક્ષ અને કન્યા પક્ષના શુભ પ્રસંગને રઝળાવી નાખ્યો હતો. ૨૮ યુગલો પૈકી ૧૧ યુગલોના લગ્ન પોલીસે કરાવ્યા હતા તેમજ દાતાઓએ પણ સહયોગ આપ્યો હતો. ■

## અરબી સમુદ્રમાં ડિપ્રેશન નબળું પડતાં રાજ્યના જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે ગરમી પડે છે. અમદાવાદમાં રવિવારે સાંજે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. ભારે પવન સાથે ધૂળની ડમરી ઉડી હતી તેમજ અમૂક વિસ્તારમાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડ્યા હતા. રાજયમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી પહોંચ્યું હતું. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. વડોદરામાં પણ રવિવારે રાત્રે ગાજવીજ સાથે ભારે વરસાદ નોંધાયો હતો.

અરબી સમુદ્રમાં ડિપ્રેશન નબળું પડ્યું છે. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતમાં બે દિવસ ભારે વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત ૫૦ થી ૬૦ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ આગાહી કરી છે. માછીમારોને દરિયો નહીં ખેડવા માટે સૂચના આપવામાં આવી હતી. તેમજ રાજ્યમાં ૨૯ મે સુધી સાર્વત્રિક વરસાદની આગાહી કરી છે. આવતીકાલથી પવનની ગતિ ધીમે ધીમે ઓછી થશે.

અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી નોંધાયું હતું. હવામાન વિભાગે આપેલા આંકડા મુજબ રવિવારે રાજ્યમાં ૩૩.૪ ડિગ્રીથી લઈને ૪૨ ડિગ્રી વચ્ચે મહત્તમ તાપમાન નોંધાયું હતું. જેમાં ૪૨ ડિગ્રી મહત્તમ તાપમાન સાથે સુરેન્દ્રનગર રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. વેરાવળમાં ૩૩.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગ દક્ષિણ ગુજરાતના નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી કરી છે. આ સિવાય ઉત્તર ગુજરાતના પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લીમાં પણ પવન સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. આ ઉપરાંત ખેડા, અમદાવાદ, આણંદ, પંચહમલા, દાહોદ, મહિસાગર તેમજ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ■

## બૅન્કના નિવૃત્ત મહિલાકર્મીના ક્રેડિટ કાર્ડમાંથી ૧.૬૫ લાખ બારોબાર ઉપાડી લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ગાંધીધામ શહેરના સપના નગરમાં રહેતા બૅન્કના નિવૃત્ત મહિલા કર્મચારીને ક્રેડિટકાર્ડમાં લિમિટ વધારવાના બહાને સાઇબર ક્રિમિનલોએ રૂ.૧,૬૮,૫૬૭ સેરવી લેતાં ચકચાર મચી ગઈ હતી. એસબીઆઈમાંથી નિવૃત્ત થયેલા ધનલક્ષ્મીબેન શૈલેશ ગોર નામના મહિલાએ સાઇબર પોલીસને જણાવ્યું હતું કે, ગત તા. ૨૫-૪ના બપોરે અજાણ્યા નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. ફોન કરનારે એચ.ડી.એફ.સી. બૅન્કના ક્રેડિટકાર્ડ કોના નામે છે, તેવું પૂછતાં ફરિયાદીએ પોતાના પતિના નામે હોવાનું કહ્યું હતું. આ કાર્ડમાં ક્રેડિટ વધારવી છે તેવું પૂછતાં ફરિયાદીએ હા પાડી હતી. બાદમાં થોડીવાર બાદ ફરીથી વોટ્સએપ વીડિયો કોલ આવ્યો હતો, જેમાં મીરાં નામની બેંકના યુનિફોર્મ જેવો વેશ ધારણ કરનાર યુવતીએ ધનલક્ષ્મી બેન પાસેથી ક્રેડિટ કાર્ડની તમામ વિગતો માગી હતી. જેમાં કાર્ડના નંબર, સીવીવી નંબર, એક્સપાયરી, નામ વગેરે વિગતો તેમણે આપી હતી. એકાદ કલાક ચાલેલા કોલમાં મીરાંએ ફોન કટ ન કરવા અને પ્રોસેસ ચાલુમાં હોવાનું તથા ક્રેડિટ લિમિટ ૫,૬૦,૦૦૦ થઇ ગયાનું કહ્યું હતું. ■

## લિવ-ઇનમાં રહેતા પ્રેમીપંખીડાનું સુરતના ડુમસમાં રહસ્યમય મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં એક ચોંકાવનારી ઘટના ઘટી હતી. ડુમસ દરિયા કિનારે બે પ્રેમીપંખીડાનું રહસ્યમય રીતે મોત થયું હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. સુરતના વરાછા વિસ્તારમાં રહેતા કાંતિભાઈ ડોબરિયાના પુત્ર ભૌમિક ડોબરિયા અને ઉધના વિસ્તારની યુવતી દિક્ષિતા નરેન્દ્રભાઈ ચૌહાણ એક બીજાને પ્રેમ કરતા હોવાથી લિવ-ઇનમાં રહેતા હતા. પરંતુ આ બન્ને પ્રેમીપંખીડાના રહસ્યમય મોતથી શહેરમાં શોક અને આશ્ચર્યનું મોજું ફરી વળ્યું હતું.

ભૌમિક અને દિક્ષિતા છેલ્લા એક વર્ષથી એકબીજાને પ્રેમ કરતા હોવાથી જાન્યુઆરી ૨૦૨૪માં ઘરના વિરુદ્ધ જઈને ભાગીને લગ્ન કર્યાં હતાં. જેથી દિક્ષિતાના પરિવારજનોએ પોલીસને જાણ કરી હતી. દિક્ષિતા થોડા સમય બાદ પોલીસ સમક્ષ હાજર પણ થઈ હતી. પરિવારે ઘણી સમજાવી હતી, પરંતુ તે ભૌમિક સાથે રહેવા માગતી હતી, જેથી પરિવારે પણ તેમને સાથે રહેવાની મંજૂરી આપી દીધી હતી. આ બન્ને રાજસ્થાનના સરહદી વિસ્તારમાં લિવ ઈનમાં રહેતા હતાં, પરંતુ તેઓ અચાનક સુરત ફરવા માટે આવ્યાં અને અહીં તેમનું રહસ્યમય રીતે મોત થયું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, ભૌમિકે ૧૦૮ને કોલ કરીને દિક્ષિતાની હાલત ખરાબ હોવાની જાણ કરી હતી, જે બાદ બન્નેને હૉસ્પિટલ લઈ જવામાં આવ્યાં હતાં. હૉસ્પિટલમાં ફરજ પરના તબીબે દિક્ષિતાને મૃત જાહેર કરી હતી. એટલું જ નહીં પરંતુ રાત્રે દીક્ષિતાનું મોત થયું અને સવારે ભૌમિકનું પણ મોત થયું હતું. પોલીસે આ મામલે હત્યાની શંકા હોવાથી તપાસ હાથ ધરી છે. ઘટનાસ્થળ પરથી બે સિમકાર્ડ, ત્રણ ટ્રેન ટિકિટ, ચાર્જર, દાતિયો, માચિસ, નેઇલ પોલિશ અને થમ્સઅપની બોટલ મળી હતી. આ તમામ પુરાવાને ફોરેન્સિક તપાસ માટે મોકલી દેવામા આવ્યાં છે. ■

## સુરતમાં માત્ર એક જ મહિનામાં બે મહિલા પર પોક્સો ઍક્ટ લાગ્યો

અમદાવાદઃ સુરતમાં છેલ્લા એક જ મહિનામાં બે પોક્સોના કેસ થયા છે. જો કે, ચોંકાવનારી વાત એ છે કે, આ બન્ને પોક્સોના કેસ મહિલા પર થયાં છે. પહેલા ૨૩ વર્ષની શિક્ષિકા ૧૧ વર્ષના છોકરાને ભગાડી ગઈ હતી. તેની પાસે પોક્સનો કેસ દાખલ થયો હતો, જ્યારે ફરી એક એવો જ કેસ પ્રકાશમાં આવ્યો છે. ૧૯ વર્ષની યુવતી ૧૭ વર્ષની છોકરાને ભગાડી ગઈ હતી. એટલું જ નહીં, પરંતુ આ દરમિયાન તેણે ૧૭ વર્ષના સગીર છોકરા સાથે અનેક વખત શારીરિક સંબંધ બાંધ્યો હોવાથી તેની સામે પણ પોક્સો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

આ યુવતી ૧૭ વર્ષીય કિશોરનું અપહરણ કરીને મહારાષ્ટ્ર લઈ ગઈ હતી. અહીં જલગાંવ જિલ્લામાં બે મહિના સુધી એક ઝૂંપડામાં રાખીને અનેક વખત તેનું યૌનશોષણ પણ કર્યું હતું. આ સમગ્ર હકીકત સામે આવતા બહાર આવતાં પોલીસે તેની ધરપકડ કરી હતી. આ પહેલા પણ અનેકવાર છોકરા સાથે શરીરસંબંધ બાંધ્યા હોવાની સગીરની કબૂલાત કરી છે, જેથી કોર્ટમાંથી મંજૂરી લઇને યુવતી વિરુદ્ધ પોક્સોની કલમ ૪, ૬, ૮ અને ૧૨નો ઉમેરો કરીને કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

યુવતી બાળપણથી જ છોકરાને જાણતી હોવાનું તેણે કહ્યું છે, જ્યારે સામે સગીર છોકરો હિરાના કારખાનામાં નોકરી કરતો હતો. સોશિયલ મીડિયા દ્વારા બન્ને લોકોએ વાતચીત શરૂ કરી હતી અને પછી વાત વધારે આગળ વધી ગઈ હતી. એટલું જ નહીં, પરંતુ યુવતીના માતા-પિતા બહાર હોય તે વખતે સગીરને બોલાવી તેની સાથે દુષ્કર્મ કરતી હતી. ■

## ફાઈનાન્સર લૂંટાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના માંડવી શહેરમાં ગોલ્ડ લોનના સંદર્ભમાં અમદાવાદથી આવેલા ફાઇનાન્સર સાથે તીક્ષ્ણ હથિયારની નોક પર રૂપિયા પાંચ લાખની લૂંટ આચરવામાં આવતાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

અમદાવાદના ઓમ પરેશ શાહે માંડવીના પોલીસ મથકે સલાયાના અવેશ અલીમામદ સોઢા અને તેના બે સાગરીતો સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ઓમ ફાઈનાન્સ નામની પેઢી માટે કામ કરે છે. થોડા દિવસો અગાઉ ઈન્સ્ટાગ્રામ પર ગોલ્ડ લોનની જાહેરાત કરી હતી. આ સંદર્ભમાં અવેશ સાથે અઠવાડિયા પહેલાં તેમનો પરિચય થયો હતો. આરોપીએ પોતાનું સોનું મુથૂટ ફીનકોર્પ લોનમાં હોવાનું જણાવી લોન લીધેલું સોનું છોડાવી આપી યોગ્ય વળતર આપવાની બંને વચ્ચે વાત થઈ હતી, જેથી ફરિયાદી અમદાવાદથી માંડવી આવ્યા હતા. મુથૂટ ફીનકોર્પની ઓફિસે જવા માટેનો રસ્તો સાંકડો હોવાનું જણાવીને આરોપીએ એક્ટિવા પાછળ બેસી જવા કહ્યું હતું. ■

દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 124 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ વૈશાખ વદ - 30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 May 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૨૭ મે ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


▶ થાણે, પાલઘર, કલ્યાણમાં પણ ભારે વરસાદ ▶ ટ્રેનસેવા, વાહનવ્યવહાર ખોરવાયાં

# મુંબઈમાં વરસાદે ૧૦૭ વર્ષ જૂનો વિક્રમ તોડ્યો









**ભારે વરસાદઃ** મુંબઈમાં સોમવારે ભારે વરસાદને લીધે મસ્જિદ બંદર રેલવે સ્ટેશન પાસે ટ્રેન વ્યવહાર ખોરવાતા રેલવે ટ્રેક પર ચાલીને જતા મુસાફરો. (અમય ખરાડે)



મુંબઈઃ દેશની આર્થિક રાજધાની મુંબઈને સોમવારે વરસાદે ધમરોળ્યું હતું. મહાનગરમાં મે મહિનામાં સૌથી વધુ વરસાદનો ૧૦૭ વર્ષ જૂનો એટલે કે ૧૯૧૮ની સાલનો વિક્રમ તોડ્યો હતો. થાણે, પાલઘર, કલ્યાણમાં પણ ભારે વરસાદ પડ્યો હતો. ટ્રેન સેવા અને વાહનવ્યવહારને માઠી અસર થઈ હતી. મહારાષ્ટ્રમાં ભારે વરસાદ સાથે વીજળી પડવાથી એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું, જ્યારે ૪૮ જણને ઉગારાયા હતા.

અગાઉ, મુંબઈમાં ૧૦૭ વર્ષ પહેલાં મે મહિનામાં ૨૭૯.૪ મિલિમીટર વરસાદ પડવાનો વિક્રમ સોમવારે સવારે તૂટ્યો હતો અને ચાલુ મહિને (જુઓ પાનું ૨) ▶▶


**પૂ. શ્રી મગનબાપા (સુણાવ) - 'શતાયુની ભક્તિયાત્રા'**



(પ.કૃ.દેવને ઓળખીને ઓળખાવનાર)
૧૦મું દેહવિલય વર્ષ નિમિત્ત
**સત્સંગ-વાંચન કાર્યક્રમ:**
તારીખ ૨૭ થી ૩૦ મે, ૨૦૨૫
યુ ટ્યૂબ ચેનલ -
RAJBHAKTI - DR. DEEPAK TURAKHIA
સૌજન્ય- એક જિજ્ઞાસુ પરિવાર

KParth


## આપણી બહેનોનું સિંદૂર ઉજાડનારનો અંત નિશ્ચિત છે : મોદી



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના ગુજરાતના પ્રવાસે આવ્યા છે. ગુજરાત પ્રવાસ દરમિયાન વડા પ્રધાન મોદી ચાર શહેરોમાં મોટા રોડ શો યોજવાના છે. જે અંતર્ગત નરેન્દ્ર મોદીનો પહેલો રોડ શો ૨૬ મેના વડોદરા ખાતે યોજાયો હતો, ત્યાર બાદ તેઓ દાહોદ પહોંચ્યા હતા. દાહોદમાં એક રેલીને સંબોધતા, વડા પ્રધાને ઓપરેશન સિંદૂરની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે તે માત્ર લશ્કરી (જુઓ પાનું ૨) ▶▶






## કોવિડના દરદીઓની સંખ્યા ૧,૦૦૦ને પાર

નવી દિલ્હી : ભારતમાં સોમવારે કોવિડ-૧૯ના ૧,૦૦૯ સક્રિય કેસ હતા, એવી માહિતી આરોગ્ય અને કુટુંબ કલ્યાણ ખાતાએ આપી હતી. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ૭૫૨ નવા કેસને સમર્થન મળતાં કુલ સક્રિય કેસની સંખ્યા ૧,૦૦૯ થઈ ગઈ હતી.

મહારાષ્ટ્ર, કેરળ, દિલ્હી એનસીઆર અને કર્ણાટકમાં કોરોનાના દરદીની સંખ્યા વધતી જાય છે. કર્ણાટકમાં પ્રથમ મરણ નોંધાયું હતું. ૮૫ વર્ષના વૃદ્ધના અનેક અંગો નિષ્ફળ જતાં તેનું મરણ થયું હતું. બેંગ્લૂરુમાં ૩૦થી વધારે કેસ નોંધાતા કર્ણાટક સરકારે શ્વાસની બીમારી ધરાવતા દર્દી માટે કોવિડનું પરીક્ષણ ફરજિયાત બનાવામાં આવ્યું છે.

સૌથી વધારે કેસ કેરળમાં નોંધાયા છે. ત્યાં ૩૩૫ કેસનો વધારો થયો છે. મહારાષ્ટ્ર ૧૫૩ કેસ સાથે બીજા નંબરે છે.

દિલ્હીમાં કોરોનાના ૧૦૪ સક્રિય દર્દી છે. આરોગ્ય અધિકારીના જણાવ્યા પ્રમાણે ગયા અઠવાડિયે ૨૪ દર્દી સાજા થયા હતા. ગયા અઠવાડિયે દિલ્હીમાં સક્રિય દર્દીની સંખ્યા (જુઓ પાનું ૨) ▶▶








LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારત ચોથું સૌથી મોટું અર્થતંત્ર બન્યું નથી, આગાહી કરાઈ છે

**ભારત** ખરેખર સત્તાવાર રીતે જાપાનને પછાડીને વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે ? નીતિ આયોગના ચીફ એક્ઝીક્યુટિવ ઓફિસર (CEO) બી.વી.આર સુબ્રહ્મણિયમે શનિવારે એક પ્રેસ કોન્ફરન્સમાં આ એલાન કર્યું પછી ચોતરફ ભારત વિશ્વની ચોથી સૌથી મોટી આર્થિક મહાસત્તા બની ગયું હોવાની વધાઈઓ ખવાઈ રહી છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને શનિવારે નીતિ આયોગની ૧૦મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠક મળી પછી પત્રકાર પરિષદમાં સુબ્રહ્મણિયમે ભારતીય અર્થતંત્રની સિધ્ધી વિશે માહિતી આપી પછી સોશિયલ મીડિયામાં તો દેશપ્રેમનું પૂર જ આવી ગયું છે પણ મેઈનસ્ટ્રીમ મીડિયાએ પણ આ સમાચારને હેડલાઈન બનાવીને એવું ચિત્ર ઊભું કરી દીધું છે કે, ભારતની જીડીપી ખરેખર ૪ ટ્રિલિયન ડોલરને પાર થઈ ગઈ છે અને ભારત વિશ્વમાં ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે.

વાસ્તવિકતા કંઈક અલગ જ છે. વાસ્તવિકતા એ છે કે, ભારત વિશ્વમાં ચોથા નંબરની સૌથી મોટી આર્થિક મહાસત્તા બની નથી પણ બની શકે છે એવી આગાહી કરાઈ છે. અત્યારે તો ભારત વિશ્વનું પાંચમું સૌથી મોટું અર્થતંત્ર જ છે અને જાપાન કરતાં પાછળ જ છે પણ ભારત ધારણા પ્રમાણે આર્થિક વિકાસ કરશે તો ૨૦૨૬ના માર્ચ સુધીમાં વિશ્વમાં ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર હશે.

મજબૂત સ્થાનિક માગ, અનુકૂળ વસ્તી વિષયક વલણો અને નીતિગત સુધારાઓને કારણે છેલ્લાં કેટલાંક વરસોથી ભારતનું અર્થતંત્ર વાર્ષિક ૬-૭ ટકાનો વિકાસ દર જાળવી રહ્યું છે, આ જ વિકાસ દર ચાલુ રહે તો ભારત ૨૦૨૫ના અંત સુધીમાં પણ વિશ્વની ચોથી સૌથી મોટી આર્થિક મહાસત્તા બની જઈ શકે એવી આગાહ થઈ છે.

વિશ્વમાં ક્યા દેશની જીડીપી કેટલી છે અને ક્યા દેશના અર્થતંત્રનું રેન્કિંગ કેટલું છે એ નક્કી ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) કરે છે. આઈએમએફ દ્વારા સત્તાવાર રીતે ભારત વિશ્વમાં ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું હોવાની જાહેરાત પણ કરાઈ નથી.

સુબ્રહ્મણિયમે આઈએમએફના ડેટાનો હવાલો આપીને દાવો કર્યો કે, હવે આ ક્ષણે આપણે વિશ્વમાં ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર છીએ અને આપણે ૪ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બન્યા છીએ. હવે જાપાન કરતા ભારતનું અર્થતંત્ર મોટું છે અને જીડીપીના મામલે ફક્ત અમેરિકા, ચીન અને જર્મની જ ભારત કરતા આગળ છે.

નીતિ આયોગના સીઈઓએ એવો દાવો પણ કર્યો કે, આપણે આપણા આયોજન અને વિચારો પર ટકી રહીશું તો અઢી-ત્રણ વર્ષમાં ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બની જઈશું. સુબ્રહ્મણિયમે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)ના ડેટાનો હવાલો આપીને ભારત ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું એવો દાવો કર્યો પણ વાસ્તવમાં આઈએમએફના રિપોર્ટમાં એવું કશું કહેવાયું નથી.

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) દર ૬ મહિને એટલે કે વરસમાં બે વાર વર્લ્ડ ઇકોનોમિક આઉટલુક રિપોર્ટ બહાર પાડે છે. એપ્રિલમાં અને ઓક્ટોબરમાં એમ વરસમાં બે વાર આ રિપોર્ટ આવે છે. વર્લ્ડ ઇકોનોમિક આઉટલુક રિપોર્ટમાં વૈશ્વિક આર્થિક વલણો અને નીતિગત પડકારોની ચર્ચા કરાય છે અને તેના આધારે આગાહીઓ કરાય છે. આ રિપોર્ટ દુનિયાભરના દેશો ટૂંકા અને મધ્યમ ગાળામાં કેવો આર્થિક વિકાસ કરશે તેની શક્યતાઓ સંભાવનાઓનું વિશ્લેષણ રજૂ કરે છે.

એપ્રિલમાં બહાર પડાયેલા વર્લ્ડ ઇકોનોમિક આઉટલુક રિપોર્ટમાં ભારતનું અર્થતંત્ર સારી પ્રગતિ કરશે એવી આગાહી કરાઈ છે. આ રિપોર્ટ પ્રમાણે નાણાકીય વર્ષ ૨૦૨૬ એટલે કે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં ભારતની નોમિનલ જીડીપી લગભગ ૪.૧૮૭ ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાની ધારણા છે જ્યારે જાપાનની નોમિનલ જીડીપી ૪.૧૮૬ ટ્રિલિયન ડોલર કરતાં થોડીક વધારે હશે. મતલબ કે, ભારતની જીડીપી જાપાનની જીડીપીથી નજીવી વધારે હશે તેથી ભારત જાપાનને છોડીને ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની જશે.

આ રિપોર્ટ પ્રમાણે ભારત ૨૦૨૫માં જ જાપાનને પાછળ છોડીને ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની જાય એવી શક્યતા છે અને ૨૦૨૮ સુધીમાં ભારત જર્મનીને પછાડીને અમેરિકા અને ચીન પછી વિશ્વમાં ત્રીજા નંબરની સૌથી મોટી આર્થિક મહાસત્તા હશે. આઈએમએફની વેબસાઈટ પર આ રિપોર્ટ પડ્યો જ છે ને જેમને વિશ્વાસ ના બેસતો હોય એ લોકો સત્ય તપાસી જ શકે છે.

ટૂંકમાં આ બધી આગાહીઓ છે અને આપણે આશા રાખીએ કે, આ આગાહીઓ સાચી પડે. હજુ મે મહિનો ચાલે છે અને ૨૦૨૬નું નાણાકીય વર્ષ પૂરું થવા આડે હજુ ૧૦ મહિના બાકી છે એ જોતાં આ આગાહીને સાચી પાડવા માટે ભારત પાસે પૂરતો સમય છે પણ અત્યારથી ભેંસ ભાગોળે, છાસ છાગોળે ને ઘરમાં ધમાધમ કરવાની જરૂર નથી.

નીતિ આયોગના સીઈઓએ આગાહીને આજની વાસ્તવિકતા ગણાવીને જૂઠાણું કેમ ચલાવ્યું તેની તેમને જ ખબર પણ દેશનાં લોકોએ અતિ ઉત્સાહમાં આવી જવાના બદલે એક અત્યંત મહત્ત્વની વાત વિચારવા જેવી છે કે સરકારના વડા એવા વડા પ્રધાન નરેન્દ્ર મોદી પોતે પોતાના શાસનકાળમાં મેળવેલી સિદ્ધિ વિશે ચૂપ છે ને નીતિ આયોગના સીઈઓ વધાઈઓ ખાય છે.

શનિવારે નીતિ આયોગની ૧૦મી ગવર્નિંગ કાઉન્સિલની બેઠક વડા પ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને મળી પછી પત્રકાર પરિષદમાં સુબ્રહ્મણિયમે ભારત ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું હોવાનો દાવો કર્યો. સવાલ એ છે કે, થોડા કલાકો પહેલાં નરેન્દ્ર મોદીએ નીતિ આયોગની બેઠકમાં દેશના તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓની હાજરીમાં આ જાહેરાત કેમ ના કરી?

ખરેખર ભારત ચોથા નંબરનું અર્થતંત્ર બની ગયું હોય તો આ સિદ્ધિ મોટી ગણાય ને તેની જાહેરાત વડા પ્રધાને કરી જ હોત પણ મોદીએ ના કોઈ જાહેરાત કરી કે ના કોઈ ઉલ્લેખ કર્યો કેમ કે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ દ્વારા આગાહી કરાઈ છે, ભારત વિશ્વમાં ચોથા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું હોવાની સત્તાવાર જાહેરાત નથી કરાઈ તેની મોદીને ખબર જ છે. બાકી મોદીએ સત્તાવાર રીતે જ આ જાહેરાત કરી હોત અને પોતાના છેલ્લા બે દિવસના કાર્યક્રમોમાં તેનો ઉલ્લેખ પણ કર્યો હોત. તેના બદલે મોદી આ મુદ્દે બિલકુલ ચૂપ છે.

આ સમાચારે મીડિયાની વિશ્વસનિયતા સામે પણ સવાલ ઊભા કર્યા છે. કોઈ પણ વ્યક્તિ કંઈ પણ કહી દે ને મીડિયા તેના આધારે હઈસો હઈસો કરીને સમાચાર છાપી નાંખે એ શરમજનક કહેવાય. મીડિયાનું કામ લોકો સામે સત્ય મૂકવાનું છે અને એ સત્ય ચકાસણી કરેલું હોવું જોઈએ. કોઈએ રજૂ કરેલા જૂઠાણાંને સત્ય તરીકે રજૂ કરીને લોકોને ગેરમાર્ગે દોરવા અક્ષમ્ય અપરાધ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ,
મંગળવાર, તા. ૨૭-૫-૨૦૨૫

- ભારતીય દિનાંક ૬, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, વૈશાખ વદ -૩૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ વદ-૩૦
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૩૦મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
- નક્ષત્ર રોહિણી મધ્યરાત્રિ પછી ક. ૨૬-૫૦, પછી મૃગશીર્ષ
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૭, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી-ઓટ
- ભરતીઃ બપોરે ક. ૧૨-૧૪, રાત્રે ક. ૨૩-૫૪
- ઓટઃ સાંજે ક. ૧૮-૧૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ - અમાવસ્યા. ભાવુકા અમાવસ્યા, ઘનિષ્ઠા નવક સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૫૨ (તા. ૨૮), પ્રતિપદા ક્ષય તિથિ છે. ઈષ્ટિ. દશહરા આરંભ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ તીર્થમાં સ્નાન, શ્રાદ્ધ, જપ, તપ, દાન, બ્રાહ્મણ, સાધુ-સંતો, જરૂરતમંદોને દાન, ભોજનનો મહિમા, ચંદ્ર-મંગળ ગ્રહદેવતાનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, જાંબુના વૃક્ષ વાવવા, જાંબુના ઔષધીય પ્રયોગો, બગીચાના કામકાજ, પાટ-અભિષેક પૂજા, હનુમાનચાલીસા પાઠ, સુંદરકાંડ, પાટ-કિર્તન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય યુતિ લોકોમાં માનીતા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય યુતિ (વૈશાખ અમાસ યોગ)
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-કર્ક, બુધ- વૃષભ, ગુરુ-મિથુન, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર ■

# કેરળ, કર્ણાટકમાં ભારે વરસાદ

તિરુવનંતપુરમઃ કેરળ અને કર્ણાટકમાં વરસાદે ભારે વિનાશ વેર્યો હતો. ભારે વરસાદને પગલે નિર્માણ પામેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અનેક વિસ્તારમાં લોકોને સલામત સ્થળે કે પછી રાહત છાવણીમાં ખસેડવામાં આવ્યા હતા.

વાયવ્યનું ચોમાસું આંધ્ર પ્રદેશના રાયલસીમા વિસ્તારમાં પણ પ્રવેશ્યું હોવાનું આંધ્ર પ્રદેશ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઑથોરિટી (એપીએસડીએમએ)એ સોમવારે કહ્યું હતું.

ભારે વરસાદની રાજ્યના ગામડાંઓ, શહેરો અને નગરોમાં ભારે અસર જોવા મળી હતી. જળાશયોમાં પાણીનું સ્તર વધી જતાં અનેક જિલ્લામાં જોખમ ઊભું થયું હતું. અનેક જગ્યાએ વૃક્ષો મૂળમાંથી ઊખડી ગયા હતા. વાયનાડના સૂલતાન બાથરીના પુઝહામકુની હેમ્લેટ વિસ્તારમાં અનેક આદિવાસી પરિવારોને રાહત છાવણીમાં ખસેડવામાં આવ્યા હતા. બાથરીમાં રાહત શિબિરો ખોલવામાં આવી હતી. રાહત કામગીરી માટે એનડીઆરએફની ટીમને પણ બોલાવવામાં આવી હતી.

સતત પડેલા ભારે વરસાદને લીધે ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો જેને પગલે થ્રિસૂર જિલ્લામાં પોલીસ અને અગ્નિશમન દળના અધિકારીઓ માટે રાહત તેમ જ બચાવ કામગીરી મુશ્કેલ બની હતી.

થ્રીસૂર-ગુરુવાયુર રેલવે ટ્રેક પર અનેક વૃક્ષ પડતાં રેલ વ્યવહાર ખોરવાયો હતો. આ વૃક્ષોને રેલવે ટ્રેક પરથી હટાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. અત્તાપ્પાડી, નેલિયામ્પથી સહિત પાલક્કડ જિલ્લામાં ભારે વરસાદને કારણે જનજીવન ખોરવાયું હતું. (એજન્સી) ■

# પુતિનની ડાગળી ચસકી ગઈ છેઃ ટ્રમ્પ

કીવઃ રશિયાએ યુક્રેન પર રવિવારે રાત્રે ત્રણ વર્ષથી ચાલી રહેલા યુદ્ધમાં અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન હુમલો કર્યો હતો. યુક્રેનના એક અધિકારીએ સોમવારે આ જાણકારી આપી હતી. યુક્રેન પર હુમલા બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન યુક્રેન પર બોમ્બમારો વધારીને 'પાગલ' થઇ ગયા છે જ્યારે અમેરિકા શાંતિ સ્થાપવાનો પ્રયાસ કરી રહ્યું છે.

યુક્રેન એરફોર્સના કોમ્યુનિકેશન વિભાગના વડા યુરી ઇહનાતે ન્યૂઝ એજન્સી એપીને જણાવ્યું હતું કે રવિવારે રાત્રે રશિયાએ ૩૫૫ ડ્રોનથી યુક્રેન પર હુમલો કર્યો હતો. યુક્રેનિયન અધિકારીઓએ જણાવ્યું હતું કે રશિયાએ હુમલા દરમિયાન નવ ક્રૂઝ મિસાઇલો પણ છોડી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે કેટલાક નાગરિકો ઘાયલ થયા છે. તાત્કાલિક કોઈના મૃત્યુના અહેવાલ નથી.

શનિવારે રાત્રે યુક્રેનની રાજધાની કિવ અને અન્ય પ્રદેશો પર રશિયન ડ્રોન અને મિસાઇલો દ્વારા કરવામાં આવેલા સંયુક્ત હુમલામાં ઓછામાં ઓછા ૧૨ લોકો માર્યા ગયા અને ડઝનેક ઘાયલ થયા હતા. યુક્રેનિયન અધિકારીઓએ આ હુમલાને રશિયાનો સૌથી મોટો હવાઈ હુમલો ગણાવ્યો હતો. જેમાં વિવિધ પ્રકારની ૬૯ મિસાઇલો અને ૨૯૮ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.જોકે રશિયન અધિકારીઓ તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી પણ કરવામાં આવી નથી.

યુરોપિયન નેતાઓના સમર્થનથી અમેરિકાએ યુદ્ધ રોકવા માટે પ્રયાસો કર્યા છે, પરંતુ તેમને કોઈ સફળતા મળી નથી. યુદ્ધવિરામ કરાવવા અને શાંતિપૂર્ણ ઉકેલ સુધી પહોંચવાના પ્રયાસોમાં બંને પક્ષોને જોડવાના પ્રયાસોના બહુ ઓછાં પરિણામો મળ્યાં છે.

ટ્રમ્પે સોશ્યલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું કે, "મારા રશિયાના વ્લાદિમીર પુતિન સાથે હંમેશાં ખૂબ સારા સંબંધો રહ્યા છે, પરંતુ તેમને કાંઈક એવું બન્યું છે તેઓ એકદમ પાગલ થઈ ગયા છે! ... તેઓ કોઈ કારણ વગર ઘણા લોકોને મારી રહ્યા છે અને હું ફક્ત સૈનિકો વિશે વાત નથી કરી રહ્યો. યુક્રેનનાં શહેરોમાં કોઈ પણ કારણ વગર મિસાઇલો અને ડ્રોનથી હુમલો કરવામાં આવી રહ્યો છે."

ટ્રમ્પે પોતાની પોસ્ટમાં ઝેલેન્સ્કીની પણ ટીકા કરતા કહ્યું કે, યુક્રેનિયન રાષ્ટ્રપતિ "જે રીતે વાત કરે છે તે રીતે બોલીને પોતાના દેશનું કોઈ ભલું નથી કરી રહ્યા... તેમના મોંમાંથી નીકળતી દરેક વસ્તુ સમસ્યાઓનું કારણ બને છે. મને તે ગમતું નથી, અને તે બંધ કરવું વધુ સારું છે." ■

# આ વર્ષથી ભારતીય શાળાઓમાં ઓસ્ટ્રેલિયન અભ્યાસક્રમનો વિકલ્પ

નવી દિલ્હી : એસોસિએશન ઓફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ (એઆઈયુ) એ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયન સર્ટિફિકેટ ઓફ એજ્યુકેશન (વાશ)ને વિદેશી બોર્ડ સમકક્ષતા આપી છે, જેનાથી ભારતીય શાળાઓમાં અભ્યાસક્રમ ઔપચારિક રીતે રજૂ કરવાનો માર્ગ મોકળો થયો છે.

વાશ એ ઓસ્ટ્રેલિયન સરકાર તરફથી વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત સિનિયર સેકન્ડરી અભ્યાસક્રમ છે. પશ્ચિમ ઓસ્ટ્રેલિયા સરકારની વૈધાનિક સંસ્થા, સ્કૂલ કરિક્યુલમ એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી (એસસીએસએ), વાશ કાર્યક્રમનું સંચાલન કરે છે.

સિંગાપોર, ચીન, જાપાન અને મલેશિયા સહિત ૧૬થી વધુ દેશમાં ૩૭ વર્ષથી વધુ સમય સુધી વાશ તેના ભવિષ્ય માટે તૈયાર અભ્યાસક્રમ માટે જાણીતું છે જે શૈક્ષણિક ઊંડાણ, કૌશલ્ય વિકાસ અને વૈશ્વિક યુનિવર્સિટીનાં માર્ગો પર ભાર મૂકે છે.

બોર્ડ આગામી ત્રણ વર્ષમાં ભારતમાં ૧૦૦ શાળાને ઓનબોર્ડ કરવાની યોજના ધરાવે છે.

વાશમાં નોંધાયેલા ભારતીય વિદ્યાર્થીઓનો પ્રથમ સમૂહ ૨૦૨૬માં અભ્યાસનો તેમનું પ્રથમ વર્ષ પૂર્ણ કરશે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ■

# જાસૂસી કરવાના આરોપસર સીઆરપીએફના જવાનની ધરપકડ

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઇએ)એ પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર સીઆરપીએફના એક જવાનની ધરપકડ કરી છે. આ જાણકારી અધિકારીઓએ સોમવારે આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર આરોપી મોતી રામ જાટ જાસૂસી પ્રવૃતિમાં સક્રિય રીતે સામેલ હતો. તે ૨૦૨૩થી રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત ગુપ્ત માહિતી પાકિસ્તાનના ગુપ્તચર અધિકારીઓ (પીઆઇઓ)ને આપી રહ્યો હતો. સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)માં આસિસ્ટન્ટ સબ-ઇન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતો જાટ વિવિધ માધ્યમો દ્વારા પીઆઇઓ પાસેથી નાણાં મેળવતો હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે આતંકવાદ વિરોધી એજન્સીએ જાટની દિલ્હીથી ધરપકડ કરી છે અને તેની પૂછપરછ કરી રહી છે. આ દરમિયાન સીઆરપીએફએ તેમને સેવામાંથી બરતરફ કરી દીધો હોવાનું જણાવ્યું છે.

સીઆરપીએફના એક નિવેદનમાં જણાવ્યા મુજબ સીઆરપીએફએ કેન્દ્રીય એજન્સીઓ સાથે સંકલનમાં રહીને જાટની સોશિયલ મીડિયા પ્રવૃતિ પર જીણવટપૂર્વક નજર રાખવાનું શરૂ કર્યું ત્યારે તે શંકાના દાયરામાં આવ્યો હતો. આ દરમિયાન તેમણે 'સ્થાપિત ધોરણો અને પ્રોટોકોલ'નું ઉલ્લંઘન કરીને કાર્ય કર્યું હોવાનું' જાણવા મળ્યું હતું.

નિવેદનમાં જણાવાયું છે કે મોતી રામ જાટને વધુ પૂછપરછ માટે એનઆઇએને સોંપવામાં આવ્યો છે. આ સાથે સીઆરપીએફ નિયમો સાથે ભારતના બંધારણની સંબંધિત જોગવાઇઓ હેઠળ વ્યક્તિને ૨૧ મેથી સેવામાંથી બરતરફ કરવામાં આવ્યો છે. જાટને અહીંની એક ખાસ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટ દ્વારા તેને ૬ જૂન સુધી એનઆઇએની કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે. ■

# ત્રાસવાદ ફેલાવવાનો પાકનો ધંધો છેઃ જયશંકર

નવી દિલ્હીઃ પાકિસ્તાનમાં આતંકવાદ ખુલ્લો ધંધો છે જેને સરકાર તેમ જ સેના નાણાકીય સહાય પૂરી પાડે છે અને તેનો ઉપયોગ કરે છે, એમ વિદેશ પ્રધાન એસ. જયશંકરે કહ્યું હતું.

તાજેતરમાં બંને દેશ વચ્ચે જોવા મળેલા સૈન્ય સંઘર્ષ દરમિયાન ભારત અને પાકિસ્તાન બંને અણુયુદ્ધથી ખૂબ જ દૂર હતા, એમ તેમણે કહ્યું હતું.

દેખીતી રીતે જ પશ્ચિમના દેશોની ટીકા કરતાં તેમણે કહ્યું હતું કે સામાન્ય રીતે એશિયાના આ બંને દેશની કોઈ પણ વાતને અણુ સમસ્યા સાથે જોડી દેવાનું વલણ જોવા મળે છે.

યુદ્ધ દરમિયાન બંને દેશ અણુયુદ્ધથી કેટલા દૂર હતા એ પ્રકારના પ્રશ્નનો ઉત્તર આપતા જયશંકરે કહ્યું હતું કે કોઈ પણ તબક્કે બંનેમાંથી એક પણ દેશ અણુયુદ્ધના સ્તર સુધી નહોતો પહોંચ્યો.

પહલગામ હુમલામાં પાકિસ્તાન અને આતંકવાદીઓ વચ્ચે કડી હોવા અંગે સાથીદેશોને તમે સમજાવી શક્યા છો? એ પ્રકારના પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં જયશંકરે કહ્યું હતું કે પાકિસ્તાનનાં શહેરો, નગરો અને ગામડાંઓમાંથી આતંકવાદીઓ કોઈ પણ રોકટોક વિના ખુલ્લેઆમ તેમનો ધંધો ચલાવે છે.

આંધળી ન હોય તેવી કોઈ પણ વ્યક્તિ આ જોઈ શકે છે કેમ કે એમાં કશું જ ગોપનીય નથી.

સંયુકત રાષ્ટ્રસંઘની સુરક્ષા સમિતિની આતંકવાદીઓના નામ તેમ જ સ્થળની યાદી પાકિસ્તાનીઓથી ભરેલી છે અને અમે એ જ સ્થળને નિશાન બનાવ્યા હતા, એમ તેમણે કહ્યું હતું.

મધ્યસ્થી કરાવી હોવા બદલ શું અમેરિકાનો આભાર માનવો જોઈએ? એ પ્રકારના પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં તેમણે કહ્યું હતું કે સીધી વાતચીત મારફતે બંને દેશના લશ્કરી કમાન્ડર વચ્ચે આ મામલે સહમતી સધાઈ હતી. (એજન્સી) ■

# આતંકવાદી હુમલાનો ઓછાયો દૂર થયો

## વૈષ્ણોદેવીના દર્શને આવનારા શ્રદ્ધાળુની સંખ્યા વધી

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુ : વૈષ્ણોદેવી તીર્થસ્થાન પર ધીરે ધીરે પહલગામ આતંકવાદી હુમલાનો ઓછાયો દૂર થતો જાય છે.

માતાજીના દર્શને આવતા શ્રદ્ધાળુની સંખ્યા વધતી જાય છે. જોકે આ વધારો કટરાના વેપારીઓના ચહેરાનું નૂર પાછું લાવે એટલો નથી, કારણ કે જે તીર્થસ્થાનમાં દરરોજ ૩૦થી ૪૦ હજાર શ્રદ્ધાળુ આવતા હતા એની તુલનામાં હાલમાં ૧૫થી ૧૬ હજાર શ્રદ્ધાળુ આવે છે.

પહલગામ નરસંહાર બાદ વૈષ્ણોદેવી તીર્થસ્થાન આવનારી સંખ્યા સમ ખાવા જેટલી થઈ કારણ કે ઑપરેશન સિંદૂર શરૂ થતાં સરકારે યાત્રા બંધ કરી દીધી. જોકે આ દરમિયાન પણ એકથી દોઢ હજાર લોકો આવતા હતા.

હવે શ્રદ્ધાળુની સંખ્યામાં ઉછાળો આવ્યો છે અને એક મહિના બાદ શ્રદ્ધાળુની સંખ્યા ૧૮,૦૦૦ને આંબી ગઈ છે. શનિવારે ૨૧,૬૫૦ ભાવિકોએ મંદિરમાં દર્શન માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. રવિવાર રાત સુધી ૧૫,૭૦૦ ભાવિકો યાત્રીભવન પહોંચી ગયા હતા. આ છેલ્લા એક મહિનાની આ સૌથી મોટી સંખ્યા છે.

પહલગામ આતંકવાદી હુમલા અને ઑપરેશન સિંદૂરને લીધે શ્રદ્ધાળુની સંખ્યામાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. દરરોજ ફક્ત ૧,૦૦૦થી ૧,૫૦૦ શ્રદ્ધાળુ આવતા હતા.

હવે એવી આશા વ્યક્ત કરવામાં આવે છે કે જૂન મહિનામાં શ્રદ્ધાળુની સંખ્યા સામાન્ય થઈ જશે અને વેપારી વર્ગ એ સમયની રાહ જોઈ રહ્યો છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### મુંબઈમાં વરસાદે

શહેરમાં કુલ વરસાદ ૨૯૫ મિલિમીટરથી વધુ પડી ગયો હતો.

રેલવે ટ્રેક પર પાણી ભરાઈ જવાને કારણે મધ્ય રેલવેની હાર્બરલાઈન સહિત પરાંની ટ્રેનસેવા ખોરવાઈ હતી જેને કારણે પ્રવાસીઓની હાલાકી વધી હતી. મુંબઈમાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવાને કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો.

પશ્ચિમ મહારાષ્ટ્ર અને કોંકણના કિનારા વિસ્તારમાં પણ ભારે વરસાદ નોંધાયો હતો.

ભારે વરસાદને કારણે મેટ્રોના અન્ડરગ્રાઉન્ડ સ્ટેશન પર પાણી ભરાઈ જતાં સોમવારે એક્વા લાઈન તરીકે જાણીતી મેટ્રો થ્રીની ટ્રેન સેવા આચાર્ય અત્રે ચોક અને વરલી વચ્ચે સસ્પેન્ડ કરવામાં આવી હતી.

વાયવ્યના ચોમાસાએ સોમવારે મુંબઈમાં પધરામણી કરી હતી. છેલ્લાં ૭૫ વર્ષમાં પહેલીવાર મુંબઈમાં ચોમાસું આટલું વહેલું શરૂ થયું છે એમ જણાવતા આઈએમડીના વૈજ્ઞાનિક સુશમા નાયરે કહ્યું હતું કે અગાઉ વર્ષ ૧૯૫૬ની ૨૯મી મેએ મુંબઈમાં ચોમાસું શરૂ થયું હતું. વર્ષ ૧૮૬૨ અને વર્ષ ૧૯૭૧માં પણ મુંબઈમાં ૨૯મી મેએ ચોમાસું શરૂ થયું હતું.

મુંબઈ, એમએમઆર (મુંબઈ મેટ્રોપોલિટન રિજન), પુણે , સતારા, રાયગઢ સહિત મહારાષ્ટ્રના મોટાભાગના વિસ્તારમાં સોમવારે ભારે વરસાદ પડ્યો હતો.

અનેક વિસ્તારમાં ૩૦થી ૪૦ કિ.મી. પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાયો હતો.

થાણે અને પાલઘર જિલ્લામાં ભારે વરસાદને કારણે ચાવીરૂપ રોડ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવાની તેમ જ રહેવાસીઓને સુરક્ષિત સ્થળે ખસેડવાની વહીવટીતંત્રને ફરજ પડી હતી.

ઉલ્હાસ નદીનું જળસ્તર વધતાં કલ્યાણ-મુરબાડ રોડ પાસે રાઈતે બ્રિજ પરનો વાહનવ્યવહાર અટકાવી દેવામાં આવ્યો હતો. મંગળવારે પણ મુંબઈમાં ભારે વરસાદ પડવાની આગાહી છે. (એજન્સી) ■

### કોવિડના

૯૯ની હતી. દિલ્હી સરકારના અધિકારીએ માહિતી આપી હતી કે પરિસ્થિતિ અંકુશમાં છે અને કોરોનાને લીધે તાજેતરમાં અઠવાડિયામાં કોઈ મરણ થયા નથી.

દરમિયાન પશ્ચિમ બંગાળમાં કોરોનાના વધુ ચાર કેસ નોંધાયા હતા. બંગાળમાં કોરોનાના ૧૧ સક્રિય કેસ છે. (એજન્સી) ■

### આપણી બહેનોનું

કાર્યવાહી નથી, પરંતુ ભારતના સિદ્ધાંતો અને લાગણીઓની અભિવ્યક્તિ છે. પાકિસ્તાનનો એકમાત્ર હેતુ ભારતને નફરત કરવાનો અને તેને નુકસાન પહોંચાડવાના રસ્તાઓ વિશે વિચારવાનો છે જ્યારે આપણા દેશે ગરીબી નાબૂદ કરવા અને આર્થિક વિકાસ લાવવાના લક્ષ્યો નક્કી કર્યા છે.

૨૨ એપ્રિલે કાશ્મીરના પહલગામમાં આતંકવાદીઓ દ્વારા ૨૬ લોકોની હત્યા બાદ, ભારતે ૭ મેના રોજ વહેલી સવારે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું, જેના પરિણામે પાકિસ્તાન અને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી માળખાને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. આવા આતંકવાદી હુમલા પછી ભારત અને મોદી કેવી રીતે ચૂપ રહી શકે? જે કોઈ આપણી બહેનોના કપાળ પરથી સિંદૂર લૂછી નાખવાની હિંમત કરશે (સિંદૂર લગ્નનું પ્રતીક છે અને તેને ભૂસવું એ વિધવા હોવાનું પ્રતીક છે), તેને ચોક્કસપણે ખતમ કરી દેવામાં આવશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે આતંકવાદીઓએ કદાચ તેમના સૌથી ખરાબ સપનામાં પણ કલ્પના નહીં કરી હોય કે મોદી સામે લડવું કેટલું મુશ્કેલ હશે. તેમણે કહ્યું હતું કે આ કાર્યવાહી એ જવાબદારીનો એક ભાગ છે જે દેશના નાગરિકોએ તેમને ૨૬ મે, ૨૦૧૪ ના રોજ 'પ્રધાન સેવક' બનાવીને આપી હતી.

મોદીએ કહ્યું હતું કે દેશના સશસ્ત્ર દળોની ત્રણેય પાંખોને છૂટ આપી હતી અને તેમના યોદ્ધાઓએ એવું કર્યું જે દુનિયાએ ઘણા દાયકાઓમાં જોયું ન હતું. પાકિસ્તાન પર નિશાન સાધતા વડા પ્રધાને કહ્યું, વિભાજન પછી અસ્તિત્વમાં આવેલો આ દેશ ભારત પ્રત્યે નફરત પર જીવે છે. તે ફક્ત ભારતને નુકસાન પહોંચાડવા માગે છે. જોકે, ભારતનો ઉદ્દેશ્ય ગરીબી દૂર કરવાનો, આર્થિક વિકાસ લાવવાનો અને વિકસિત રાષ્ટ્ર બનવાનો છે. તેમણે કહ્યું, અમારી સરકારની નીતિ એવા વિસ્તારોનો વિકાસ કરવાની છે જે પછાત રહી ગયા છે. તેમણે લોકોને હોળી, દિવાળી અને ગણેશ પૂજા જેવા તહેવારો દરમિયાન મેઇડ ઇન ઇન્ડિયા ઉત્પાદનો ખરીદવા અને તેનો ઉપયોગ કરવા પણ વિનંતી કરી હતી. શું તમને નથી લાગતું કે આપણે આયાતી ઉત્પાદનોનો ઉપયોગ બંધ કરવો જોઈએ? આપણા તહેવારો દરમિયાન, આપણે ફટાકડા અને ગણેશ મૂર્તિઓ જેવી આયાતી વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ (જે સારું નથી). આપણા દેશની પ્રગતિ સુનિશ્ચિત કરવા માટે, દરેક વ્યક્તિએ ફક્ત ભારતમાં બનાવેલા ઉત્પાદનો ખરીદવાનો સંકલ્પ લેવો જોઈએ, મોદીએ હતું કે, આપણા દેશની પ્રગતિ માટે જે કંઈ પણ જોઈએ છે તે અહીં ભારતમાં જ બનાવવું જોઈએ, અને તો જ આપણો દેશ વિકાસ કરી શકશે. ■

# ૨૦ ટકા ઓછા ખર્ચે ૩૦ ટકા વધુ ઊર્જાનું ઉત્પાદન થશે

## ચીન પરની નિર્ભરતા ઘટાડતું આઈઆઈટી-બૉમ્બેનું સંશોધન

મુંબઈઃ સૌર ઉર્જા ક્ષેત્રમાં મોટી ક્રાંતિ સમાન એક મોટું સંશોધન આઈઆઈટી-બૉમ્બે ખાતે હાથ ધરવામાં આવ્યું છે, જેનાથી પ્લાન્ટનો ખર્ચ ૨૦ ટકા ઘટવાની અને ઊર્જા ઉત્પાદન ૩૦ ટકા વધવાની અપેક્ષા છે. આ ટેક્નોલોજીનો વ્યાવસાયિક ઉપયોગ કરી શકાશે છે કે કેમ તેની તપાસ રાજ્ય સરકારે શરૂ કરી છે.

રાજ્ય સરકાર અને 'સોસાયટી ફોર ઇનોવેશન એન્ડ એન્ત્રાપ્રુન્યરશિપ' આર્ટ-પીવી ઇન્ડિયા પ્રા.લિ. દ્વારા ડિસેમ્બર ૨૦૨૭ સુધીમાં આ ટેક્નોલોજીનો વ્યાવસાયિક ઉપયોગ શરૂ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. રસપ્રદ વાત એ છે કે, નવી ટેક્નોલોજીથી સૌર ઉર્જા પ્લાન્ટ માટે લાગતા કાચા માલ માટે ચીન પરની નિર્ભરતા ઘટાડાશે, એવી માહિતી મુખ્યપ્રધાનના મુખ્ય આર્થિક સલાહકાર પ્રવીણ પરદેશીએ આપી હતી.

દિનેશ કાબરાના નેતૃત્વમાં આયઆયટીના પ્રોફેસર સંશોધકોએ 'નેશનલ સેન્ટર ફોર ફોટોવોલ્ટેઇક રિસર્ચ એન્ડ એજ્યુકેશન' ખાતે આ સંશોધન હાથ ધર્યું હતું, જેમાં, પરંપરાગત સિલિકોન-આધારિત સૌર સેલની ટોચ પર અર્ધપારદર્શક પેરોવસ્કાઇટ સોલાર સેલ સ્થાપિત કરવાનું શક્ય બન્યું છે. ■

# અંધેરીની એક હૉટેલમાં આગ, બે ઘાયલ

મુંબઈઃ અંધેરી પૂર્વમાં સોમવારે વહેલી સવારે એક હોટલના છઠ્ઠા માળે આગ લાગી હતી, જેમાં બે લોકો ઘાયલ થયા હતા.

અંધેરી (પૂર્વ)ના ન્યુ ચકલા ખાતે આવેલા ડો. ચરત સિંહ કોલોની ખાતે આવેલી સાત માળની ઇમારત, હોટેલ જ્યોતિ ડ્વેલિંગમાં વહેલી સવારે ૩.૧૯ વાગ્યાની આસપાસ આગ લાગી હોવાનું જાણવા મળ્યું હતું. મુંબઈ ફાયર બ્રિગેડે સવારે ૫.૨૬ વાગે આગને કાબુમાં લીધી હતી. મુંબઈ ફાયર બ્રિગેડના અધિકારીઓના જણાવ્યા અનુસાર, છઠ્ઠા માળે રૂમ ૬૦૫ માં લાગેલી આગમાં ઇલેક્ટ્રિકલ વાયરિંગ, ઇન્સ્ટોલેશન, સ્પ્લિટ એસી યુનિટ, પડદા, ગાદલું, પલંગ, લેપટોપ, પાસપોર્ટ, ડોક્યુમેન્ટ અને લાકડાના કબાટને નુકસાન થયું હતું અને બે લોકો દાઝી ગયા હતા.

૩૧ વર્ષીય સંદીપ ગોયલનો ડાબો હાથ દાઝી ગયો હતો, જ્યારે ૩૦ વર્ષીય દિશા અગ્રવાલને સામાન્ય ઇજા થઈ હતી. બન્નેને કૂપર હોસ્પિટલમાં સારવાર બાદ રજા આપવામાં આવી હોવાનું હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું હતું. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ■

# મીનાકુમારીના વારસદારોને રાહત

## વિવાદમાં સપડાયેલી જમીનનો કબજો મળશે

મુંબઈઃ ત્રણ દાયકાથી વધુ સમયથી ચાલી રહેલા કાનૂની વિવાદમાં મુંબઈની એક સ્થાનિક અદાલતે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના મશહૂર યુગલ કમાલ અમરોહી - મીના કુમારી દ્વારા એક હાઉસિંગ સોસાયટીને ૧૯૬૬માં ભાડે આપેલી બાન્દ્રાની જમીન ખાલી કરવાનો આદેશ આપ્યો છે.

બાન્દ્રાની કોર્ટ ઓફ સ્મોલ કોઝની એપેલેટ બેન્ચે કમાલ અમરોહીના પુત્ર તાજદાર અમરોહીની તરફેણમાં ચુકાદો આપી ૧૬૨ સભ્યોની સોસાયટીને વૈભવી પાલી હિલ વિસ્તારની જમીનનો કબજો છ મહિનાની અંદર સોંપવાનો આદેશ આપ્યો છે.

આ આદેશ ૨૩ એપ્રિલે આપવામાં આવ્યો હતો. એડિશનલ ચીફ જજ આશિષ અયાચિત અને જજ ડી. આર. માલીએ જણાવ્યું હતું કે સોસાયટી કરારનું ભાડું નિયમિત ચૂકવવામાં નિષ્ફળ રહી છે.

આદેશમાં જણાવવામાં આવ્યું છે કે સોસાયટીએ કરારના ભાડાની ચુકવણી અંગે લીઝના કરારનો સભાનપણે ભંગ કર્યો છે.

પ્રતિવાદી સોસાયટી ભાડાની બાકી નીકળતી રકમ ચૂકવવા નહોતી ઈચ્છુક કેં નહોતી તૈયાર અને તેઓ બોમ્બે રેન્ટ એક્ટની કલમ ૧૨ (૩)ની જોગવાઈનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા. તેથી વાદીઓ (અમરોહી) ખાલી કરાવવાના હુકમનામા માટે હકદાર છે.

મીના કુમારીએ ૧૯૫૨માં કમાલ અમરોહી સાથે લગ્ન કર્યા હતા અને આ દંપતીએ ૧૯૫૯માં બાંદ્રામાં પાલી હિલ ખાતે ૧૧,૦૦૦ ચોરસ યાર્ડથી વધુની જમીન ખરીદી હતી. આ જમીન કોઝીહોમ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડને ૧૯૬૬માં દર મહિને ૮,૮૩૫ રૂપિયાના ભાડા પર બિલ્ડિંગ બનાવવા માટે લીઝ પર આપવામાં આવી હતી.

૧૯૯૦માં અમરોહીએ લીઝ કરાર રદ કર્યો હતો અને એવો દાવો કર્યો હતો કે સોસાયટી સંમત ભાડાની ચૂકવણી કરવામાં નિષ્ફળ રહી છે. એક વર્ષ બાદ તેમણે સોસાયટીને હટાવવા અને જમીનનો કબજો મેળવવા માટે દાવો દાખલ કર્યો હતો.

સોસાયટીને છ મહિનાની અંદર જમીનનો કબજો સોંપવાનો આદેશ આપવામાં આવ્યો છે. સોસાયટી આ આદેશને બોમ્બે હાઈકોર્ટમાં પડકારવા માગે છે. (પીટીઆઈ)■

## બેફામ ડ્રાઈવિંગમાં બેફામ વધારો

# ૨૦૨૩માં ૪૦૪ તો ૨૦૨૪માં અધધ ૧૦,૦૦૦ કેસ

મુંબઇઃ ટ્રાફિક પોલીસની ફરિયાદોના આધારે શહેરભરમાં બેફામ અને બેદરકારીથી વાહન ચલાવવા માટે ૧૦ હજારથી વધુ ફર્સ્ટ ઇન્ફર્મેશન રિપોર્ટ્સ (એફઆઈઆર) નોંધાયા હતા. ૨૦૨૩ ની તુલનામાં આ સંખ્યા અતિશય અને અનેકગણી વધારે છે. ૨૦૨૩માં ટ્રાફિક પોલીસની ફરિયાદોના આધારે શહેરના પોલીસ સ્ટેશનોમાં આવી માત્ર ૪૦૪ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

૨૦૨૪ માટે ટ્રાફિક પોલીસની માહિતી અનુસાર ભારતીય દંડ સંહિતા (આઈપીસી)ની કલમ ૨૭૯ (બેફામ ડ્રાઇવિંગ અથવા જાહેર માર્ગ પર બેદરકારીથી સવારી કરવી) અને ૩૩૬ (અન્યના જીવન અથવા વ્યક્તિગત સલામતીને જોખમમાં મૂકવાનું કૃત્ય) હેઠળ ૮,૫૮૮ એફઆઈઆર નોંધવામાં આવી હતી; આઈપીસીની કલમ ૨૭૯ અને ૩૩૭ (અન્યના જીવન અથવા વ્યક્તિગત સલામતીને જોખમમાં મૂકતા કૃત્ય દ્વારા નુકસાન પહોંચાડવું) હેઠળ ૫૮૨ એફઆઈઆર નોંધવામાં આવી હતી અને આઈપીસીની કલમ ૨૭૯ અને ૩૩૮ (માનવ જીવનને જોખમમાં મૂકે એવી ગંભીર ઈજા પહોંચાડવી) હેઠળ ૧,૬૨૮ એફઆઈઆર નોંધવામાં આવી હતી. ■

# ૫. રેલવે ૧૮ સ્પેશિયલ તેજસ એક્સપ્રેસ દોડાવશે

મુંબઈઃ પશ્ચિમ રેલવેએ મુંબઈ સેન્ટ્રલથી રાજકોટ અને મુંબઈ સેન્ટ્રલથી ગાંધીધામ વચ્ચે ૧૮ સ્પેશિયલ તેજસ એક્સપ્રેસ ટ્રેનો ચલાવવાની જાહેરાત કરી છે.

ટ્રેન નં. ૦૯૦૦૫/૬ મુંબઈ સેન્ટ્રલ-રાજકોટ તેજસ દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ મુંબઈ સેન્ટ્રલથી દર બુધવાર અને શુક્રવારે રાત્રે ૧૧.૨૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૧૧.૪૫ વાગ્યે રાજકોટ પહોંચશે. આ ખાસ ટ્રેન ૩૦મી મે થી ૨૭ જૂન સુધી દોડશે. દર ગુરુવાર અને શનિવારે સાંજે ૬.૩૦ વાગ્યે ટ્રેન (૦૯૦૦૬) રાજકોટથી પરત ફરશે. આ ટ્રેન ૩૧મી મે થી ૨૮ જૂન વચ્ચે દોડશે. સ્પેશિયલ ટ્રેન માટેનું રિઝર્વેશન રવિવારથી શરૂ થયું છે. ■

# ગોલ્ડ ટ્રેડિંગને બહાને સિનિયર સિટિઝન પાસેથી ૧.૪ કરોડ રૂપિયા પડાવ્યા

થાણેઃ ગોલ્ડ ટ્રેડિંગ સ્કીમમાં રોકાણ પર ૧૫ ટકા વળતરની લાલચ બતાવી ૬૨ વર્ષના સિનિયર સિટીઝન પાસેથી ૧.૪ કરોડ રૂપિયા પડાવવામાં આવ્યા હોવાની ઘટના થાણેમાં બનતાં પોલીસે બે જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

વાગળે એસ્ટેટ ડિવિઝનના અધિકારીએ જણાવ્યું હતું કે સિનિયર સિટીઝનની ફરિયાદને આધારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટની જોગવાઈ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર કથિત છેતરપિંડી ૧૧ એપ્રિલથી ૧૯ મે દરમિયાન થઈ હતી. કન્સલ્ટન્ટ એવા ફરિયાદીને સોનાની ખાણ અને ટ્રેડિંગ સ્કીમમાં નાણાં રોકવા આરોપીએ લલચાવ્યો હતો. સોનાની ખાણમાં રોકાણ પર મહિનાની નક્કી કરેલી આવક મળશે અને ગોલ્ડ ટ્રેડમાં રોકાણ પર ૧૫ ટકાનું વળતર મળવાની ખાતરી આરોપીએ આપી હતી. આરોપીઓની સૂચનાને અનુસરી ફરિયાદીએ વિવિધ બૅન્ક ખાતાંમાં ૧.૪ કરોડથી વધુ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. જોકે રોકેલાં નાણાં પર ફરિયાદીને કોઈ વળતર આપવામાં આવ્યું નહોતું. વળતર માટે ફરિયાદીએ વારંવાર આરોપીઓ સંપર્ક સાધ્યો હતો.

આરોપીઓ ફરિયાદીના કૉલ રિસીવ કરતા નહોતા અને યોગ્ય જવાબ પણ આપતા નહોતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. આ પ્રકરણે ગુનો નોંધી પોલીસે તપાસ હાથ ધરી હતી. ફરિયાદીએ જે બૅન્ક ખાતાંમાં નાણાં ટ્રાન્સફર કર્યાં હતાં તેની વિગતોને પોલીસ ચકાસી રહી છે. (પીટીઆઈ)■

## 'શાળાર્થ આઇડી' કૌભાંડ

# પ્રક્રિયાનું પાલન કર્યા વિના ૫૦૦થી વધુ શિક્ષકની ભરતી

## રકમ ૧૦૦ કરોડ રૂપિયાને પાર જઇ શકે છેઃ એસઆઇટી

નાગપુરઃ રાજ્યમાં 'શાળાર્થ આઇડી' કૌભાંડની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઇટી)ને જાણવા મળ્યું હતું કે યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના ૫૦૦થી વધુ શિક્ષકની ભરતી કરવામાં આવી હતી, એમ વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું.

શાળાર્થ એ મહારાષ્ટ્ર સરકારનું સેન્ટ્રલાઇઝ્ડ પોર્ટલ છે, જે સરકારી તેમ જ સરકાર-અનુદાનિત શાળાઓના શિક્ષકો સહિત કર્મચારીઓના પગાર તથા સર્વિસનો રેકોર્ડ રાખે છે. શાળાર્થ આઇડી દરેક શિક્ષકોના ઓળખ નંબર દર્શાવે છે.

એસઆઇટીને જાણવા મળ્યું હતું કે નિયુક્ત કરાયેલા ૬૨૨ શિક્ષકમાંથી માત્ર ૭૫ની ભરતી યોગ્ય પ્રક્રિયા દ્વારા કરવામાં આવી હતી. બાકીના ૫૪૭ શિક્ષકની નિયુક્તિ ૨૦-૩૦ લાખ રૂપિયા ચૂકવ્યા બાદ બોગસ આઇડીનો ઉપયોગ કરીને કરવામાં આવી હતી. આનો અર્થ એ થયો કે કૌભાંડ ૧૦૦ કરોડ રૂપિયાથી વધુનું હોઇ શકે છે.

એસઆઇટીનાં ઇન્ચાર્જ અને આસિસ્ટન્ટ પોલીસ કમિશનર સુનિતા મેશ્રામે જણાવ્યું હતું કે શિક્ષણ વિભાગમાં ડેપ્યુટી ડિરેક્ટરો ઉપરાંત તપાસ હવે શિક્ષણ અધિકારીઓ અને શિક્ષકો પર કેન્દ્રિત છે. આ કેસમાં વધુ લોકોની ધરપકડ થઇ શકે છે.

અધિકારીએ જણાવ્યું હતું કે નિવૃત્ત ડેપ્યુટી ડિરેક્ટર સતીષ મેંઢેની સંડોવણી બદલ તેની ધરપકડ કરવા માટે ટીમ શુક્રવારે ભંડારા ગઇ હતી, પણ તે ઘરે મળી આવ્યો નહોતો.

નાગપુરમાં શાળાર્થ પોર્ટલ દ્વારા પગાર આપવા માટે નકલી ઓળખનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવ્યો તેની તપાસ કરવા એપ્રિલમાં એસઆઇટીની રચના કરવામાં આવી હતી. આ કેસમાં અનેક લોકોની ધરપકડ કરવામાં આવી છે. (પીટીઆઇ)■

# ઘાટકોપરમાં રોડ રેજની ઘટનામાં કાર ડીલરની હત્યા કરનારો પકડાયો

મુંબઈઃ ઘાટકોપરમાં રોડ રેજની ઘટનામાં ચાકુ હુલાવી કાર ડીલરની હત્યા કરી ફરાર થઈ ગયેલા બાઈકસવાર યુવકને ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડ્યો હતો.

ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ સૂરજ કૃષ્ણ જયસ્વાલ (૨૨) તરીકે થઈ હતી. વિક્રોલીના હરિયાલી વિલેજ ખાતે રહેતા આરોપીને વધુ કાર્યવાહી માટે પંતનગર પોલીસના તાબામાં સોંપાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારની બપોરે ત્રણ વાગ્યાની આસપાસ ઘાટકોપરમાં ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે નજીક બની હતી. વિક્રોલીના પાર્કસાઈટ ખાતે રહેતો અને સેકન્ડ હેન્ડ કારનો વ્યવસાય કરતો ઝીશાન રફીક શેખ (૩૪) તેની સાથે કામ કરનારા મિત્ર સાથે વેગન આર કારમાં કુર્લાના સીએસટી રોડ તરફ જઈ રહ્યો હતો.

ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ટ્રાફિક ચોકી નજીક શેખની કાર પહોંચી ત્યારે બાઈકસવાર જયસ્વાલ સાથે તેનો વિવાદ થયો હતો. જયસ્વાલ સાથે બાઈક પર એક યુવતી હતી. જયસ્વાલ અને શેખ વચ્ચેની ઉગ્ર બોલાચાલી મારામારીમાં પરિણમી હતી. ગુસ્સામાં જયસ્વાલે શેખ પર ચાકુ હુલાવ્યું હતું. છાતીમાં ગંભીર ઇજાને કારણે શેખનું મૃત્યુ થયું હતું. હુમલા બાદ જયસ્વાલ બાઈક પર ફરાર થઈ ગયો હતો. ■




# 'ઓપરેશન સિંદૂર માટે બાળ ઠાકરેએ વડા પ્રધાન મોદીને ગળે લગાવ્યા હોત': અમિત શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

નાંદેડઃ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે સોમવારે આતંકવાદ પર ભારતનો અભિપ્રાય રજૂ કરવા માટે વિદેશમાં મોકલવામાં આવેલા સર્વપક્ષી પ્રતિનિધિમંડળો પર શિવસેના (યુબીટી)ની 'બારાત' ટિપ્પણી પર પ્રહાર કરતા કહ્યું હતું કે જો બાળ ઠાકરે જીવતા હોત, તો તેઓએ ઓપરેશન સિંદૂરની સફળતા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને 'ગળે લગાવ્યા હોત.'

અમિત શાહ શિવસેના (યુબીટી)ના નેતાનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જેના વડા બાળ ઠાકરેના પુત્ર ઉદ્ધવ ઠાકરે છે, તેમણે આતંકવાદ વિરોધી અભિયાન માટે વિદેશમાં જતા સર્વપક્ષી પ્રતિનિધિમંડળો પર કટાક્ષ કર્યો હતો.

'શિવસેના (યુબીટી)ના એક ટોચના નેતાએ પ્રતિનિધિમંડળ પર ટિપ્પણી કરતા કહ્યું હતું કે, 'યે કિસકી બારાત જા રહી હૈ?' શિવસેના (યુબીટી) પહેલા બાળ ઠાકરેનો પક્ષ હતો. જો બાળ ઠાકરે જીવતા હોત, તો તેમણે મોદીને ગળે લગાવ્યા હોત. મને ખબર નથી કે ઉદ્ધવ સેનાનું શું થયું છે. તેઓ પ્રતિનિધિમંડળને 'બારાત' કહી રહ્યા છે, ભલે તેમના પોતાના સભ્યો તેનો ભાગ છે,' એમ શાહે કહ્યું હતું.

મહારાષ્ટ્રના નાંદેડમાં 'શંખનાદ' રેલીમાં બોલતા, શાહે એનસીપી(એસપી)ના વડા શરદ પવાર પર પણ કટાક્ષ કર્યો અને તેમના પર મરાઠીને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો અપાવવાની લાંબા સમયથી ચાલી રહેલી માગણી પર કાર્યવાહી ન કરવાનો આરોપ લગાવ્યો હતો અને ઉમેર્યું હતું કે પીએમ મોદીએ આ માગણી પૂરી કરી હતી.

અમિત શાહે વધુમાં કહ્યું હતું કે, ઓપરેશન સિંદૂરની સફળતાએ એક શક્તિશાળી સંદેશ આપ્યો છે, ફક્ત પાકિસ્તાનને જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને, કે ભારત તેના સશસ્ત્ર દળો, નાગરિકો અથવા સરહદો પર કોઈપણ સંકટને સહન કરશે નહીં.

'ઓપરેશન સિંદૂરથી ફક્ત પાકિસ્તાન જ નહીં પણ દુનિયાને સંદેશો મળ્યો છે કે કોઈ પણ આપણા સશસ્ત્ર દળો, લોકો અને સરહદો સાથે છેડછાડ કરી શકશે નહીં. નહીંતર, ગુનેગારોને આકરાં પરિણામ ભોગવવા પડશે,' એમ શાહે વધુમાં જણાવ્યું હતું.

તેમણે પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને કાયરતાપૂર્ણ કૃત્ય ગણાવ્યું. પટનામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અગાઉની ટિપ્પણીનો ઉલ્લેખ કરતાં શાહે કહ્યું હતું કે, '...તેઓએ ઉરી પર હુમલો કર્યો, અમે સર્જિકલ સ્ટ્રાઈકથી બદલો લીધો. તેમણે પુલવામા પર હુમલો કર્યો, અમે હવાઈ હુમલોથી બદલો લીધો અને પછી તેઓએ પહલગામમાં હુમલો કર્યો, અમે ઓપરેશન સિંદૂરથી બદલો લીધો અને તેમના આતંકવાદી સ્થળોનો નાશ કર્યો. ઓપરેશન સિંદૂરથી આખી દુનિયાને સંદેશો મળ્યો છે કે કોઈએ ભારતીય સેના, તેના લોકો અને તેની સરહદને માટે સંકટ ઊભું ન કરવું જોઈએ, નહીં તો તેમને આકરાં પરિણામોનો સામનો કરવો પડશે. વડા પ્રધાન મોદીએ સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ આપણા પર હુમલો કરશે, તો 'ગોળી'નો જવાબ 'ગોળા'થી આપવામાં આવશે.'

'મોદીજીએ જાહેર કર્યું છે કે જો નિર્દોષ ભારતીય નાગરિકોનું લોહી વહેવડાવવામાં આવશે તો તેનો બદલો લેવામાં આવશે. જો આપણી મહિલાઓના સિંદૂરને નુકસાન થશે, તો પ્રતિક્રિયા વધુ લોહિયાળ હશે,' એમ તેમણે રાષ્ટ્રીય સુરક્ષા પર સરકારના અડગ વલણ પર ભાર મૂકતા કહ્યું હતું.

તેમણે ડાબેરી ઉગ્રવાદનો અંત લાવવાના સરકારના દૃઢ નિર્ધારનો પણ પુનરોચ્ચાર કર્યો હતો. 'ઓપરેશન સિંદૂરની સાથે, વધુ એક ઓપરેશન, ઓપરેશન બ્લેક ફોરેસ્ટ ચાલી રહ્યું છે. છત્તીસગઢમાં આ ઓપરેશન હેઠળ, આપણી સીઆરપીએફ, છત્તીસગઢ પોલીસ અને બીએસએફે ૫૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલા નક્સલીઓના કેન્દ્રોનો નાશ કર્યો હતો અને ૩૧ નક્સલીઓ માર્યા ગયા. અત્યાર સુધીમાં ૩૬ વધુ નક્સલીઓ માર્યા ગયા છે. ઘણાએ આત્મસમર્પણ કર્યું છે અને કેટલાકની ધરપકડ કરવામાં આવી છે. અમે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં આ દેશમાં નક્સલવાદનો અંત લાવીશું,' એમ તેમણે કહ્યું હતું.

શાહે વધુમાં કહ્યું કે વડા પ્રધાન મોદીએ જવાહરલાલ નેહરુના કાર્યકાળ દરમિયાન થયેલી સિંધુ જળ સંધિ રદ કરી હતી અને પાકિસ્તાન સાથેનો તમામ વેપાર બંધ કરી દીધો હતો. 'મોદીએ કહ્યું છે કે વેપાર અને આતંક સાથે ચાલી શકતા નથી,' એમ તેમણે ઉમેર્યું હતું. ■

# મીઠી નદીમાંથી ગાળ કાઢવાનું કરોડો રૂપિયાનું કૌભાંડઃ અભિનેતા ડિનો મોરિયાની એસઆઇટીએ કરી પૂછપરછ

મુંબઈઃ મીઠી નદીમાંથી ગાળ કાઢવાના ૬૫ કરોડ રૂપિયાથી વધુના કૌભાંડ પ્રકરણે ધરપકડ કરાયેલા વચેટિયા સાથેના સંબંધ બદલ આર્થિક ગુના શાખાની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમે સોમવારે ફિલ્મ અભિનેતા ડિનો મોરિયા અને તેના ભાઇ સેન્ટિનોની પૂછપરછ કરી હતી. ડિનો મોરિયાને ગયા સપ્તાહે સમન્સ પાઠવવામાં આવ્યા હતા, જેને પગલે તે સોમવારે સવારે મુંબઈ પોલીસ મુખ્યાલયમાં આર્થિક ગુના શાખાના અધિકારીઓ સમક્ષ હાજર થયો હતો.

વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે મીઠી નદીમાંથી ગાળ કાઢવાના કૌભાંડ સાથે જોડાયેલી કંપની સાથેના સંભવિત સંબંધો અને વોડર ઇન્ડિયા લિમિટેડના ધરપકડ કરાયેલા આરોપી કેતન કદમ સાથેના ગાઢ સંબંધોને લઇ ડિનોની પૂછપરછ કરવામાં આવી રહી છે.

આર્થિક ગુના શાખાની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમે (એસઆઇટી) આ મહિનાની શરૂઆતમાં કૌભાંડમાં મુંબઈ મહાનગરપાલિકાને ૬૫.૫૪ કરોડ રૂપિયાનું નુકસાન કરવા બદલ પાલિકાના ત્રણ અધિકારી, પાંચ ખાનગી કોન્ટ્રેક્ટર સહિત ૧૩ લોકો સામે ગુનો દાખલ કર્યો હતો. લગભગ ૧,૧૦૦ કરોડ રૂપિયાના ગાળ કાઢવાના કામના કરાર તપાસ હેઠળ છે.

દરમિયાન મુંબઈમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે (ઇડી) પણ મહાનગરપાલિકાના અધિકારીઓ તેમ જ કોન્ટ્રેક્ટરો સામે મની લોન્ડરિંગની તપાસ શરૂ કરી હતી, જેમાં મીઠી નદીમાંથી ગાળ કાઢવાના આ કૌભાંડ સાથે સંકળાયેલી નાણાકીય ગેરરીતિઓમાં તેમની ભૂમિકાનો આરોપ હતો.

નોંધનીય છે કે આ પ્રકરણે આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં પાલિકાના આસિસ્ટન્ટ એન્જિનિયર પ્રશાંત રામુગડે, ડેપ્યુટી ચીફ એન્જિનિયર ગણેશ બેન્દ્રે અને તાયશેટ્ટી સહિત મેટપ્રોપ કંપનીના દીપક મોહન, કિશોર મેનન, મે. વિરગો સ્પેશ્યાલિટીસ પ્રા. લિ.ના જય જોશી, વ્હોડર ઇન્ડિયા એલએલપીના કેતન કદમ, કોન્ટ્રેક્ટર ભૂપેન્દ્ર પુરોહિત તથા એક્યુટ ડિઝાઇન્સ, કૈલાશ કન્સ્ટ્રકશન કંપની, એનએ કન્સ્ટ્રકશન, નિખિલ કન્સ્ટ્રકશન કંપની, જેઆરપી ઇન્ફ્રાસ્ટ્રક્ચરના સંચાલકો સામે ભારતીય દંડસંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરાયો હતો. આમાંથી વચેટિયા કેતન કદમ અને જય જોશીની ધરપકડ કરવામાં આવી હતી. ■


## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૯૩૨-એ)

### ૧૪. નોકરી ખાલી છે

REQUIRED ACCOUNT Assistant for Part Time or Full Time Office Work Churchgate Whatsup: 7021831500. (B-16007)

### ૧૭. જગ્યા આપવી છે

**NAPEANSEA ROAD**
**3 BHK Walkin Flat for Rent Fully Furnished at Om Dariya Mahal Vegetarians Only WhatsApp 7021831500. (SDB-2608)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**TOTAL સમાધાન**
ફોન ઉપર - લવ પ્રોબ્લેમ - લગ્ન વિલંબ - જન્મ કુંડલી - વ્યાપાર - શત્રુ - છુટાછેડા. ડોંબીવલી (વેસ્ટ) - 9892085247. (એસડીબી-૨૬૪૦)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## પાર્કિંગ કૌભાંડ ખાળવા પાલિકાનો વ્યૂહ

# 'એ' વૉર્ડમાં ૨૪ સ્થળે કામચલાઉ ફ્રી પાર્કિંગની મંજૂરી

મુંબઈઃ કાળાઘોડા વિસ્તારમાં પાર્કિંગ રેકેટનો પર્દાફાશ કરનારા સ્ટિંગ ઓપરેશન અને શહેરભરમાં લગભગ ૬૦ ટકા પે-એન્ડ-પાર્ક સુવિધાઓ પર માફિયાઓ દ્વારા અંકુશ ધરાવતી ફરિયાદોને પગલે બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનએ 'એ' વૉર્ડમાં ૨૪ પ્રાઈવેટ પાર્કિંગ કોન્ટ્રાક્ટર રિન્યુ નહીં કરવાનો નિર્ણય લીધો છે. આ સુવિધા દક્ષિણ મુંબઈના મુખ્ય વિસ્તારોને આવરી લે છે. હવે પાલિકા હાલના પાર્કિંગ કરારની મુદત પૂરી થયા પછી વૉર્ડના ૨૪માંથી પહેલા ૧૦ સ્થળ પર વિનામૂલ્યે પાર્કિંગની મંજૂરી આપશે. આ પગલાંનો હેતુ જનતાનો પુનર્સ્થાપિત કરવાનો અને પાર્કિંગ ઓપરેટરો દ્વારા ભારેખમ ફી વસૂલવાની અથવા અધિકૃત પરવાનગી વિના નાણાં એકત્રિત કરવાની પ્રથાને કાબુમાં રાખવાનો છે.

'એ' વૉર્ડના એક અધિકારીએ જણાવ્યું હતું કે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ નહીં થાય ત્યાં સુધી આ સ્થળોએ પાર્કિંગ વિનામૂલ્યે રહેશે. પાલિકાના સૂત્રોએ ફોડ પાડી જણાવ્યું હતું કે વિનામૂલ્યે પાર્કિંગની જોગવાઈ કામચલાઉ સગવડ હશે અને પાલિકા બીએમસી પે-એન્ડ-પાર્ક નીતિ પર પુનર્વિચારણા કરી રહી છે. ■

છેલ્લા પાનાનું ચાલુ

## પાણી-પાણી

વધારે હતું. તો પૂર્વ ઉપનગર કરતા પશ્ચિમ ઉપનગરમાં સવારના વરસાદ વધુ નોંધાયો હતો. સવારના સૌથી વધુ વરસાદ નરીમન પોઈન્ટમાં ૨૫૨. મિ.મી. (૧૦ ઈંચ) નોંધાયો હતો.

મુંબઈમાં સોમવારે નૈર્ઋત્યના ચોમાસાની નિર્ધારીત સમય કરતા વહેલી એન્ટ્રી થવાની સાથે થયેલી અતિવૃષ્ટિને કારણે મુંબઈ ફરી એક વખત જળબંબાકાર થઈ ગયું હતું. મુંબઈમાં સોમવારે સાંજે ૫.૩૦ સુધી કોલોબામાં ૧૪૪.૩ મિમી એટલે કે સરેરાશ છ ઇંચ તથા સાંતાક્રુઝમાં ૭૪.૩ મિમી. એટલે કે ત્રણ ઇંચ વરસાદ નોંધાયો હતો. સવારે થયેલી અતિવૃષ્ટિને કારણે મુંબઈમાં જનજીવન ઠપ થઈ ગયું હતું. મુંબઈના નીચાણવાળા વિસ્તારોમાં ઘૂંટણભેર પાણી ભરાવાની સાથે જ રોડ અને રેલવે સેવા ઠપ થઈ ગઈ હતી. મુંબઈમાં પાલિકાના નાળાસફાઈના દાવા ફરી એક વખત પોકળ સાબિત થયા હતા. પ્રશાસને અને મુખ્ય પ્રધાને મુંબઈને જળબંબાકાર થવા માટે ઓછા કલાકમાં અતિતીવ્ર વરસાદને જવાબદાર ગણાવીને મુંબઈગરાને થયેલી હાલાકીથી પોતાના હાથ ઊંચા કરી દીધા હતા.

મુંબઈમાં રવિવારે સવારના ભારે વરસાદની સાથે જ નીચાળવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા, જેમાં મુખ્યત્વે નરિમન પોઈન્ટ, કોલાબા, ભાયખલા, કુર્લા, ચેંબુર, દાદર, પરેલ, હિંદમાતા, ગાંધી માર્કેટ, સાયન, માટુંગા, બાન્દ્રા, અંધેરી, મલાડ જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. બેસ્ટ ઉપક્રમની સેવાને પણ મોટો ફટકો પડયો હતો. રસ્તા પર પાણી ભરાઈ જવાને કારણે અનેક જગ્યાએ બેસ્ટની બસને ડાઈવર્ઝન આપવામાં આવ્યું હતું. વિઝિબિલિટી ઓછી હોવાને કારણે ફ્લાઈટ સેવાને પણ ફટકો પડયો હતો.

નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવા બદલ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે મુંબઈમાં પાલિકાની તમામ યંત્રણાને કામે લગાવી હતી. છ હજારથી વધુ અધિકારી-કર્મચારીઓને કામે લગાડવામાં આવ્યા હતા.સવારના ભરતી અને વરસાદનું જોર વધારે હતું હતું તેથી થોડા સમય માટે પાણી ભરાઈ ગયા હતા. મુંબઈમાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જાય છે એવા ૪૧૭ ફલડિંગ સ્પોટ ૪૨૨ પંપ બેસાડેલા છે અને તેનાથી વરસાદી પાણીનો નિકાલ કરવામાં આવ્યો હતો. બે ઠેકાણે વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે સ્ટોરેજ ટેન્ક બનાવી છે અને ૧૦ ઠેકાણે મિની પમ્પિંગ સ્ટેશન ચાલુ કરવામાં આવ્યા છે. તેનાથી પાણીનો નિકાલ કરવામાં સરળતા રહી હતી.

વરસાદને કારણે શહેરમાં ઘરની દિવાલ તૂટી પડવાના પાંચ અને શોર્ટ સહિતના ૧૮થી વધુ બનાવ નોંધાયા હતા, જેમાં શહેરમાં ૧૪ અને પૂર્વ ઉપનગરમાં એક તથા પશ્ચિમ ઉપનગરમાં ત્રણ બનાવ નોંધાયા હતા. તો માહિમ પશ્ચિમમા સનસેટ હૉટલ નજીક કેડલ રોડ પાસે જહાંગીર બાગ ચાલમાં મ્હાડાની સેસવાળી ગ્રાઉન્ડ પ્લસ બે માળની હાજી કાસમ બિલ્ડિંગના દાદરાનો અમુક હિસ્સો તૂટી પડયો હતો. એ દરમ્યાન બિલ્ડિંગમાં ફસાઈ ગયેલા બે લોકોને ફાયરબ્રિગ્રેડે સુરક્ષિત રીતે બહાર કાઢયા હતા. ભારે પવનને કારણે મુંબઈમાં સવારના ૩૨થી વધુ જગ્યાએ ઝાડ અને તેની ડાળખી તૂટી પડવાના બનાવ નોંધાય હતા, જેમાં શહેરમાં ૧૪, પૂર્વ ઉપનગરમાં ૧૦ અને પશ્ચિમ ઉપનગરમાં આઠ ઝાડ તૂટી પડયા હતા.

મુંબઈમાં ભારે વરસાદ દરમ્યાન કોઈ હોનારત સર્જાય નહીં તે માટે એનડીઆરએફની ટીમને તહેનાત કરવામાં આવી છે.

આ દરમ્યાન નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પાલિકાના મુખ્યાલયમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલની મુલાકાત લઈને પરિસ્થિતિનો અહેવાલ લીધો હતો એ દરમ્યાન એવો દાવો કર્યો કે પહેલી વખત મે મહિનામાં ચોમાસુ બેસી ગયું છે અને સરેરાશ ૫૦ મિ.મી. કરતા વધુ વરસાદ પડવાનું અપેક્ષિત હતું તેની સામે ૨૫૦ મિ.મી કરતા વધુ વરસાદ પડી જવાને કારણે મુંબઈમાં પાણી ભરાઈ ગયા હતા.

### કેમ્પસ કોર્નરમાં રસ્તામાં તિરાડ પડી?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં સોમવારે થયેલી અતિવૃષ્ટિને કારણે ગ્રાન્ટ રોડમાં કેમ્પસ કોનર્ર ખાતે રસ્તો ધસી પડયો હોવાનું જણાઈ આવ્યું હતું. જોકે પાલિકાએ ભારે વરસાદને કારણે રસ્તાનો ડામરનો સ્તર નીકળી ગયો હોવાથી તિરાડો પડી હોવાનો દાવો કર્યો હતો.

સોમવારે ગ્રાન્ટ રોડમાં કેમ્પસ કોર્નર અને મુકેશ ચોક ખાતે રસ્તો ધસી પડયો હોવાના અહેવાલ સોશિયલ મિડિયામાં ફરી વળ્યા હતા, તેને કારણે બેસ્ટની બસ સહિતના ટ્રાફિકને અન્ય રોડ પર વાળવામાં આવ્યો હતો. જોકે પાલિકા ડી વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર મનીષ વાળુંજ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે ભારે વરસાદને કારણે આ રસ્તા પરનું ડામરનું આવરણ નીકળી ગયું હોવાને કારણે રસ્તા પર નીચે બેસી ગયો હોવાનું જણાઈ આવ્યું હતું. રસ્તા પર તરત ડામરનું આવરણ કરીને રસ્તો સમથળ કરવામાં આવ્યો હતો અને કલાકની અંદર જ રસ્તો વાહનવ્યહાર માટે ફરી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

### ચોમાસાનું આગમન કેમ જલદી?

આ વર્ષે મુંબઈમાં ૧૬ દિવસ જલદી ચોમાસાનું જલદી આગમન થયું છે. હવામાન વિભાગના નિષ્ણાતોના કહેવા મુજબ જુદા જુદા કારણો ચોમાસાના જલદી આગમન માટે જવાબદાર હોય છે, જેમાં પવનોની દિશા નૈર્ઋત્યની થાય એ સાથે તેની તીવ્રતા વધતી હોય છે. વરસાદ માટે ભેજ મહત્વનો હોય છે. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૦ટકા કરતા વધી જાય, તેમ જ દરિયામાંથી ભરપૂર પ્રમાણમાં કરન્ટ મળે અને દરિયાની સપાટીનુ તાપમાન પણ ઘટી જતું હોય છે. તો જમીન પરની વરાળનો જથ્થો વાતાવરણના પહેલા પટ્ટામાં જમા થાય અને ત્યાં ઠંડા થાય ત્યારે વરસાદનું આગમન જલદી થાય છે. એ ઉપરાંત હિંદ મહાસાગરમાના કુદરતી પરિબળો પણ મદદરૂપ થયા છે. ■

## 'ચૅટિંગ સ્કેમ'

ધરપકડ કરેલા યુવાનની ઓળખ પાર્થકુમાર અજયભાઈ ચૌહાણ (૨૯) તરીકે થઈ હતી. ચૌહાણ જે બે યુવકને પોતાની સાથે લાઓસ લઈ જઈ રહ્યો હતો તેમને પણ પોલીસે પૂછપરછ માટે તાબામાં લીધા હતા.

પોલીસના જણાવ્યા મુજબ ચૌહાણ ૨૦ અને ૨૧ વર્ષના બે યુવકને લઈ રવિવારની રાતે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પહોંચ્યો હતો. ત્રણેય જણ મધરાતે ૧૨.૪૦ વાગ્યાની ફ્લાઈટથી વિયેતનામ જવાના હતા અને ત્યાંથી બીજી ફ્લાઈટમાં લાઓસ પહોંચવાના હતા.

જોકે બોર્ડિંગ પાસ અને અન્ય દસ્તાવેજોની ચકાસણી દરમિયાન ઈમિગ્રેશન અધિકારીને ચૌહાણ પર શંકા ગઈ હતી. તેને વધુ પૂછપરછ માટે વરિષ્ઠ અધિકારી સમક્ષ લઈ જવાયો હતો. ચૌહાણની આકરી પૂછપરછમાં માનવ તસ્કરીનો પર્દાફાશ થયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ચૌહાણ અગાઉ બે વખત લાઓસ ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે દુબઈના એજન્ટ મારફત તે ૨૦૨૨ અને ૨૦૨૪માં એક-એક વર્ષ માટે લાઓસ ગયો હતો. અમેરિકા, કૅનેડા અને ઑસ્ટ્રેલિયાના નાગરિકોને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણની લાલચે છેતરવાના કૌભાંડ સાથે સંકળાયેલી ટોળકી માટે ચૌહાણ કામ કરતો હતો.

બબ્બે વખત સફળ થયેલો ચૌહાણ ત્રીજી વખત પોતાની સાથે સુરતના બે યુવકને લઈ જતો હતો. બેચલર ઑફ કમ્પ્યુટર ઍપ્લિકેશનનો અભ્યાસ કરનારા બન્ને યુવકને મહિને ૬૦થી ૭૦ હજાર રૂપિયાના પગારની નોકરીની લાલચ અપાઈ હતી. જોકે તેમને ચૅટિંગ સ્કેમની જાણકારી અપાઈ નહોતી. માત્ર લાઓસમાં કમ્પ્યુટર પર કામ કરવાની નોકરી હોવાનું બન્નેને કહેવામાં આવ્યું હતું, એવું પોલીસ તપાસમાં જણાયું હતું. ■

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**
વરલ નિવાસી હાલ અંધેરી સ્વ. જયાબેન જયંતીલાલ શામજીભાઇ શાહના સુપુત્ર મહેન્દ્રભાઇ (ઉં. વ. ૭૭) તે ઉષાબેનના પતિ. પારસ, દર્શના તથા ઉમંગના પિતાશ્રી. સ્વ. કનકબેન, દિલીપભાઇ, જીતેન્દ્રભાઇ તથા હરેશભાઇના મોટાભાઇ. હિરલ, વિરલકુમાર તથા નિધિના સસરા. ભાવનગર નિવાસી કેશવલાલ મુલચંદ વોરાના જમાઇ. રવિવાર તા. ૨૫-૫-૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૨૭-૫-૨૫ના ૪થી ૬. ઠે. જલારામ હોલ, જુહુ સ્કીમ, જોગર્સપાર્કની સામે, વિલેપાર્લે (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
મોરબી નિવાસી હાલ દાદર સ્વ. વિજયભાઇ ભોગીલાલ મહેતાના ધર્મપત્ની મીનાબેન (ઉં. વ. ૮૧) શનિવાર તા. ૨૪-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ઉર્મી તુહીન કાપડીયાના માતુશ્રી. કરન, અદીત-બ્રુકના નાની. એશડીના ગ્રેટ નાની. સ્વ. પ્રભાબેન શાંતીભાઇ મહેતા (રતલામ)ના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી સ્થા. જૈન**
ધ્રાફા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. હસમુખભાઇ હિંમતલાલ મહેતાના ધર્મપત્ની રંજનબેન (ઉં. વ. ૮૩) તા. ૨૪-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ભાવેશભાઇ તથા હિતેશભાઇના માતુશ્રી. ભારતીબેન તથા પારુબેનના સાસુજી. નગીનભાઇ સ્વ. પ્રતાપભાઇ ભરતભાઇ, રસીલાબેન નંદકુમાર મહેતા, તરુણાબેન કિર્તીકુમાર શાહના ભાભી. પૂજા પ્રિયાંક મીઠાણી, નેહા, યશ, મીલોનીના દાદી. પિયરપક્ષે પડધરી નિવાસી કસલચંદ મોતીચંદ ગારડીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૨૦૮/૫૬૫૪, અનીતા કુટીર ૪થે માળે, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**સોરઠ વિસા શ્રીમાળી જૈન**
તોરી નિવાસી હાલ મુંબઇ સ્વ. છગનલાલ ભીમજી મહેતાના સુપુત્ર કાકુલાલભાઇ (ઉં. વ.૯૯) તે સ્વ. લવંગિકાબેનના પતિ. સમીર અને સ્વ. માલાબેનના પિતાશ્રી. જાગૃતિબેન તથા દીપકભાઇ વારિયાના સસરા. હર્ષ અને મુસ્કાન, તોરલ હેતલ ચાંદનીના દાદાનાના. સ્વ. મગનલાલ સોભાગચંદ શાહના જમાઇ. રસિકભાઇ મહેતા, તારાબેન ન્યાલચંદ મહેતા તથા કંચનબહેન નાગજીભાઇ શાહના ભાઇ. તા. ૨૪-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**
ધ્રાંગધ્રા નિવાસી (ઝરીયાવાળા) હાલ વસઈ, સ્વ. કાંતિભાઈ ખુશાલચંદ્ર શાહના ધર્મપત્ની વિમળાબેન (ઉં. વ. ૯૦) તે હરીશભાઈ, ગીરીશભાઈ, ચંદ્રિકાબેનના માતુશ્રી. મીતાબેન, લતાબેન, હર્ષદભાઈના સાસુ. મહર્ષિ- દેવર્ષિના દાદી. સ્વ. કાળીદાસ ખંધાર બોટાદના દીકરી. ૨૩/૫/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા નીમા જૈન**
કપડવંજ નિવાસી, હાલ ગોરાઈ બોરીવલી, અ.સૌ. સુધાબેન મહેન્દ્રભાઈ દોશી (ઉં. વ. ૭૬) તે રમણલાલ વાડીલાલ દોશીના પુત્રવધૂ. રમણલાલ ભોગીલાલ ગાંધીની સુપુત્રી. જીગર અને પાયલના માતુશ્રી. ત્વિશાનાદાદી. ૨૫/૫/૨૦૨૫ના અરિહંતશરણ થયા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સ્થાનકવાસી છ કોટી જૈન**
લીંબડી અજરામર સંપ્રદાયનાં પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી ભાવચંદ્રજી સ્વામીનાં આજ્ઞાનુવર્તીની તપ તીર્થ સ્વરૂપા સાધ્વીરત્ન શ્રી વેલબાઇ મ.સ.ના સંઘાડાનાં તપસ્વીની સાધ્વીરત્ન શ્રી વિમળાબાઇ મ.સ.ના સુશિષ્યા મ.સ. શ્રી શોભનાજી આર્યાજી (ઉં.વ. ૭૫) તા. ૨૫-૫-૨૫, રવિવારનાં અમદાવાદમાં કાળધર્મ પામ્યા છે. તેઓશ્રી સંસાર પક્ષે ત્રંબૌ (તા. રાપર-કચ્છ/વાગડ) નાં માતુશ્રી હીમાબેન પેથાભાઇ આસધીરભાઇ સત્રાના સુપુત્રી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**
વિઢના નીતા મોહન નાગડા (ઉં. વ. ૪૪) તા. ૨૪-૫-૨૫ના અરિહંતશરણ પામેલ છે. માતુશ્રી લક્ષ્મીબાઇ પ્રેમજી આસુના પુત્રવધૂ. મોહનના ધર્મપત્ની. રીતેશના મમ્મી. હુબલીના કમળાબેન વિષ્ણુભાઇના દિકરી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મોહન નાગડા, પી-૨૦૪, નવનીતનગર, ડોંબીવલી (ઇ.).

પત્રીના ભરત ભાણજી ગડા (ઉં. વ. ૬૦) તા. ૨૪-૫-૨૫ના અવસાન પામ્યા છે. અમૃતબેન ભાણજી તલકશીના સુપુત્ર. આશાના પતિ. દર્શનીના પિતાશ્રી. ડો. ધીરેન, મનીષના ભાઈ. રૂક્ષ્મણીબેન મણીલાલ પ્રેમજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. અમૃતબેન ભાણજી ગડા, ૮૫, અવંતી એપા., સેનાપતિ બાપટ માર્ગ, દાદર (વેસ્ટ).

નાગલપુરના હરેશ તેજશી મોતા (ઉં. વ. ૬૪) તા. ૨૩-૫-૨૫ના અવસાન પામેલ છે. પાનબાઈ તેજશીના સુપુત્ર. હંસા (હેમા)ના પતિ. નેમચંદ, હેમચંદ, મુકેશ, દિલીપ, જ્યોતી, હીના, ભારતીના ભાઈ. અમૃતબેન દામજીના જમાઈ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સંઘ સં. કરસન લધુ હોલ, દાદર (વે), બપોરે ૨ થી૩.૩૦. નિ. હરેશ મોતા, કાલિકા હાઇટ્સ, એ-૧/૨૦૨, ચંદનવાડી, થાણા (વે) ૬૦૨.

બાડાના દેવચંદ કેશવજી વિસરીયા (ઉં. વ. ૮૬) તા. ૨૩-૫-૨૫ના અવસાન પામ્યા છે. દેવકાબાઇ કેશવજીના પુત્ર. ગુણવંતીના પતિ. જીતેન્દ્ર, રેખા, નીતા, અલ્પા, કેતકીના પિતા. દામજી, હેમલતા, દિનેશના ભાઇ. બાડાના મકાંબાઇ/લખમીબાઈ કેશવજી હીરજીના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈ. સં. સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે) સાંજે ૪ થી ૫.૩૦. નિ. ચારૂલતા વિસરીયા, ૨/૧૧, બાલાજી, એસ.એન.રોડ, મુલુંડ (વે).

ભુજપુર (હૈદરાબાદ)ના નવીનચંદ્ર ભેદા (ઉં. વ. ૮૬) તા. ૨૨-૦૫-૨૫નાં અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન શામજી શિવજી ભેદાનાં પુત્ર. ચંપાબેનના પતિ. દિપના ભારતી ચેતના કેતકી, નિમેષના પિતા. હસમુખ, દિનેશ, રતનબેન નરશીના ભાઈ. મો. આસંબીયાના પુત્રીબાઈ હંસરાજ લાલજી છેડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. નવીન ભેદા, ૩-૬-૪૩૩, ૨૦૧, અરિહંત ગુલમોહર, હિમાયતનગર, હૈદરાબાદ-૫૦૦૦૨૯.

## પારસી મરણ

ફરોખ ફરામરોઝ કકલીયા તે મરહુમ ફ્રેની તેમ જ ફરામરોઝ એદલજી કકલીયાના દીકરા. તે કેરસી તથા આરમઈટી અદીભાભા ના ભાઇ. તે માહરુખના દેર. તે મરહુમ અદી નોશીવાન ભાભાના સાલા. તે મરહુમ સરોશના કાકાજી. (ઉં. વ. ૮૦) ર.ઠે. ફ્લેટ નં. બી ૧/૧૨, મઝદા સી.એચ.એસ. ૧લે માળે, સંજાણ, વલસાડ-ગુજરાત, ૩૯૬૧૫૯. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૭-૫-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની બેનટ નં-૬માં ડુંગરવાડી પર.

## હિન્દુ મરણ

**કપોળ**
મોણપરવાળા હાલ ઘાટકોપરના સ્વ. મંજુલાબેન નટવરલાલ મહેતાના સુપુત્ર નીતીન મહેતા (ઉં.વ. ૭૧), હર્ષાબેનના પતિ, રોહન અને નિધિના પિતાશ્રી. સાગર અને મોનાલીના સસરા. હર્ષદભાઈ, ચારુબેન પ્રવિણભાઈ સંઘવી અને જ્યોતિબેન સુરેશભાઈ મહેતાના ભાઈ. (હેમાબેનના દિયર.) જાફરાબાદવાળા નારણદાસ અંદરજી મહેતાના જમાઈ રવિવાર, તા. ૨૫-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૨૭-૫-૨૫ના પથી ૭. ઠેઃ મહારાજા અગ્રસેન ભવન બેન્ક્વેટ હોલ, ત્રીજે માળે, સ્વામિનારાયણ મંદિર ઉપર, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (પૂર્વ), લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**
સિહોરવાળા હાલ ઘાટકોપર, સ્વ. લીલાવતી ચીમનલાલ મહેતાના પુત્રવધૂ લતાબેન (ઉં.વ. ૮૧) તે સ્વ. અરવિંદભાઈના ધર્મપત્ની. પ્રીતિ, દિપ્તી, અમીતના માતુશ્રી. રાજેશ મહેતા અને અમીષાના સાસુ. હસમુખભાઈ, કિશોરભાઈ, સ્વ. અશોકભાઈ, સુભાષભાઈ, મંજુલા ધીરજલાલ ભુવા, સરોજ ત્રંબકલાલ પારેખના ભાભી. સ્વ. છગનલાલ કેશવજી કાણકિયાની દીકરી તા. ૨૪-૫-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સર્વે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## તમામ તંત્રો

ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ ૨૪ કલાક કાર્યરત છે. આ માટે બે સત્રમાં વરિષ્ઠ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. વોર્ડ સમિતિ સ્તરે પણ કાર્યવાહી તૈયાર કરવામાં આવી છે. માનવબળ, વાહનો અને જેસીબીની ઉપલબ્ધતા છે. ભરાયેલા પાણીના નિકાલ માટે ૩૮ સ્થળોએ ૬૬ ઉચ્ચ-ક્ષમતાવાળા પંપ સ્થાપિત કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૩૫ મીમી વરસાદ પડ્યો છે, પરંતુ પાણી ભરાઈ જવા અંગે કોઈ ફરિયાદ મળી નથી. નાયબ મુખ્ય પ્રધાન શિંદેએ એમ પણ કહ્યું કે જ્યાં થોડું પાણી હતું ત્યાં પણ પંપની મદદથી તેને દૂર કરવામાં આવ્યું હતું. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં ૦૬ સ્થળોએ વરસાદ માપક યંત્રો અને ૦૬ ડ્રેઇન પર પૂર સેન્સર કાર્યરત છે. વરસાદ પડતાં ૪૩ સંભવિત સ્થળોએ સ્ટાફ તૈનાત કરવામાં આવ્યો છે. ૨૯ કર્મચારીઓની ટીડીઆરએફની ટીમ પણ તૈનાત કરવામાં આવી છે. સી-૧ શ્રેણીની ૯૦ અત્યંત જોખમી ઇમારતોમાંથી ૪૨ ખાલી છે. ૦૬ ઇમારતોના રહેવાસીઓને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે ૧૯૭ પરિવારોને સ્થળાંતર કરવાનું કામ ચાલી રહ્યું છે. આ પહેલો મોટો વરસાદ છે અને પર્વત વિસ્તારોમાંથી વહેતા અને ગટરોમાં એકઠા થતા તરતા કચરાને તાત્કાલિક દૂર કરવા જોઈએ. તેમજ સાંસદ નરેશ મ્હસ્કેએ બેઠકમાં નિયમિત સ્થળોએ પાણીના સંચય પર નજર રાખવા અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો.

ઉપરાંત, દરેક વ્યક્તિએ ચાર મુદ્દાઓ પર વધુ ધ્યાન આપવું, ડ્રેઇન સફાઈનું કામ પૂર્ણ કરવું, સી-૧ શ્રેણીમાં અત્યંત જોખમી ઇમારતોને ખાલી કરવી, તાત્કાલિક જરૂરી રસ્તાનું સમારકામ કરવું અને ખતરનાક વૃક્ષોની ડાળીઓ કાપવાનું કામ ઝડપી બનાવવું.

આપત્તિ દરમિયાન ક્યાં સંપર્ક કરશો

થાણે મ્યુનિસિપલ કોર્પોરેશને નાગરિકોને થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં કોઈપણ કુદરતી આફત દરમિયાન ૧૮૦૦-૨૨૨-૧૦૮/૮૬૫૭૮૮૭૧૦૧ પર ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલનો સંપર્ક કરવા અપીલ કરી છે. ■

## બીમારીઓનું

રાજ્યમાં ડેન્ગ્યુના ૯,૧૪૭ કેસ નોંધાયા હતા, જેમાં ૨૦ નું મૃત્યુ થયું હતું. ૨૦૨૩માં, આ સંખ્યા ૧૨,૮૨૧ પર પહોંચી અને ૨૯ મૃત્યુ થયા હતા. ૨૦૨૪માં, ફક્ત મે મહિનાના અંત સુધીમાં ૪,૯૦૫ ડેન્ગ્યુના કેસ નોંધાયા છે, અને ૧૧ લોકોના મોત નોંધાયા હતા. વર્ષના અંત સુધીમાં આ સંખ્યા ૨૦,૦૦૦ ને વટાવી ગઈ હતી. ખાસ કરીને મહારાષ્ટ્રના મુંબઈ, થાણે, પુણે અને ઔરંગાબાદ શહેરોમાં ડેન્ગ્યુના કેસોમાં વધારો થયો છે.

મલેરિયાના કેસો તરફ નજર કરીએ તો ૨૦૨૨માં રાજ્યમાં ૪૧,૭૩૨ કેસ નોંધાયા હતા, જ્યારે ૨૦૨૩માં આ સંખ્યા ૪૩,૨૧૫ પર પહોંચી ગઈ હતી. ૨૦૨૪ માં, મે મહિનાના અંત સુધીમાં ૧૬,૯૨૮ કેસ મળી આવ્યા હતા. આ વર્ષે આ સંખ્યા વધુ વધી શકે છે. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઈઝરાયલનો ગાઝા પર હુમલોઃ બાવનનાં મોત

દૈર અલ-બલાહ : ઈઝરાયલે સોમવારે ગાઝા પટ્ટીમાં હવાઈ હુમલા કરતાં ઓછામાં ઓછા બાવન જણ મરણ પામ્યાં હતાં. આમાં આશ્રયસ્થાનમાં રૂપાતંરિત શાળા પરના હુમલાનો સમાવેશ થાય છે. શાળામાં લોકો સુતા હતા ત્યારે ઈઝરાયલે હુમલો કર્યો હતો.અને આમાં ૩૬ જણ માર્યા ગયા હતા. હુમલાને લીધે શાળામાં નિરાશ્રિતોએ રાખેલી વસ્તુઓ પણ સળગી ગઈ હતી. ઈઝરાયલના લશ્કરે દાવો કર્યો હતો કે અમે સ્કૂલમાંથી સંચાલન કરતા આતંકવાદીઓ પર હુમલો કર્યો હતો.

માર્ચમાં હમાસ સાથેના યુદ્ધવિરામનો અંત આવતા ઈઝરાયલે નવેસરથી હુમલો શરૂ કર્યા હતા. ઈઝરાયલે સંકલ્પ કર્યો છે કે હમાસ જ્યાં સુધી બાકી રહેલા ૫૮ બાનને નહી છોડે અને હમાસનો વિનાશ નહીં થાય અથવા તેને નિઃશસ્ત્ર નહીં કરાય ત્યાં સુધી ગાઝા પટ્ટી પર કબજો જમાવી રાખશે અને જંગ ચાલુ રાખશે. હમાસે સાત ઓક્ટોબર, ૨૦૨૩એ ઈઝરાયલ પર આતંકવાદી હુમલો કર્યો હતો અને આ હુમલાને લીધે ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલું થયું હતું. બાકી રહેલા ૫૮માંથી ત્રીજા ભાગના હજી જીવતા હોવાનું મનાય છે.

ઈઝરાયલે અઢી મહિના સુધી બધા ખાદ્યપદાર્થ, દવા, ઈંધણ કે બીજી વસ્તુઓને ગાઝામાં જતી અટકાવી હતી. હવે ગયા અઠવાડિયે જ ઈઝરાયલે નાની માનવસહાયને ગાઝામાં જવાની છૂટ આપી હતી. સહાય જૂથોએ ચેતવણી આપી છેકે ગાઝામાં દુકાળ આવશે અને ઈઝરાયલ અત્યારે જે નાના પ્રમાણમાં માનવ સહાયની મંજૂરી આપી છે એ પૂરતી નથી.

નવી સહાય પદ્ધતિ અમેરિકા અને ઈઝરાયલે વિકસાવી છે, પરંતુ સંયુક્ત રાષ્ટ્ર સંઘની એજન્સીઓએ આ પદ્ધતિને ઠુકરાવી દીધી છે. આ પદ્ધતિનું નેતૃત્વ કરતા અમેરિકને રાજીનામું આપી દીધું છે અને કહ્યું છે કે આ પદ્ધતિ સ્વતંત્ર રીતે કામ નહીં કરી શકે. સહાય સોમવારથી શરૂ થાય એવી અપેક્ષા છે. (એજન્સી)■




**સ્વાગતઃ** ગુજરાતના વડોદરામાં સોમવારે યોજાયેલા રોડ શૉ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી ટેકેદારોનું અભિવાદન કરી રહ્યા હતા ત્યારે આર્મી ઑફિસર કર્નલ સોફિયા કુરેશીના પરિવારજનોએ મોદી પર પુષ્પવર્ષા કરી હતી. (એજન્સી)

# આતંકવાદને સહન કરવામાં આવશે નહીંઃ ધનખડ

નરસિંહપુર (મધ્ય પ્રદેશ) : ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે સોમવારે મધ્ય પ્રદેશના નરસિંહપુરમાં કૃષિ ઉદ્યોગ સમાગમ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. કાર્યક્રમને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે ભારતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આતંકવાદ સામે કડક કાર્યવાહી કરી છે અને સમગ્ર વિશ્વને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે આતંકવાદને હવે સહન કરવામાં આવશે નહીં.

નોંધનીય છે કે ૨૨ એપ્રિલના રોજ આતંકવાદીઓએ કાશ્મીરના પહલગામમાં હુમલો કરીને ૨૬ નિર્દોષ લોકોની હત્યા કરી હતી. જવાબમાં ભારતે ૭ મેના રોજ 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યું હતું. આ ઓપરેશનમાં પાકિસ્તાન અને પીઓકે (પાકિસ્તાન અધિકૃત કાશ્મીર) માં આતંકવાદીઓનાં ઠેકાણાઓ પર ચોક્કસ બોમ્બમારો કરવામાં આવ્યો હતો અને તેમને ભારે નુકસાન થયું હતું.

ઉપરાષ્ટ્રપતિ ધનખડે કહ્યું કે વડા પ્રધાન મોદીનું વલણ સ્પષ્ટ છે, ''જેઓ આપણી બહેનોના સિંદૂર લૂછશે તેમને આ ધરતી પર જીવવાનો કોઈ અધિકાર નથી.'' તેમણે કહ્યું કે આખા દેશે એક થઈને દેશભક્તિ દર્શાવી અને વિશ્વને ભારતની તાકાત બતાવી હતી. ધનખડે કહ્યું હતું કે ભારતે બહાવલપુર, મુરીદકે અને અન્ય સ્થળોએ આતંકવાદ સામે જે રીતે સચોટ બોમ્બમારો કર્યો તે પહેલાં ક્યારેય થયો ન હતો. પાકિસ્તાનના સૈનિકો અને નેતાઓ પોતે આતંકવાદીઓની કોફિન સાથે ઊભા જોવા મળ્યા હતા, તેથી હવે કોઈને પુરાવાની જરૂર નહોતી. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે જે નિર્ણય ૭૦ વર્ષમાં લેવામાં આવ્યો ન હતો તે પીએમ મોદીએ લીધો હતો. સિંધુ નદીનું પાણી પાકિસ્તાન જતું અટકાવવામાં આવ્યું કારણ કે 'લોહી અને પાણી એકસાથે વહી શકતા નથી.'

આ પ્રસંગે ધનખડે ૧૧૬ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો હતો. તેમણે કહ્યું કે ભારતે જાપાનને પાછળ છોડીને વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. ટૂંક સમયમાં ભારત જર્મનીને પાછળ છોડીને ત્રીજા સ્થાને આવી જશે. ■

# ઈડીના દરોડામાં ₹ ૧.૭૦ કરોડની રોકડ અને દસ્તાવેજો જપ્ત

નવી દિલ્હી : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે જણાવ્યું છે કે તેણે મની લોન્ડરિંગ તપાસ સાથે સંકળાયેલા કથિત ઘર ખરીદનારાઓના છેતરપિંડીના કેસમાં જયપી ઇન્ફ્રાટેક લિમિટેડ (જીલ), જયપ્રકાશ એસોસિએટ્સ લિમિટેડ(જાલ) અને અન્ય સંસ્થાઓ સામે દરોડામાં ૧.૭૦ કરોડ રૂપિયાની રોકડ અને સ્થાવર સંપત્તિ સંબંધિત દસ્તાવેજો જપ્ત કર્યા છે.

૨૩ મેના રોજ દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ અને મુંબઈમાં ૧૫ જગ્યાઓ પર મની લોન્ડરિંગ નિવારણ કાયદા (પીએમએલએ) હેઠળ દરોડા પાડવામાં આવ્યા હતા.

આ તપાસમાં જાલ, તેની સંબંધિત સંસ્થાઓ અને તેના પ્રમોટર્સના ડિરેક્ટરોના કાર્યાલયો અને પરિસરોને આવરી લેવામાં આવ્યા હતા.

''જાલના મુખ્ય વ્યવસાયિક સહયોગીઓ, જેમાં ગૌરસન્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, ગુલશન હોમ્ઝ પ્રાઈવેટ લિમિટેડ અને મહાગુન રિયલ એસ્ટેટ પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે, તેમની સાથે સંબંધિત કાર્યાલયો અને પરિસરોમાં પણ શોધખોળ હાથ ધરવામાં આવી હતી,'' એમ કેન્દ્રીય તપાસ એજન્સીએ રવિવારે જારી કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું.

આ મની લોન્ડરિંગ કેસ દિલ્હી પોલીસ અને ઉત્તર પ્રદેશ પોલીસની આર્થિક ગુના શાખા (ઇઓડબ્લ્યુ) દ્વારા જાલ, જિલ જેવી કંપનીઓ અને તેમના પ્રમોટરો, ડિરેક્ટરો સામે નોંધાયેલી એફઆઈઆર માંથી ઉદ્ભવ્યો છે.

એફઆઈઆરમાં મોટા પાયે છેતરપિંડી અને ગુનાહિત કાવતરું હોવાનો આરોપ છે, જેમાં જેપી વિશટાઉન (જિલ) અને જેપી ગ્રીન્સ (જાલ) જેવા પ્રોજેક્ટ્સમાં રહેણાંક એપાર્ટમેન્ટ અને પ્લોટ ફાળવવાના બહાના હેઠળ ઘર ખરીદનારાઓ અને રોકાણકારોને ભંડોળનું રોકાણ કરવા માટે અપ્રમાણિક રીતે પ્રેરિત કરવાનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યું હતું કે, દરોડા દરમિયાન, નાણાકીય દસ્તાવેજો અને ડિજિટલ ઉપકરણો, પ્રમોટરો, તેમના પરિવારના સભ્યો અને જૂથ કંપનીઓના નામે રાખવામાં આવેલી સ્થાવર મિલકતો અને રૂ. ૧.૭૦ કરોડની રોકડ રકમ જપ્ત કરવામાં આવી હતી.

જયપ્રકાશ એસોસિએટ્સ લિમિટેડ, જે હાલમાં નાદારીની કાર્યવાહીનો સામનો કરી રહી છે, તે સિમેન્ટ, બાંધકામ, રિયલ એસ્ટેટ, પાવર અને હોસ્પિટાલિટી વ્યવસાયમાં કાર્યરત છે.

સુરક્ષા રિયલ્ટીએ એનસીઆરમાં લગભગ ૨૦,૦૦૦ ફ્લેટ ધરાવતા અટકેલા હાઉસિંગ પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવા માટે નાદારી દ્વારા જેપી ઇન્ફ્રાટેક લિમિટેડને હસ્તગત કરી છે. ■

# આસામમાં ચુપી જઇ રહેલા ટ્રકમાંથી પાંચ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત

દિફૂઃ આસામના કાર્બી આંગલોંગ જિલ્લામાં શનિવારે પાંચ કરોડ રૂપિયાની કિંમતના ડ્રગ્સ સાથે એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. આ માહિતી પોલીસે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર મણિપુરથી ઉત્તર પ્રદેશ જઇ રહેલા એક ટ્રકને ખટખટી વિસ્તારમાં એક ચેકપોસ્ટ પર રોકવામાં આવ્યો હતો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે ટ્રકના ગુપ્ત ડબ્બામાં છુપાવીને રાખવામાં આવેલા સાત પેકેટમાં કુલ ૪.૮૯૯ કિલો મોર્ફિન મળી આવ્યું હતું. તેમજ એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. મોર્ફિનની બજાર કિંમત લગભગ પાંચ કરોડ રૂપિયા હોવાનું તેમણે જણાવ્યું હતું. ■

# અમેરિકાના દક્ષિણ કેરોલિનામાં ગોળીબારમાં ૧૧ ઘાયલ

લિટલ રિવર (યુએસ) : દક્ષિણ કેરોલિનાના બીચ ટાઉનમાં રવિવારે રાત્રે ગોળીબાર થયા બાદ ઓછામાં ઓછા ૧૧ લોકોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

હોરી કાઉન્ટી પોલીસે કોઈ ઘાયલ વ્યક્તિની સ્થિતિ કે તેઓ કેવી રીતે ઘાયલ થયા તેની વિગતો આપી નથી, ઘટના રાત્રે ૯:૩૦ વાગ્યે લિટલ રિવરમાં બની હતી.

તપાસકર્તાઓને ખાનગી વાહનોમાં વધુ લોકો હોસ્પિટલમાં પહોંચ્યાના અહેવાલો મળી રહ્યા હતા, એમ હોરી કાઉન્ટી પોલીસે સોશ્યલ મીડિયા પર જણાવ્યું હતું.

ગોળીબારના લગભગ ૯૦ મિનિટ પછી, પોલીસે તેને એક અલગ ઘટના ગણાવી હતી અને કહ્યું હતું કે સમુદાય માટે કોઈ જોખમ નથી. તેમણે સંભવિત શંકાસ્પદો અથવા ગોળીબારનું કારણ શું છે તે અંગે કોઈ માહિતી જાહેર કરી નથી.

ગોળીબાર ઇન્ટ્રાકોસ્ટલ વોટરવે નજીક બોટ ડોકની આસપાસ થયો હતો.

ઘટનાસ્થળ પરથી મળેલા વીડિયોમાં ડઝનબંધ પોલીસ કાર અને એમ્બ્યુલન્સ વિસ્તારમાં આવજા કરતી દેખાઇ હતી. ■




24th Anniversary

ALYSH PATEL
23.08.93 to 27.05.01

"We remember your light,
so pure and bright,
A guiding star in darkest night."

Farosh, Roshan, Fatehali Patel &
AMET Family
www.alyshtrust.org


# એટીએમ કાર્ડ રેકેટનો પર્દાફાશ

## બે લોકોની ધરપકડ, ૪૧ ડેબિટ કાર્ડ જપ્ત

નવી દિલ્હી : દિલ્હીમાં એટીએમ કાર્ડ સ્વેપિંગ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. એક અધિકારીએ સોમવારે જણાવ્યું હતું કે, બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. જેઓ એટીએમ કાર્ડનો ઉપયોગ ઓછો જાણતા હોય, ખાસ કરીને વૃદ્ધોને મદદ કરવાના બહાને તેમના ડેબિટ કાર્ડને અન્ય કાર્ડ સાથે બદલીને છેતરપિંડી કરતા હતા.

બન્નેની ઓળખ આસિફ (૨૫) અને તાલિબ ઉર્ફે કલ્લુ (૨૫) તરીકે થઇ હતી. બન્નેની ૨૩ મેના રોજ દિલ્હીના શાહદરા વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે તેઓ રોકડ ઉપાડવા અથવા ખરીદી કરવા માટે બદલવામાં આવેલા ઓરિજિનલ કાર્ડનો ઉપયોગ કરતા હતા.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ક્રાઇમ) વિક્રમ સિંહે જણાવ્યું હતું કે આરોપીઓ એટીએમ કિઓસ્ક પાસે ફરતા હતા અને મૂંઝવણમાં મુકાયેલા અથવા વૃદ્ધ દેખાતા લોકો પાસે જતા હતા. એક આરોપી માગ્યા વિના મદદ કરવાનો ઢોંગ કરતો હતો અને અન્ય આરોપી દાખલ કરવામાં આવનાર પિન નંબર નોંધી લેતો.

ડીસીપીએ કહ્યું કે બાદમાં આરોપીઓ યોગ્ય સમયે પીડિતના કાર્ડને સમાન દેખાતા કાર્ડ સાથે બદલી નાખતા હતા અને પીડિતને છેતરપિંડીનો ખ્યાલ આવે તે પહેલાં જ ઘટનાસ્થળેથી ચાલ્યા જતા હતા. ડીસીપીએ જણાવ્યું હતું કે, ચોરાયેલા સ્કૂટરના ઉપયોગથી એટીએમની આસપાસ ગતિવિધિ વધતા આરોપીઓને શોધવામાં મદદ મળી હતી. તેમણે જણાવ્યું હતું કે, પોલીસને માહિતી મળી હતી કે વાહન ચોરી અને નાણાકીય છેતરપિંડીમાં સંડોવાયેલા શંકાસ્પદો શાહદરા-મૌજપુર વિસ્તારમાં ચોરાયેલા સ્કૂટર પર જઇ રહ્યા છે ત્યારે તેમને ઝડપવામાં પોલીસને સફળતા મળી હતી.

પોલીસની ટીમે કર્દમપુરી નાલા રોડ પર છટકું ગોઠવ્યું અને બંને આરોપીઓની ધરપકડ કરી હતી. ઓગસ્ટ ૨૦૨૪માં કૃષ્ણા નગરથી સ્કૂટર ચોરાઈ ગયું હોવાની જાણ થઈ હતી. અધિકારીએ જણાવ્યું હતું કે, આસિફ પાસેથી કુલ ૨૬ ચોરાયેલા એટીએમ કાર્ડ અને તાલિબ પાસેથી ૧૫ મળી આવ્યા હતા.

કલ્યાણપુરીમાં એક એટીએમમાંથી સીસીટીવી ફૂટેજમાં શંકાસ્પદો કાર્ડ બદલીને પિન પર જાસૂસી કરતા જોવા મળ્યા હતા, જ્યારે બુરારીમાં એક જૂતાની દુકાનમાંથી બીજી ક્લિપમાં આસિફને સ્પોર્ટસવેર ખરીદવા માટે ચોરાયેલા કાર્ડમાંથી એકનો ઉપયોગ કરતો જોવા મળ્યો હતો. બંને આરોપીઓનો ઉત્તર પ્રદેશમાં ગુનાહિત રેકોર્ડ છે. આસિફ પર આર્મ્સ એક્ટ અને ગેંગસ્ટર એક્ટ સહિત અગાઉના આઠ કેસ છે. તાલિબ ચોરી, લૂંટ અને હુમલો સહિત સાત ગુનાહિત કેસોમાં સંડોવાયેલો છે. ■

# ડોભાલનો મોસ્કોનો પ્રવાસ રદ કરાયો

નવી દિલ્હી : રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલની આ અઠવાડિયાની સૂચિત મુલાકાત રદ કરાઈ છે, એવી માહિતી

સૂત્રોએ આપી હતી. ડોભાલને મોસમી ફ્લુ થયો હોવાથી તેઓ બીમાર છે.

ડોભાલ મોસ્કોમાં ૨૭થી ૨૯ મેમાં સુરક્ષા મુદ્દે યોજાનારી પ્રતિનિધિઓની આંતરરાષ્ટ્રીય બેઠકમાં ભાગ લેવા જવાના હતા. સૂત્રોએ માહિતી આપી હતી કે મોસમી ફ્લુ થયો હોવાથી તેઓ બીમાર હોવાથી બેઠકમાં ભાગ નહીં લઈ શકે.

સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે ડોભાલ બીજી નજીકની તારીખે રશિયા સાથે વ્યૂહાત્મક અને સુરક્ષા બાબતે દ્વિપક્ષીય ચર્ચા કરવા મોસ્કો જશે. (એજન્સી)■

# આંધ્ર પ્રદેશમાં કાર અને ટ્રક વચ્ચે અકસ્માતમાં ચારનાં મોત

કોંથામુરુઃ આંધ્ર પ્રદેશના પૂર્વ ગોદાવરી જિલ્લાના રામનગરમ નજીક સોમવારે સવારે એક કાર અને ટ્રક વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં ચાર લોકોનાં મોત થયાં હતાં. જ્યારે એક ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ માહિતી એક અધિકારીએ આપી હતી.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે સવારે લગભગ ૯-૪૫ વાગ્યે પાંચ લોકો રાજમુંદરીના દીવાન ચેરુવુથી કોવ્વુરુ તરફ જઇ રહ્યા હતા ત્યારે વિરુદ્ધ દિશામાંથી આવતા એક ટ્રકે તેમની કારને ભીષણ ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. તેમજ એક વ્યક્તિનું હોસ્પિટલ લઇ જતી વખતે મૃત્યુ થયું હતું. જ્યારે એક મુસાફરની હાલત ગંભીર હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીએ વધુમાં જણાવ્યું કે અકસ્માત બાદ ટ્રક ડ્રાઇવર ફરાર છે. તેમજ પોલીસ તેની શોધખોળ કરી રહી છે. આ મામલે પોલીસ કેસ નોંધવાની પ્રક્રિયામાં છે. ■


કચ્છી વિશા ઓશવાળ જૈન
પરલોક ગમન

વતન
કચ્છ-પત્રી
જન્મ :
૨૮.૧.૧૯૬૫



મુંબઈ
દાદર-વેસ્ટ
સ્વર્ગવાસ :
૨૪.૫.૨૦૨૫

શ્રી ભરત ભાણજી તલકશી ગડા ઉ.વ. ૬૦

સદ્ગતશ્રીનો આત્મા સિધ્ધ પદને પામો એજ પ્રાર્થના.

પ્રાર્થના સભા રાખેલ નથી. • લૌકીક વહેવાર બંધ છે.

શોકમગ્ન : માતા-પિતા : માતુશ્રી અમૃતબેન ભાણજી તલકશી ગડા
ધર્મપત્ની : શ્રીમતી આશા ભરત ગડા • સુપુત્રી : CA દર્શની ભરત ગડા
એવમ્ સમસ્ત પરિવારજનો

PRESIDENT OPTICAL CO.
સર પી. એમ. રોડ, ફોર્ટ, મુંબઈ-૧

શ્રીમતી આશા ભરત ગડા : મો. 9892227132
પ્રતિક શશીકાંત ગડા : મો. 9819442815


# બાંગ્લાદેશનો નવો સેવા કાયદોઃ વિરોધ કરી રહેલા કર્મચારીઓએ સચિવાલયના મુખ્ય દરવાજાને તાળું માર્યું

ઢાકા/નવી દિલ્હીઃ બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં બાંગ્લાદેશ સચિવાલયના મુખ્ય દરવાજાને સોમવારે સેંકડો સરકારી કર્મચારીઓએ તાળું મારી દીધું હતું. જે વહીવટી કેન્દ્ર છે. કર્મચારીઓએ નવા સેવા કાયદા સામે પોતાનો વિરોધ વધુ તીવ્ર બનાવ્યો છે. આ કાયદો ગેરવર્તણૂક બદલ અધિકારીઓને સરળતાથી બરતરફ કરવાની મંજૂરી આપે છે.

પ્રત્યક્ષદર્શીઓ અને મીડિયા અહેવાલો અનુસાર સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓએ જાહેર સેવા કાયદામાં સુધારા સામેના વિરોધના ત્રીજા દિવસે મુખ્ય દરવાજાને તાળું મારી દીધું હતું. બપોરે લગભગ ૧૨-૩૦ વાગ્યે આંદોલનકારી કર્મચારીઓ મુખ્ય દરવાજા પાસે એકઠા થયા હતા.

આ સમય દરમિયાન દરવાજો બંધ કરી દેવામાં આવ્યો હતો. લગભગ અડધા કલાક પછી બપોરે ૧ વાગ્યાની આસપાસ ફરીથી ખોલવામાં આવ્યો હતો. વિરોધ કરી રહેલા કર્મચારીઓ ગેટથી દૂર ખસી ગયા અને સચિવાલય પરિસરમાં છૂટાછવાયા રીતે ભેગા થયા હતા.

એક ખાનગી ટીવી ચેનલના અહેવાલ મુજબ અડધા કલાક પછી દરવાજો ફરી ખોલવામાં આવ્યો હતો. કર્મચારીઓ કામથી દૂર રહ્યા હોવાથી પરિસરની અંદર સરકારી કામકાજ મોટાભાગે ઠપ્પ રહ્યું હતું. મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસની આગેવાની હેઠળની વચગાળાની સરકારે કાયદાનું સુધારેલું સંસ્કરણ રજૂ કર્યા પછી વિરોધ પ્રદર્શનો શરૂ થયાં છે. આ કાયદો અધિકારીઓને ગેરવર્તણૂક બદલ સરળતાથી બરતરફ કરવાની મંજૂરી આપે છે.

અત્રે નોંધનીય છે કે સરકારી કર્મચારીઓએ વટહુકમ રદ્દ ન થાય ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવાની ધમકી આપી છે. અધિકારીઓએ પરિસરમાં કોઇ પણ પ્રકારની સંભવિત હિંસાની દેખરેખ માટે વધારાની પોલીસ તૈનાત કરી છે. ■

# મુંબઈના જજની સુપ્રીમ કોર્ટમાં બઢતીની ભલામણ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટની કૉલેજિયમે બૉમ્બે હાઈ કોર્ટના ન્યાયાધીશ એ. એસ. ચંદુરકર, કર્ણાટક હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ એન. વી. અન્જારિયા અને ગુવાહાટી હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ વિજય બિશ્નોઈની સુપ્રીમ કોર્ટમાં બઢતી કરવાની સોમવારે ભલામણ કરી હતી.

નિવૃત્તિને કારણે ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્ના, ન્યાયાધીશ અભય એસ. ઓકા અને હૃષીકેશ રોય એમ ત્રણ ન્યાયાધીશની ખાલી પડેલી જગ્યા પૂરવા મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈના વડપણ હેઠળની પાંચ સભ્યની કૉલેજિયમે સુપ્રીમ કોર્ટમાં આ ભલામણ કરી હતી.

ન્યાયાધીશ બેલા એમ. ત્રિવેદી પણ નવમી જૂને નિવૃત્ત થશે.

સુપ્રીમ કોર્ટમાં ૩૪ ન્યાયાધીશની નિર્ધારિત મર્યાદા સામે હાલ માત્ર ૩૧ ન્યાયાધીશ જ કાર્યરત છે. (એજન્સી)■

# મહારાષ્ટ્રના નંદુરબારમાં કાર ખીણમાં ખાબકતાં દેડિયાપાડાના ત્રણનાં મોત, પાંચ ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લામાં ગુજરાતીઓની કારને ગંભીર અકસ્માત નડ્યો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં કાર ખીણમાં ખાબકતાં કારમાં સવાર દેડિયાપાડાના આઠ વ્યક્તિઓમાંથી ત્રણનાં મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય પાંચ લોકો ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ગુજરાતના દેડિયાપાડા તાલુકાના કોલીવાડા, કંકાલા અને પાનસર ગામના આઠ લોકો ઈકો કારમાં મહારાષ્ટ્રના મોલગી વિસ્તારમાં ભજન કાર્યક્રમમાં ગયા હતા. ગુજરાતીઓ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે ગત ૨૨ મે, ૨૦૨૫ના રોજ મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના મોલગી વિસ્તાર નજીક કાર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને કાર જંગલની ઊંડી ખીણમાં ખાબકી હતી. આ ઘટનામાં દેડિયાપાડાના પાનસરના ત્રણ વ્યક્તિનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા.

આ દુર્ઘટનામાં મૃત્યુ પામનાર લોકોમાં મોહનભાઈ બામણીયા વસાવા (ઉં.વ. ૩૯, પાનસર), જીવણદાસ સૂરદાસ વસાવા (ઉં.વ. ૪૦, કંકાલા), સુભાષભાઈ ફુલજીભાઈ (ઉં.વ. ૪૮, રૂપઘાટ, નેત્રંગ)ના નામનો સમાવેશ થાય છે. ■


પ્રાર્થના સભા



સ્વ. મહેન્દ્રભાઈ જયંતિલાલ શાહ

સ્વર્ગવાસ : સં. 2081, વૈશાખ વદ 13, રવિવાર, તા. 25/05/2025

અમારા સ્વર્ગસ્થ વડિલશ્રી નું મધુર જીવન ધાર્મિક પ્રવૃત્તિમય રહ્યુ હતુ.
તેમની વાત્સલ્ય સ્મૃતિઓ અમારા માનસ પર હંમેશા પ્રકાશ પાથરી રહી છે.
તેમની સ્મૃતિઓ ને વારંવાર ઉપસાવી અમારા જીવનને મંગલ ઓથ પ્રદાન કરે છે.
આવા ઉત્તમ આત્માની ઓજસને સ્મૃતિ સ્વરુપ પાથરવાની ક્ષણો એટલે...

પ્રાર્થના સભા

તારીખ : 27 મે 2025, વૈશાખ વદ અમાસ, મંગળવાર
સમય : બપોરના 4:00 કલાક થી 6:00 કલાક
સ્થળ : જલારામ હોલ, જૂહ સ્કીમ રોડ નં. 6, જોગર્સ પાર્કની સામે, જમનાબાઈ સ્કૂલની બાજુમાં, જૂહ સ્કીમ, વિલે પાર્લા (વેસ્ટ), મુંબઇ.

માતુશ્રી જયાબેન જયંતિલાલ શાહ (વરલવાળા) સહપરિવાર
ઉષાબેન મહેન્દ્રભાઈ - ઉર્વશીબેન દિલીપભાઈ - પારુલબેન જીતેન્દ્રભાઈ
સુધાબેન હરેશભાઈ - કનકબેન બિપિનકુમાર
હિરલ પારસ - દર્શના વિરલકુમાર - કાજલ હિમાંશુ - નિધિ ઉમંગ - રિધ્ધિ કાર્તિક - ફોરમ જિનેશ - રીમા મલય
કેવીન, મિત, દિયા, જીયા, ખુશી, એશા, હિત, હેત્વી, જશ, જય, જીત, જિયાના, હિદાન, હિધાન

## નરીમાન પોઈન્ટમાં સૌથી વધુ @ ૧૦ ઈંચ વરસાદ

# મુંબઈના હાલ હવાલ



વાલકેશ્વરમાં તીન બત્તી ખાતે ભેખડ ધસી પડી.

### મે મહિનાનો સૌથી વધુ વરસાદ

ભારતીય હવામાન ખાતાના જણાવ્યા મુજબ કોલાબા વેધશાળા વિસ્તારમાં સૌથી વધુ ૨૯૫ મિ.મી. વરસાદ પડયો હતો, જે ૧૯૧૮ની સાલમાં નોંધાયેલા ૨૭૯.૪ મિ.મી. વરસાદના અગાઉના રેકોર્ડને તોડી નાખ્યો હતો. ભારતીય હવામાન વિભાગે મુંબઈ, થાણે સહિત રાયગઢ, રત્નાગિરી માટે આજે સવારના ૮.૩૦ વાગ્યા સુધી રેડ એલર્ટ જાહેર કરીને ભારે વરસાદ અને વીજળીના ગડગડાટ અને ભારે પવનની આગાહી કરી છે. સોમવાર માટે અગાઉ હવામાન વિભાગે યલો એલર્ટ આપ્યું હતું પણ બાદમાં તેને અપગ્રેડ કરીને મંગળવાર સવાર સુધી માટે રેડ એલર્ટ જાહેર કર્યું હતું.



તમામ હાઈવે, એક્સપ્રેસ-વે પર ગંભીર ટ્રાફિક જેમ સર્જાયો હતો.



રેલવેએ પણ પ્રવાસીઓને રડાવ્યા હતા.



એકવાલાઈન અંડરગ્રાઉન્ડ મેટ્રો-થ્રીમાં પાણી ભરાયા હતા.



દુકાનોમાં પાણી ભરાતા ભારે નુકસાન થયું હતું.



પાલિકાના કર્મચારીઓ નાગરિકોની સેવામાં હાજર રહ્યા હતા.



વાહનોને પાણીમાંથી નીકળતાં તકલીફ પડી હતી.



પાણી ભરાયેલા રસ્તાઓમાંથી પસાર થતા રાહદારીઓ.



ઘરોમાં પાણી ભરાતાં લોકો હેરાન.



જોરદાર વરસાદનો બાળકો – યુવાનોએ આનંદ માણ્યો હતો.



પાણી નહીં ભરાય એવા પાલિકાના દાવા પોકળ ઠર્યા.(તમામ તસવીરોઃ અમય ખરાડે)

તન-મન-ધનથી રહો

# તરોતાજા




# ન ધાર્યું હોય એવું દેશ સંબંધી જોખમ પણ આવી શકે...

*‘નાણાકીય સલાહકારોએ એમના ક્લાયન્ટને અલગ અલગ રોકાણોનો નહીં, પણ સંપૂર્ણ સંપત્તિનો વિચાર કરવાનું શીખવવું જોઈએ. સમસ્યાઓને જ્યારે વિશાળતામાં જોવામાં આવે ત્યારે જોખમને વધુ સારી રીતે સમજી શકાય છે અને સહન કરી શકાય છે.’*

*- ડેનિયલ કન્હમેન*


ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com


આ વાત વર્ષ ૧૯૯૧-’૯૨ની છે. ભારતની પાસે વિદેશી હૂંડિયામણની અનામત એટલી ઓછી થઈ ગઈ હતી કે બે કે ત્રણ સપ્તાહમાં જ તે આયાત માટેની ચૂકવણી કરવાને લાયક રહેત નહીં અને ડિફોલ્ટ કરવો પડ્યો હોત. કોઇ પણ દેશ માટે ડિફોલ્ટ એ ઘણી શરમજનક ઘટના હોય છે. તત્કાલીન કોંગ્રેસ સરકારમાં વડા પ્રધાન પી.વી. નરસિંહ રાવ અને નાણાપ્રધાન ડો. મનમોહન સિંહે એ પરિસ્થિતિને સંભાળી લેવાની હતી. સરકારે દેશની સોનાની અનામતને આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ પાસે ગિરવે રાખીને ધિરાણ લીધું અને બેલેન્સ ઑફ પેમેન્ટની સ્થિતિને સંભાળી લીધી...

એ વખતે સરકારના આ નિર્ણયની આકરી ટીકા થઈ,પરંતુ આગળ જતા સરકારનો એ નિર્ણય સાચો ઠર્યો. એ વખતે

જે જોખમ ઊભું થયું હતું તે કન્ટ્રી રિસ્ક (દેશસંબંધી જોખમ)નું ઉદાહરણ હતું. ભારત જેવા મોટા દેશે ડિફોલ્ટ કરવો પડ્યો હોત તો ફક્ત ભારતના નહીં, સમગ્ર વિશ્વના રોકાણકારોએ સહન કરવું પડે એવી પરિસ્થિતિ નિર્માણ થઈ હોત.

થોડા સમય પહેલાં બ્રિટને યુરોપિયન યુનિયનમાંથી બહાર નીકળી જવાનો નિર્ણય લીધો એ પણ કન્ટ્રી રિસ્ક હતું. તેને લીધે બ્રિટન સાથે સંબંધ ધરાવતી સિક્યોરિટીઝના રોકાણકારોના પોર્ટફોલિયોનું મૂલ્ય ઘટ્યું હતું.

આ પહેલાં યુરોપિયન યુનિયનના જ અન્ય દેશો એટલે કે પોર્ટુગલ, આયર્લેન્ડ, ગ્રીસ અને સ્પેનમાં આર્થિક સંકટ નિર્માણ થયું હતું. આપણે બધા જાણીએ છીએ કે ગ્રીસની કટોકટી અખબારોમાં ઘણી ચર્ચાઈ હતી.

કન્ટ્રી રિસ્કની એ બધી ઘટનામાં જે-તે દેશના રોકાણકારો ઉપરાંત સમગ્ર વિશ્વના રોકાણકારો પર વિપરીત અસર થઈ હતી.

અહીં જણાવવું રહ્યું કે ઘણી વાર આપણે કોઈક સિક્યોરિટીમાં કરેલું રોકાણ આપણી ધારણા મુજબ વળતર આપતું નથી. પોર્ટફોલિયો સંતુલિત હોઈ શકે છે અને આપણે દરેક ઍસેટમાં યોગ્ય રોકાણ કર્યું હોઈ શકે છે. આપણે સારામાં સારા ભાવે રોકાણ કર્યું હોવા છતાં વળતરની દૃષ્ટિએ આખો પોર્ટફોલિયો નબળો દેખાવા લાગે. આવું કન્ટ્રી રિસ્કને લીધે થતું હોય એ શક્ય છે. આવા રિસ્કની પાછળ આર્થિક કે રાજકીય કારણ કે પછી કુદરતી આફત કારણભૂત હોઈ શકે છે.

દેશની કરન્સીનું અવમૂલ્યન, યુદ્ધ કે યુદ્ધ જેવી પરિસ્થિતિ, આંતરવિગ્રહ એ બધાં કન્ટ્રી રિસ્કનાં ઉદાહરણ છે. સુનામી જેવી કુદરતી આફતોની પણ રોકાણ પર થતી અસર આપણી જાણમાં છે.

યમન, ઈજિપ્ત તથા મધ્ય પૂર્વના અન્ય કેટલાક દેશમાં અશાંતિ અને બળવાની સ્થિતિમાં તે દેશોના રોકાણકારોએ ઘણું નુકસાન વેઠવું પડ્યું હતું.

રિઝર્વ બેન્કની ‘લિબરલાઇઝ્ડ રેમિટન્સ સ્કીમ’ મુજબ દરેક ભારતીય દેશની બહાર સવા બે લાખ ડૉલર મૂલ્ય જેટલું રોકાણ કરી શકે છે. આમ છતાં આપણું દેશની બહારનું રોકાણ નહીંવત્ હોય છે. આવી સ્થિતિમાં આપણાં બધાં જ રોકાણ કન્ટ્રી રિસ્કની દૃષ્ટિએ સૌથી વધુ જોખમી હોય છે. દેશમાં ન કરે નારાયણ ને કોઈ કુદરતી આફત આવે, યુદ્ધ થાય કે યુદ્ધ જેવી પરિસ્થિતિ ઊભી થાય કે પછી મોટા આતંકી હુમલા થાય તો આપણાં તમામ રોકાણો પર ઘણી મોટી વિપરીત અસર થાય.

આપણું ઘર, બેન્ક, અકાઉન્ટ, ઘરેણાં, શેર, બોન્ડ, પબ્લિક પ્રોવિડન્ટ ફંડ, સોનું, વગેરે જેવાં તમામ રોકાણ ભારતની અંદર જ હોય છે. આપણે દેશની બહાર એક્સપોઝર ધરાવતા નથી. દેશની બહાર રોકાણ નહીં કરવા માટે એવી દલીલ કરવામાં આવે છે કે દેશની અંદર જ રોકાણ પર વધારે વળતર મળતું હોય ત્યારે બહાર જવાની જરૂર જ ક્યાં છે?

આ દલીલ પૂર્વગ્રહપ્રેરિત છે. ખરું પૂછો તો આપણે દેશની બહાર રોકાણ કરવું જોઈએ એના વિશે કોઈએ આપણને સમજાવ્યું જ નથી અને એવી ચર્ચા પણ કોઈ છેડતું નથી. દેશની બહાર રોકાણ કરવા પાછળનો ઉદ્દેશ ઊંચું વળતર મેળવવાનો નહીં, પણ કન્ટ્રી રિસ્ક ઘટાડવાનો હોવો જોઈએ. વિદેશમાં રોકાણ કરવું એ પણ ડાઇવર્સિફિકેશનનો જ ભાગ છે.

હવે પછી જો તમારો રોકાણ સલાહકાર ભારતની બહાર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રોકાણ કરવાની સલાહ આપે તો એ વિકલ્પને ફગાવી દેતા નહીં. હા, આ સાથે એ પણ ધ્યાન રાખો કે તમારો રોકાણ સલાહકાર ‘સેબી’માં રજિસ્ટર્ડ અને તેની માન્યતા ધરાવતો હોય...એ પણ અગત્યનું છે. ■


ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા
feedback@bombaysamachar.com


# બિહેવિયરલ ફાઈનાન્સમાં કન્ફર્મેશન બાયસ એટલે શું?



ગયા અઠવાડિયે બિહેવિયરલ ફાઇનાન્સના અનુસંધાનમાં આપણે એન્કરિંગ બાયસ વિશે ચર્ચા કરી હતી. આજે આપણે વધુ એક બાયસ એટલે કે પૂર્વગ્રહ વિશે વાત કરીશું અને આ પૂર્વગ્રહને લીધે ફક્ત રોકાણના નિર્ણય નહીં, પણ રોજિંદા જીવનમાં કેવી અસર થાય છે એ જાણવા મળશે.

## કન્ફર્મેશન બાયસ

આ ‘કન્ફર્મેશન બાયસ’ એટલે સરળ શબ્દોમાં કહીએ તો, કોઈ પણ બાબતને મળેલું કન્ફર્મેશન -સમર્થન... ગુજરાતીમાં તેનો બીજો અર્થ થાય છે પુષ્ટિ આપવી. જ્યારે કોઈ વ્યક્તિ પોતાની માન્યતાને સમર્થન આપતી માહિતી શોધતી હોય અને એ માહિતી મળે નહીં ત્યારે બીજા વિચારો વ્યક્ત કરવા લાગી જાય છે. આને કહેવાય કન્ફર્મેશન બાયસ. માણસ ફક્ત પોતાની પ્રવર્તમાન માન્યતાઓને સમર્થન કે પુષ્ટિ મળે એવી જ માહિતી તરફ ધ્યાન આપે છે.

બીજા શબ્દોમાં એમ કહી શકાય કે માણસ પોતાની માન્યતાથી વિપરીત કોઈ વાત સ્વીકારવાને બદલે એની પુષ્ટિ કરનારી માહિતી જ એ ઝંખતો હોય છે. સૌથી પહેલાં એ પોતાનો મત બાંધી લે છે અને પછી આખો દિવસ એના સમર્થનમાં હોય એવી માહિતી શોધ્યા કરે છે. પોતાની વાત સાથે સહમત થનાર વ્યક્તિને લોકો ઘણી સારી રીતે સાંભળતા હોય છે. એ પોતાનો મત ઘડવા માટે નહીં, પણ ઘડાયેલા મતની પુષ્ટિ માટે પ્રયત્નશીલ હોય છે.

ઉદાહરણ તરીકે.....

આપણે કન્ફર્મેશન બાયસને સમજવા માટે ક્રિકેટની રમતનું ઉદાહરણ લઈએ. થોડાં વર્ષ પહેલાં આઇસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપનું આયોજન થયું હતું. એમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે યોજાયેલી એક મેચને યાદ કરીએ. ભારત એ મેચમાં હારી ગયું હતું. એ મેચ રમાઈ એ પહેલાં આપણામાંથી મોટાભાગના લોકોને એમ જ લાગતું હતું કે ભારત આ મેચ સહેલાઈથી જીતી જશે. ભારતમાં શું કોઈએ વિચાર્યું હશે કે પાકિસ્તાન જીતી જશે? ખરું પૂછો તો, લોકો ભારત કેટલા રનથી જીતી જશે એનો અંદાજ બાંધી રહ્યા હતા. આપણને સૌને એમ જ લાગતું હતું કે આઇપીએલ રમીને આવેલી ભારતીય ટીમ ફોર્મમાં છે. આવી આપણી આ દૃઢ માન્યતા બીજું કંઈ નહીં પણ કન્ફર્મેશન બાયસ કહેવાય.

આપણે પહેલેથી જ એવું માની લીધું હતું કે ભારત જીતી જશે. એ વખતે પાકિસ્તાની ખેલાડીઓના ફોર્મ વિશે કોઈને

વિચાર જ આવ્યો નહીં. પાકિસ્તાની ખેલાડીઓમાંથી કોનું ફોર્મ સારું છે અને કોણ નબળું રમી રહ્યું છે એની તપાસ કરવાની કોઈએ દરકાર પણ ન કરી..

બીજું એક ઉદાહરણ લઈએ. હાલ શૅરબજારમાં ઘણા ઉતાર-ચડાવ આવી રહ્યા છે. આ વધઘટ જોઈને આપણામાંથી ઘણાએ એવું ધારી લીધું હશે કે બજાર ઉપર જ જશે. પછી બજાર ઘટે ત્યારે પણ બજાર ઉપર જવાની ધારણાને પુષ્ટિ મળે એવી જ માહિતી શોધવાના પ્રયાસ ચાલી રહ્યા હોય છે.

## કન્ફર્મેશન બાયસ કેવી રીતે દૂર કરવો?

તમે સાચું માનો કે નહીં, પણ કમનસીબે વાસ્તાવિકતા એ છે કે આપણે બધા જ કન્ફર્મેશન બાયસ ધરાવીએ છીએ. આ એક મનુષ્યસહજ વૃત્તિ છે અને એને દૂર કરવાનું અતિશય મુશ્કેલ છે. આમ છતાં અહીં કેટલાક પ્રયોગ આપ્યા છે, જે કન્ફર્મેશન બાયસને અતિક્રમી જવામાં આપણને મદદ કરે, જેમકે...

જે છે તે બધું સ્વીકારતાં જાઓ. કોઈ પણ નિષ્કર્ષ પર આવો નહીં. તરત જ કોઈ પણ વાત ધારી લેવાની ઉતાવળ કરવી નહીં. સંપૂર્ણ માહિતી બહાર આવે નહીં અને તેના વિશે વિશ્લેષણ થાય નહીં ત્યાં સુધી રાહ જુઓ. મોકળું મન રાખો, કારણ કે જ્યારે આપણે નવા વિચારોનો સ્વીકાર કરવાની વૃત્તિ રાખીએ છીએ ત્યારે વધુ વિચારોને આવકારી શકાય છે અને કન્ફર્મેશન બાયસથી બચી શકાય છે.

પોતાની જાતને ખોટી પુરવાર કરો. તમારા વિચારોથી વિપરીત માહિતી સામે આવે ત્યારે તમારા મનમાં જાગતી શંકાને દૂર કરી દો અને વિપરીત માહિતીના સારા સારનો વિચાર કરવો. આપણને ભલે એમાં થોડી તકલીફ જેવું લાગે, પરંતુ તમારાથી અલગ અભિપ્રાય ધરાવતા હોય એવા લોકોની વચ્ચે રહેવાનું ઘણું ઉપયોગી થાય છે. જો એવા લોકો આસપાસ હશે તો જ આપણા પ્રવર્તમાન વિચારોની સામે પ્રતિકાર થશે. આવી સ્થિતિમાં આપણે જ્યારે કોઈ નિષ્કર્ષ પર આવીશું ત્યારે એ વધુ ચોકસાઈયુક્ત હશે. ■


આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com


# તમારી આંખની સમસ્યાનું કારણ ડાયાબિટીસ તો નથી ને?!

ડાયાબિટીસ એક ગંભીર ક્રોનિક રોગ છે. કેટલાક લોકોના દાવા છતાં હજી સુધી તેનો સંપૂર્ણ ઇલાજ થઇ શકે છે, તેવું પુરવાર થઈ શકાયું નથી. ડાયાબિટીસ જેવા ગંભીર રોગને કારણે વ્યક્તિને બીજી ઘણી સમસ્યાઓનો પણ સામનો કરવો પડી શકે છે. તેમાં આંખ સંબંધિત સમસ્યાઓનો પણ સમાવેશ થાય છે. સામાન્ય રીતે ડાયાબિટીસનું મુખ્ય કારણ લોહીમાં શર્કરાના પ્રમાણનું કોઈપણ પ્રકારનું અસંતુલન અથવા તેના સ્તરમાં અતિશય વધારો છે. ડાયાબિટીસ ફક્ત આપણા શરીરના કેટલાક મુખ્ય અંગો જેમ કે હૃદય અને રક્તવાહિનીઓ વગેરેને અસર કરતું નથી, પરંતુ તે આંખ પર પણ પ્રતિકૂળ અસર કરી શકે છે.

ડાયાબિટીસને કારણે થતી ઘણી આંખની સમસ્યામાં ઝાંખી દ્રષ્ટિ એ સૌથી સામાન્ય લક્ષણ છે. આ ઉપરાંત, વીસ થી ચાલીસ વર્ષની વયના પુખ્ત વયના લોકોમાં ડાયાબિટીસ અંધત્વનું મુખ્ય કારણ છે.

ડાયાબિટીસને કારણે વ્યક્તિને આંખે ઝાંખપ અનુભવાય છે, વ્યક્તિને રાત્રે વસ્તુઓ જોવામાં તકલીફ પડી શકે છે, જે એક પ્રકારનું રતાંધળાપણું છે, વ્યક્તિની દૃષ્ટિની ગુણવત્તા બદલાઈ શકે છે, દૃષ્ટિમાં તરતા ધાબાઓ, કાળા તાર અથવા ફ્લોટર દેખાઈ શકે છે,

વ્યક્તિને પોતાની દૃષ્ટિમાં ઘાટા અથવા ખાલી વિસ્તાર દેખાઈ શકે છે. ડાયાબિટીસને કારણે થતી આંખોની સમસ્યાઓમાં ઝાંખી દ્રષ્ટિની સાથે મોતિયા, ગ્લુકોમા અને રેટિનોપેથીનો સમાવેશ થાય છે.



## નિયોવાસ્ક્યુલર ગ્લુકોમા

નિયોવાસ્કયુલર મોતિયો ડાયાબિટીસને કારણે થતી એક ખતરનાક સમસ્યા છે, ભલે તે મોટાભાગના ડાયાબિટીસના દર્દીઓમાં જોવા મળતું નથી. આઇરિસમાં નવી રક્ત વાહિનીઓનો વિકાસ સામાન્ય પ્રવાહી પ્રવાહને અવરોધે છે, જેના કારણે આંખની અંદર ઉચ્ચ દબાણનું કારણ બને છે.

## સાવચેતીનાં પગલાં

ખોરાકમાં ખાંડની માત્રાને નિયંત્રિત કરીને શક્ય તેટલી વહેલી તકે બ્લડ સુગર લેવલને સામાન્ય બનાવવાનો પ્રયાસ કરો. બ્લડ સુગર લેવલની સાથે, દર્દીએ બ્લડ પ્રેશર અને કોલેસ્ટ્રોલ લેવલને નિયંત્રિત કરવા પર પણ ધ્યાન આપવું જોઈએ. નિયમિત તપાસ માટે તમારા નેત્ર ચિકિત્સકની સલાહ લેવાનું ભૂલશો નહીં. ધૂમ્રપાન, દારૂ વગેરે હાનિકારક ટેવોને ટાળો. ટ્રાન્સ ફેટી એસિડ્સથી ભરપૂર ખોરાક ટાળો. ડાયાબિટીસ સંબંધિત લગભગ બધી આંખની સમસ્યાઓ (ખાસ કરીને ગ્લુકોમા) માટે, લાંબા સમય સુધી સતત એક બાજુ સૂવાનું ટાળો. તમારી આંખોને યુવી કિરણોથી બચાવવા માટે બહાર નીકળતી વખતે સનગ્લાસનો ઉપયોગ કરો.

## અસ્પષ્ટ દૃષ્ટિ

બીમારીને કારણે થતી સમસ્યાઓમાં એક અસ્પષ્ટ દૃષ્ટિની પણ છે. લોહીમાં શર્કરાના સ્તરમાં વધારો થવાથી શરીરમાંથી પાણી આંખના લેન્સમાં ખેંચાય છે, જેના કારણે આંખના લેન્સ ફૂલી જાય છે, જેનાથી વ્યક્તિની જોવાની ક્ષમતામાં ફેરફાર થાય છે.

## મોતિયો

મોતિયો આમ તો વૃદ્ધત્વની પ્રક્રિયા સાથે આવે છે, પણ એ જ મોતિયો ડાયાબિટીસની આડઅસર રૂપે નાની ઉંમરે પણ આવી શકે

## ગ્લુકોમા

બ્લડ સુગર લેવલ વધવાને કારણે આંખનો તરલ પદાર્થ બહાર નીકળી શકતો નથી, આના કારણે આંખની અંદર દબાણ વધવા લાગે છે. આ દબાણ આંખની ચેતા અને રક્તવાહિનીઓ માટે હાનિકારક છે. આ આંખની સ્થિતિને ગ્લુકોમા કહેવામાં આવે છે.

ડાયાબિટીઝના દર્દીને પણ તેનું જોખમ રહેલું છે.

## ડાયાબિટીક રેટિનોપેથી

આંખની એક વધુ સમસ્યા છે ‘ડાયાબિટીક રેટિનોપેથી’. આ એક એવી સ્થિતિ છે જે આંખમાં રેટિનાની રક્ત વાહિનીઓને નુકસાન પહોંચાડે છે. શરૂઆતના તબક્કામાં, રેટિનામાં રહેલી રક્તવાહિનીઓ મેક્યુલામાં બહાર નીકળી જાય છે અને લીક થાય છે, જેના કારણે ઝાંખી અથવા લહેરાતી દ્રષ્ટિ થાય છે.

મહત્ત્વનું એ છે કે, જો તમને ડાયાબિટીઝ હોય તો તમારે આંખની નિયમિત તપાસ કરાવતા રહેવું જોઈએ. તેનાથી આંખને થનારા સંભવિત નુકસાનને સમયસર નિયંત્રણમાં કરવાની શક્યતાઓ વધી જાય છે. પાછળથી શરૂ કરેલી સારવાર તમારી આંખોને થયેલા નુકસાનને ઉલટાવી શકતી નથી. હા, યોગ્ય તબીબી સારવાર અને સંભાળ દ્વારા તેને અમુક હદ સુધી નિયંત્રિત કરી શકાય છે. ડોકટરો સામાન્ય રીતે દર્દીઓને દબાણ અને સોજો ઘટાડવા માટે આંખના ટીપાં લખી આપે છે.

આ ઉપરાંત, તે આંખોમાંથી પ્રવાહીને બહાર નીકળતા અટકાવવામાં પણ મદદ કરે છે.

ડોકટરો મોટાભાગે ડાયાબિટીસ સંબંધિત આંખની સમસ્યાઓનો પ્રારંભિક તબક્કામાં દવાઓથી ઉપચાર કરવાનો પ્રયાસ કરે છે. કેટલાક કિસ્સાઓમાં તે કરી શકાય છે, જ્યારે અન્ય કિસ્સાઓમાં શક્ય ન પણ હોય ત્યારે આંખ પાસે ઇન્જેક્શન વાટે પણ સારવાર થાય છે. ડાયાબિટીસ સંબંધિત મોટાભાગની આંખની સમસ્યાઓ માટે લેસર સારવાર એ છેલ્લી સારવાર છે, જે રેટિનાને ગંભીર નુકસાન થાય તે પહેલાં દૃષ્ટિનું સંપૂર્ણ નુકસાન અટકાવવામાં અસરકારક રીતે મદદ કરે છે. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# શરીરને ઠંડક બક્ષતી વનસ્પતિ ખસ



**મોસમમાં** બદલાવ થાય તેની અસર આરોગ્ય ઉપર પ્રથમ જોવા મળે છે. બેવડી મોસમનો સમય ચાલી રહ્યો છે. ક્યારેક ગરમી તો ક્યારેક વરસાદી માહોલ. તેમાં મુંબઈ જેવા શહેરમાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી પરસેવો અતિશય થતો હોય છે. આવા સંજોગોમાં શરીરને સ્વસ્થ રાખવું આવશ્યક બની જાય છે. ભારતની ભૂમિને પાવન ભૂમિ કહેવામાં આવે છે. કેમ કે ભારતની ધરાને કુદરતની ભેટ સ્વરૂપ વિવિધ ફૂલ- ફળ-ફળાદિ, શાકભાજી, મરી-મસાલાની ભેટ મળી છે. તો વિવિધ પ્રકારના ઘાસની ભેટ મળી છે. જેમ કે લીલી ચા, વાળો તથા લૅમનગ્રાસ, જેનો ઉપયોગ ઔષધિ તરીકે આપણે ત્યાં લાંબાગાળાથી મોટા પ્રમાણમાં થતો આવ્યો છે.

આજે આપણે જે વનસ્પતિ વિશે વાત કરીશું તે દેખાવમાં તો સામાન્ય ઘાસ જેવું છે, પરંતુ કુદરતે આ ઘાસને સુગંધની સાથે આરોગ્યવર્ધક ગુણોનો ખજાનો બક્ષ્યો છે. વળી તેના મૂળિયાનો ઉપયોગ આજે બહોળા પ્રમાણમાં થતો જોવા મળે છે. એમ જ કહો ને કે દેશ-વિદેશમાં તેની માગ વધી રહી છે. ખાસ પ્રકારનું ઘાસ જે 'ખસ-વાળો' છે. વાનસ્પતિક નામ વેટિવેરિયા જિજનિયોઈડિસ છે. ભારતનાં વિવિધ રાજ્યોની વિવિધ બોલીમાં તેને અલગ-અલગ નામે ઓળખવામાં આવે છે. હિન્દીમાં ખસ કે ખસખસ, ગુજરાતીમાં ખસ કે વાળો, અંગ્રેજીમાં વેટિવર ગ્રાસ, કન્નડમાં મુડિવાલ, તમિળમાં ઉશીરમ બંગાળમાં વેણર મૂલ તરીકે ઓળખાય છે.

આયુર્વેદની વિવિધ સંહિતામાં ખસનો ઉલ્લેખ જોવા મળે છે. સમજી લો કે 'ખસ ઘાસ'નો ઉપયોગ ૩૦૦૦ વર્ષથી થતો આવે છે. જેમ કે ચરક સંહિતામાં ખસ ઘાસ માટે કહેવામાં આવ્યું છે કે 'શીતલઃ સ્થિરગન્ધશ્ચ રસાયનઃ શ્લેશ્મપિત્તનુત્ :' તેનો અર્થ જોઈએ કફ-પિત્તને શાંત કરી, શરીરને ઠંડક બક્ષનાર, નવજીવનને સ્થિર કરી સુંગંધિત બનાવનાર વનસ્પતિ એટલે જ ખસ.

સુશ્રુત સંહિતામાં 'ઉશીરં દાહનાશનં તૃષ્ણાશમનં પરમ્' એટલે કે 'છાતીમાં થતી બળતરાને ઝડપથી બંધ કરી તરસને તૃપ્ત કરે છે.' ભારતની સાથે યુરોપ, ઓસ્ટ્રેલિયા તથા ટર્કીમાં ખસની ખેતી થાય છે. ખસ ઘાસનો ઉપયોગ ચટાઈ, પડદાં, ખસની ટટ્ટી બનાવવામાં થાય છે. જે ગરમીમાં પ્રાકૃતિક ઠંડક પ્રદાન કરે છે. ખસનો ઉપયોગ તેલ, અત્તર તથા સૌંદર્ય-પ્રસાધનની વિવિધ બનાવટોમાં કરવામાં આવે છે. પર્યાવરણ માટે તે અત્યંત ઉપયોગી છે. માટીની ગુણવત્તા સુધારવાની સાથે પાણીને શુદ્ધ કરે છે. કુદરતી ધોવાણથી જમીનને રક્ષણ પૂરું પાડે છે.

ભારતમાં મુખ્યરૂપે દક્ષિણ ભારત, રાજસ્થાન, બંગાળ, છોટા નાગપુરમાં ઊગે છે.

ખસમાં અનેક પોષક તત્ત્વો સમાયેલાં છે. જેમ કે કેલ્શિયમ, આયર્ન, મેંગેનિઝ, વિટામિન્સ, ટેરપેનોઈડસ્, ફ્લેવોનોઈડસ્ તથા ફેનોલિક એસિડ વગેરે ગણાવી શકાય છે.

ખસ ઘાસનો ઉપયોગ કઈ રીતે કરી શકાય તે જાણી લઈએ. બાહ્ય ઉપયોગ કરવા માટે ખસના મૂળનો પાઉડર ૧-૨ ચમચી જેટલો કરવો. ખસના તેલનો ઉપયોગ ૨ થી ૫ ટીપાં જેટલો કરી શકાય. આંતરિક ઉપયોગ એટલે કે તેનો આહારમાં ઉપયોગ કરવો હોય તો ખસનું શરબત દિવસ-રાત્રિના ગમે ત્યારે પાણીમાં કે દૂધમાં પી શકાય છે. ખસના ઘાસને યોગ્ય રીતે સાફ કરીને એક સ્વચ્છ કપડાંમાં કે રૂમાલમાં બાંધીને માટલામાં રાખવાથી સુગંધિત પાણી પીવા મળશે. આ પાણી સુંગધિત હોવાની સાથે ઍન્ટિ-ઓક્સિડન્ટથી ભરપૂર હોય છે. જે મોસમમાં થતાં બદલાવથી શરીરને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે.



### ખસનું શરબત

સામગ્રી : ખસના મૂળ ૭૦-૮૦ ગ્રામ, ૧ કિલો ખાંડ, ૫૦૦ ગ્રામ પાણી, ખાવાના ઉપયોગમાં લઈ શકાય તેવા ૨ ટીપાં લીલા રંગના.

બનાવવાની રીત : સૌ પ્રથમ ૧૦૦ ગ્રામ ખસના મૂળને વહેતાં પાણીમાં સાફ કરી લેવાં. ત્યારબાદ તેને નાના કાપી લેવાં. હવે એક મોટા તપેલામાં ઘાસને ૬-૭ કલાક માટે પલાળી દેવાં. ત્યારબાદ પાણીને ગાળી લેવું. તેમાં ખાંડ ભેળવીને ગેસ ઉપર ગરમ કરવાં મૂકવું. ખાંડ ઓગળે ત્યારબાદ એક અડધા તારની ચાસણી બનાવી લેવી. થોડું ઠંડુ થાય ત્યારબાદ ૨ -૩ ટીપાં લીલા રંગના ભેળવવા. ખસનું સિરપ પીવા માટે તૈયાર છે. એક ગ્લાસમાં ૩ ચમચી ખસનું સિરપ લેવું. તેમાં પાણી ઉમેરી ૨ બરફના ટુકડા ગોઠવવા. સ્વાદિષ્ટ શરબત બદલાતા મોસમમાં આપનો મૂડ સુધારી દેશે.

## ખસના સ્વાસ્થ્યવર્ધક લાભ

### મનને તણાવ મુક્ત કરે છે

આજના આધુનિક તથા સ્પર્ધાત્મક યુગમાં પ્રત્યેક વ્યક્તિ નાના-મોટા તણાવમાં રહેતી જોવા મળે છે. મનને શાંત બનાવવા માટે વાળો કે ખસનો ઉપયોગ કરવા જેવો છે. પાણીમાં રાખીને પીવાથી તન-મન ઠંડક અનુભવે છે. ખસમાંથી તેલ બનાવ્યા બાદ તેનો ઉપયોગ શરીર તથા વાળમાં કરવાથી મન શાંત બને છે. જેને કારણે વ્યક્તિ તણાવ મુક્ત બને છે. ખસમાં એથોનોલિક નામક ખાસ રસાયણ છૂટે છે. જે વ્યક્તિને શાંત મનથી કામ કરવા પ્રેરે છે.

### ઊલટી-ઉબકામાં અસરકારક

મોસમના બદલાવની અસર પાચનક્રિયા ઉપર સૌ પ્રથમ થતી જોવા મળે છે. વરસાદી માહોલમાં તળેલું -તીખું ખાવાની ઈચ્છા વધી જતી હોય છે. તો ક્યારેક બહારની ચટાકેદાર વાનગીમાં વપરાયેલી વસ્તુ વાસી હોવાને કારણે ઊલટી-ઊબકાની સમસ્યા ઊભી થતી હોય છે. આવા સંજોગોમાં ખસનું શરબત પીવાથી પાચનક્રિયા શાંત બને છે. ઊલટી ઊબકાથી રાહત મેળવી શકાય છે.

### ત્વચા માટે ઉપયોગી

ખસના મૂળિયામાં ખાસ પ્રકારના ગુણો સમાયેલાં છે. જે વાત પિત્તને દૂર કરવામાં મદદ કરે છે. ખસનું તેલ ત્વચા ઉપર લગાવવાથી ત્વચા નીખરે છે. ત્વચા ઉપર ઘાવ હોય, ખંજવાળ આવ્યા કરતી હોય કે સોજા આવ્યા હોય તેવા સંજોગોમાં તેલનો ઉપયોગ અકસીર ગણાય છે.

### લોહીમાં શર્કરાની માત્રા નિયંત્રણમાં રાખે છે

ખસ માટે એવું સાંભળવા મળ્યું છે કે ખસનો પાઉડર નિયમિત ૧ ચમચી લેવાથી ડાયાબિટીસના દર્દીઓને લાભ મળે છે. કેમ કે ખસના પાઉડરમાં ઍન્ટિ-ડાયાબિટીક ગુણો સમાયેલાં છે. શરીરમાં ઈન્સ્યુલિનની માત્રા વધારવામાં મદદ કરે છે. પાચનક્રિયા સુધરે છે. શરીરમાં વાયુ બનતાં રોકે છે.

### તાવને ઘટાડવામાં મદદરૂપ

વારંવાર તાવ આવતો હોય કે તાવ આવ્યો હોય ત્યારે ખસનો કવાથ કે કાઢો બનાવીને પીવાથી તાવ કે જવર ઊતરવા લાગે છે. ખસના મૂળ શરીરનું તાપમાન સામાન્ય કરવામાં મદદ કરે છે. ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# ઉનાળામાં આવતો તાવ



ઉનાળાની બપોર એટલે ધોમધખતો તડકો. અગનગોળા વરસાવતી સૂરજની ગરમીની પરાકાષ્ઠા જાણે આગની ભઠ્ઠીમાંથી અગ્નિની શેરો વધુ છૂટતી હોય તેવું લાગે. ઉનાળામાં શહેર કે ગામડાંઓમાં સડકો ખાલીખમ થઈ જાય. થોડો વાહનવ્યવહાર થંભી જાય. મે મહિનામાં ઉનાળો ચરમસીમાએ પહોંચે છે. હવામાનના તીક્ષ્ણ મિજાજની વચ્ચે આપણું શરીર સ્વસ્થ રહે તે જરૂરી છે. શરીરને સ્વસ્થ રાખવા માટે ઉનાળાની ઋતુમાં આહારમાં ફેરફાર કરવો જરૂરી છે. આહારમાં એવી વસ્તુઓ પસંદ કરવી જોઈએ જેથી શરીર હાઈડ્રેટેડ રહે અને એનર્જી પણ રહે અને દિવસભર ખુશમિજાજ તેમજ ઊર્જાથી ભરપૂર રહી શકાય.

બાળકો માટે ઉનાળાની રજાઓ સૌથી આનંદદાયક દિવસો હોય છે. બાળકોને ગરમી કે લૂથી બચાવવા માટે જ ઉનાળું વેકેશન અપાય છે. ભણતરનો ભાર નહિ, રમો, હસો અને મજા કરો. બાળકોને ગરમીથી રાહત મળવી જરૂરી છે. કારણ કે સૂર્યનો સીધો પ્રકાશ, તાપમાન અને જળવાયુ પરિવર્તન જે શરીરના સ્વાસ્થ્ય પર નાના મોટા દરેકને અસર કરે છે. વધુ તાપમાનના કારણે શરીરમાંથી પાણી અને મીઠું (સોડિયમ) ઓછું થઈ જાય છે. જેથી ચક્કર આવવાં, ઊલટી થવી, પિત્ત વધવું, ઝાડા થવા અને ફલુ જેવો તાવ આવવો. ગરમીમાં શરીરમાં ઊર્જા ઓછી થાય છે. જેથી અન્ય બીમારી આર્થરાઈટીસ, ડાયાબિટીસ, કૅન્સર, કિડનીની વ્યાધિઓના કારણે તાવ આવે છે. કોઈપણ બીમારી વગર તાવ આવે તેનું કારણ છે કેમિકલયુક્ત ખોરાક, જંક ફૂડ, કેલ્શિયમ કાર્બોનેટ, કેમિકલ દ્વારા પકાવેલાં ફળો જેવા કે કેરી, દ્રાક્ષ, કેળા. કબજિયાતને કારણે પણ ઉનાળામાં તાવ જોવા મળે છે. કારણ આ ઉનાળામાં શરીરમાં પાણીની કમી થઈ જાય છે. જેથી શરીરનું તાપમાન વધી જાય અને વધુ પાણી પીવાના કારણે પણ પેટમાં તકલીફ થાય છે.

ઉનાળામાં ઋતુ પ્રમાણેનો જ આહાર આપણને તાવ કે અન્ય તકલીફથી બચાવી શકે છે. સૌની પ્રિય કેરી જે ઉનાળામાં ખૂબ જ મોટા પ્રમાણમાં મળે છે. ધંધાદારી માનસિકતાને કારણે કેરીને ટકાવી રાખશો કે કલર માટે તેને જબરજસ્તી કેમિકલ દ્વારા (કેલ્શિયમ કાર્બોનેટ રસાયણ) પકાવવામાં આવે છે. આ એક ઘાતક કેમિકલ છે જે વિષેલું અને ગંધહિન રંગહિન ખનિજ ચૂનાનો પથ્થર છે જે શરીર પર ઘાતક અસર કરે છે. આવી પકાવેલી કેરી ખાવાથી શરીરમાં તાવ અને ફોડા નીકળે છે. આની ખરાબ અસરથી ઘણીવાર હ્રદય અને કિડનીની બીમારી થાય છે. કેરી ખાવાથી આવેલો તાવ શરીરને મોટું નુકસાન કરે છે.

ઉનાળાની રજા દરમિયાન લોકો બહાર ફરવા જતાં બહારનું ભોજન તેમજ અન્ય પેકેટના આહારના કારણે પણ તાવ જોવા મળે છે. વધુ પડતા ઠંડા પીણાનો લોકો ઉપયોગ કરે છે. જેથી શરીરનું કેલ્શિયમ ખોરવાઈ જાય, હિમોગ્લોબિન ઘટી જાય અને તાવ આવે છે. પીપરમેંટ અને ચોકલેટ વેકેશનમાં બાળક વધુ ખાય છે જેથી પણ તાવ આવી જાય છે. ચોકલેટમાં માર્ગરીન (ખરાબ ઘી) વાપરવામાં આવે છે. બજારૂ ખાદ્યપદાર્થથી દૂરી બનાવવી જરૂરી છે. કેરીનો ઉપયોગ પણ ખાતરી કરીને વાપરવી.

તાવથી બચવા ઋતુ પ્રમાણેના ફળોથી બજાર ઉભરાયેલી છે. જેમ કે લાલ જાંબુ, સફેદ જાંબુ, કાળા જાંબુ, રાયણ, બિમલી, કમરખ, શક્કરટેટી, કલિંગર, લીચી, તાડગોળા જે બીમારીથી બચાવે છે. તેમજ શરીરમાં પાણીની કમી થતી નથી અને ગરમીને સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. દરેક પ્રકારના જાંબુ વાપરવા જોઈએ. જાંબુમાં વિટામિન સી, બ્લ્યુટિકનીક એસિડ, બીટા સ્ટીરોલ જે કૅન્સર જેવી બીમારીથી દૂર રાખે છે. કીમો થેરેપીની જરૂર પડતી નથી. કેટાગોલિક એસિડ ફૂડટોન્ડ, ગ્લુકોઝ અને લગભગ દસથી પંદર એસિડ છે જે શરીરને પાવરફૂલ બનાવે છે.

લીચીની પણ ઘણી જાત મળે છે. બિહારી લીચી, રામબુતાન લીચી, મેગોસ્ટેન લીચી, બ્રાઉન લીચી જે તાવની દુશ્મન છે. વિટામિન સી અને બીથી ભરપૂર છે જે અલ્સર અને અલ્સરના કારણે આવતા તાવથી દૂર રાખે છે. ઉનાળાના તાવ માટે લીચી રામબાણ ઈલાજ છે. વધુ જંકફૂડ ખાવાને કારણે કે કેરી વધુ પડતી ખાઈને આવતા તાવને તરત જ દૂર કરે છે. એકથી બે દિવસ ફક્ત લીચી ખાવી અને પાણીની પટ્ટી પેટ ઉપર રાખવી.

લાલ કે સફેદ જાંબુ જેને જાવા એપલ પણ કહે છે. જે ગરમીના તાવને દૂર કરે છે. તેમાં ફુદીનો નાખી જ્યુસ પીવાથી ઘણો ફાયદો થાય છે અને શરીર ઊર્જાવાન રહે છે.

બિમલી - આ એક હલકું ખાટું ફળ છે. જે સ્વાદમાં અતિ લાજવાબ છે. જેમાં ફુદીનો, જીરું નાખીને શરબત બનાવવાથી શરીરમાં શક્તિનો સંચાર અદ્ભુત થાય છે. ગરમીનું આ અનોખું ફળ છે.

કમરખ - બજારમાં મોટા પ્રમાણમાં મળે છે. જે શરીરનો થાક ત્વરિત દૂર કરે છે. તાવ પછી થાક માટે, કમરના દુખાવા માટે લાભકારી છે. શરબત, ચટણી, સલાડ બનાવી લઈ શકાય છે.

રાયણ - આ વિટામિન બી-૧૨ અને બી માટેનો મોટો સ્ત્રોત છે. વિટામિન બીની જરૂરિયાત ત્રણથી ચાર દિવસમાં પૂરી કરી દે છે. અલ્સર જેવા રોગમાં કે ફોડા ભરવા માટે ખૂબ જ ઉપયોગી છે.

તાડગોળા - ગરમીનું સૌથી શ્રેષ્ઠ ફળ છે. શરીરને તાજગીથી ભરી દે છે. તાવ પછીની નબળાઈ દૂર કરે છે. આમાંથી બનતો ગોળ આયર્નની કમી ત્વરિત દૂર કરે છે.

ઉનાળામાં કેરી એ તાજગી અને તાકાતનું ફળ છે પણ તે કેમિકલથી પકાવેલું ન હોવું જોઈએ.

ઉનાળામાં આવતો તાવ એ આપણી ખાવા-પીવાની ખરાબ આદત તેમજ અસમજનું પરિણામ છે. તાવ માટે ગરમાળો અતિ ઉપયોગી છે જે કબજિયાત માટે મોટું શસ્ત્ર છે. અન્ય કેમિકલવાળી દવાઓ કરતાં ગરમાળાનો ઉપયોગ દવા તરીકે કરવો હિતાવહ છે. આની કોઈપણ પ્રકારની સાઈડ ઈફેક્ટ નથી. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા



# વ્યસનના સકંજામાંથી છૂટકારો મેળવવો છે?

*વ્યસન..!*

પૃથ્વી પર રહેલ કોઈ પણ વ્યક્તિને પૂછવામાં આવે કે, એ જે કાંઈ પણ કરે છે તે શા માટે કરે છે? તો તેનો એક જ ઉત્તર મળશે કે, સુખી અને શાંતિમય જીવન જીવવા માટે જ આ બધું કરે છે. જીવ-પ્રાણી માત્રને દુઃખ પસંદ નથી. જીવનમાં આવતા નાના એવા દુઃખને પણ અથાગ પ્રયત્નોથી દૂર કરવા આપણે મથીએ છીએ.

શું જીવનની આ જ વાસ્તવિકતા છે? શું આપણે ખરેખર આવું જ માનીએ છીએ? શું દારૂ, સિગારેટ, ગુટકા વગેરે વ્યસનોનાં દુઃખથી અજાણ છીએ? તોપણ આપણે શા માટે સામે ચાલીને નરકમાં દુઃખ જેવાં આ વ્યસનોના ગુલામ થઈએ છીએ?

### શું તમે જાણો છો?

પ્રાયઃ આજે વિશ્વમાં દર ૬ સેકન્ડે ૧ વ્યક્તિ તમાકુના વ્યસનથી મૃત્યુ પામે છે. તેમાં પણ ભારતમાં દર ૨ મિનિટે ૩ વ્યક્તિનું સિગારેટના વ્યસનથી મોત થાય છે. વિશ્વમાં થતાં મૃત્યુમાંથી ૬% લોકો દારૂના વ્યસનથી મૃત્યુ પામે છે.

બીજી તરફ, શરીરમાં થતાં અન્ય રોગ કેવળ આપણી ભૂલને કારણે થતાં નથી, એ પણ એક વાસ્તવિકતા છે, પરંતુ દારૂ, સિગારેટ કે તમાકુને કારણે શરીરમાં થતાં કોઈ પણ રોગના જવાબદાર ૧૦૦ એ ૧૦૦% આપણે જ છીએ. આ વ્યસનોની ભયંકરતા આટલી બધી છે. તો, હવે સાવચેત થઈ જવું ન જોઈએ...?



### શું આપ જાણો છો?

**વિશ્વમાં પ્રાયઃ** રોજ ૧૪ હજાર લોકો ધૂમ્રપાનના વ્યસનથી મરે છે.

ધૂમ્રપાનથી થતા મૃત્યુની સંખ્યા આપઘાત કરતાં ૩૦ ગણી વધુ છે અને દુનિયામાં થતા ખૂન કરતાં ૫૪ ગણી વધુ છે.

વિશ્વમાં દર વર્ષે બિનવ્યસની લગભગ ૬ લાખ લોકો તો કેવળ અન્ય ધૂમ્રપાન કરનાર વ્યક્તિના પ્રાયઃ ૩૦% ફાળો તમાકુનો છે.

વિશ્વમાં દર વર્ષે તમાકુના વ્યસનને કારણે આશરે ૬૦ લાખ લોકો મોતને ભેટે છે.

તમાકુને કારણે દર વર્ષે અંદાજે ૨૦ હજાર લોકોને પગ કપાવવો પડે છે.

ભારતમાં રોજ આશરે ૫૪૩૫ નવાં બાળકો અને ગુજરાતમાં અંદાજે ૨૪૪ નવાં બાળકો ધૂમ્રપાન કરતાં શીખે છે.

વિશ્વમાં દર વર્ષે લગભગ ૩૩ લાખ લોકો દારૂના વ્યસનથી મૃત્યુ પામે છે.

ઈ.સ. ૨૦૩૦માં તમાકુને લીધે થતા મૃત્યુની સંખ્યા એઈડ્સ અને ટી.બી. કરતાં વધારે હશે.

### શરીરના વિવિધ અંગ પર વ્યસનોથી થતું નુકસાન

સ્ટ્રોક
ફેફસાનું કૅન્સર
લીવર ખરાબ થવું
કિડનીની બીમારી
હાર્ટએટેક
પેટનું કૅન્સર
સ્વાદુપિંડ -આંતરડાનું કૅન્સર

### વ્યસનથી મુક્ત થવાના આ છે સરળ ઉપાય

૧) 'મારે વ્યસન છોડવું જ છે.' એવી મક્કમતા કરવી.

વ્યસન રાખવાથી અને છોડવાથી થતાં ફાયદા-નુકસાનોની એક યાદી બનાવી રાખવી.

વ્યસન છોડવાની ઈચ્છા આપણી પોતાની હોવી જોઈએ. કેમ કે, અન્ય લોકોના કહેવાથી કરેલો વ્યસનનો ત્યાગ માત્ર થોડા દિવસ પૂરતો જ ટકે છે. મનમાં એવું દૃઢ કરી લેવું જોઈએ કે, 'વ્યસન એ માત્ર ગુલામી, બરબાદી અને દુઃખ જ છે.'

૨) વ્યસન છોડવા વિશેની માન્યતા બદલવી.

વ્યસન છોડવું તેને બોજ કે દુઃખ ન માનીએ, પરંતુ 'એક પરમ શત્રુનો ત્યાગ કરું છું' એવું સમજીએ.

૩) વ્યસન છોડવાની કોઈ પણ એક તારીખ નક્કી કરી લેવી.

ઘણા વ્યસની વ્યસન છોડવાનું નક્કી કરે છે, પરંતુ ચોક્કસ સમય નિર્ધારિત ન હોવાથી તેને પોતાનું મન રમાડ્યા કરે છે કે, 'આજ-કાલમાં વ્યસન છોડી દઈશ.' પરંતુ આવા લોકો ક્યારેય વ્યસન છોડી શક્તા નથી.

૪) આપણે શા માટે વ્યસનો છોડવાં છે? તેના મુખ્ય ત્રણેક કારણો શોધી, આપણને દેખાય તેવી જગ્યાએ મોટા અક્ષરે લખી રાખવું; જેથી તે વારંવાર યાદી આપ્યા કરે.

૫) વ્યસન છોડવાની ઈચ્છા પરિવારજનો તથા સહચર મિત્રોને જણાવવી. કેમ કે, જો વ્યસન છોડવાની ઈચ્છાની જાણ માત્ર પોતા પૂરતી જ રાખીશું, તો મન આપણને ગમે ત્યારે છેતરશે. તેથી સહચરોને જાણ કરવાથી તેઓ યોગ્ય સમયે ખૂબ જ મદદ કરી શકશે.

૬) વ્યસન છોડવાની પ્રક્રિયા દરમ્યાન એક-બે નજીકના, જે આપણી હરેક ક્રિયા કે વિચારથી વાકેફ રહી શકે અને જરૂર પડે તો ઊલટ તપાસ કરીને પણ મદદ કરી શકે, તેવા નિર્વ્યસની સ્નેહીજનો સાથે સંપૂર્ણ નિખાલસ રહેવું.

૭) આત્મવિશ્વાસ કેળવ્યા વિના એકસાથે વ્યસન છોડવાની કોશિશ ન કરવી....વ્યસની જ્યારે એકસાથે સંપૂર્ણ વ્યસન છોડવા ઈચ્છે છે ત્યારે તે ઘણીવાર હારી જાય છે. આમ અનેક હાર પછી તે નાહિંમત થઈ જાય છે અને 'મારાથી હવે વ્યસન નહિ છૂટે' એવું સ્વીકારી લે છે. માટે ધીરે-ધીરે વ્યસન ઘટાડતા જવું.

૮) જેમણે વ્યસનો છોડ્યા હોય એમની પાસેથી વ્યસન છોડવાની પ્રેક્ટિકલ રીતો અને અનુભવો જાણતા રહેવું.

૯) હિંમતપૂર્વક પોતાના વ્યસની મિત્રોનો સંગ છોડી દેવો. કારણ કે, વ્યસની મિત્રો ગમે તે સમયે વ્યસનનો આગ્રહ કરી શકે છે. જેમાં લોભાઈ જવાની પૂરેપૂરી શક્યતા છે.

૧૦) જો કદાચ કોઈ વ્યસન માટે આગ્રહ કરે તો તેને શરમ રાખ્યા વિના હિંમતપૂર્વક ચોખ્ખી 'ના' પાડી દેવાની ટેવ પાડવી.

૧૧) જે જે વ્યક્તિ, સ્થાન કે પરિસ્થિતિથી વ્યસન યાદ આવતું હોય તેનાથી દૂર રહેવું.

૧૨) પોતાના ઘર કે ઓફિસમાં રહેલી વ્યસનની બધી જ સામગ્રી સંપૂર્ણપણે બહાર ફેંકી દેવી.

૧૩) વ્યસન છોડવાના શરૂઆતના દિવસોમાં ચિંતા તથા તણાવ જરૂર અનુભવાશે. તેનાથી બચવા મનપસંદ સાત્ત્વિક પ્રવૃત્તિઓ કરવાથી આનંદમાં રહી શકાય છે. જેવી કે, સંગીત સાંભળવું-વગાડવું, વાંચન કરવું, હળવી કસરતો કરવી, મનપસંદ સેવાકાર્યમાં વ્યસ્ત રહેવું.

૧૪) વ્યસન ત્યાગ કર્યા બાદ શરીરમાં અનુભવાતી નાની-મોટી તકલીફોને સ્વીકરી લેવી. જેવી કે, માથું ચડવું, પેટમાં દુઃખવું, વધુ પરસેવો વળવો, કબજિયાત રહે વગેરે તકલીફો કોઈકવાર થઈ શકે છે. પરંતુ તેનાથી અકળાઈ ન જતાં, હિંમત રાખી વ્યસન છોડવાની કોશિશ ચાલુ રાખવી.

૧૫) વ્યસનો કરવાની તલપ લાગે ત્યારે તેની સામે લડવા કરતાં મનને બીજી દિશામાં વાળી દેવું અથવા તો વ્યસન છોડવા વિશેના ધ્યેયને વારંવાર વિચારવું.

૧૬) જરૂર જણાય તો મોંમાં ઘીમાં શેકેલી વરિયાળી, એલચી, લવિંગ, તજ વગેરે મનગમતું અન્ય કોઈ ખાદ્ય પદાર્થ કે પ્રવાહી દ્વારા પોતાની તલપ સંતોષી લેવી.

૧૭) વ્યસનમાં ઘટાડો થતો જણાય તો પોતાને તેનાથી પ્રોત્સાહિત કરતા રહેવું અને આનંદથી સંપૂર્ણપણે બંધ કરવા આગળ વધતા રહો.

૧૮) રોજ થોડુંઘણું ધ્યાન કરવાની ટેવ પાડવી. કેમ કે, ધ્યાનથી વિચારો પર કાબૂ મેળવી શકાશે.

૧૯) વ્યસનોને છોડવા માટે આજે વૈકલ્પિક ઘણી વૈજ્ઞાનિક તરકીબો શોધાઈ છે, જેવી કે, 'નિકોટીન રિપ્લેસમેન્ટ થેરાપી' વ્યસન કરવાથી જે સ્વાદ-આનંદ આવે તેવો જ આનંદ તે થેરાપીથી આવે છે. અને તે શરીરને બંધાણ પણ કરતું નથી. વધુ માહિતી માટે ચિકિત્સકની સલાહ લેવી.

૨૦) વ્યસન પહેલાનો અને વ્યસન છોડ્યા બાદનો લોકોનો આપણા પ્રત્યનો વ્યવહાર તપાસતા રહેવું, જેથી વ્યસનમુક્તિ માટે પ્રોત્સાહન મળતું રહેશે. ■

### વ્યસનમુક્તિ માટે વિવિધ નિકોટિનના ઉપચાર

ચ્યુઈંગમ -ચૂસવાની ટેબ્લેટ- શરીરે લગાવવાના પેચ- ઈન્હેલર ટેબ્લેટ - નાકનો સ્પ્રે

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# વ્યક્તિના આવેગમાં પ્રાણાયામ ઉપયોગી થઈ શકે તેમ છે

(ગતાંકથી ચાલુ)

જેમણે અધ્યાત્મસાધનાનો થોડો ઘણો પણ અભ્યાસ કર્યો છે, તેઓ સમજે છે કે વિચારોથી અળગા પડીને મનસાતીત અવસ્થાનો થોડો ઘણો પણ અનુભવ થવો, તે વ્યક્તિના આધ્યાત્મિક વિકાસ માટે અને સમગ્ર જીવનનાં રૂપાંતર માટે કેટલી મૂલ્યવાન અને મહત્ત્વપૂર્ણ ઘટના છે! પ્રાણાયામના અભ્યાસથી આ મનસાતીત અવસ્થાનો અનુભવ સમુચિત રીતે થઈ શકે તેવો ઘણો સંભવ છે.

કામોપભોગથી માંડીને ગાંજાચરસના સેવન સુધીના બધા પ્રયત્નો માણસો આ અવસ્થામાં પ્રવેશવા માટે જ કરે છે; અલબત્ત, આ ગલત દિશાના પ્રયત્નો છે, જ્યારે પ્રાણાયામ આ દિશાનું સાચું અને સક્ષમ સાધન છે.

(I) કામક્રોધાદિ ષડ્‌રિપુનાં તોફાનો વ્યક્તિના જીવનને વેરણછેરણ અને દુઃખદ બનાવી મૂકે છે અને સાધકના આધ્યાત્મિક વિકાસમાં બાધારૂપ બને છે. જો કોઈ ઉપાયે ષડ્‌રિપુનું જોર ઓછું થાય તો બહુ મહત્ત્વનું કામ થાય. આપણે જોઈએ કે પ્રાણાયામ આ માટે કેટલે અંશે અને કઈ રીતે ઉપયોગી થઈ શકે તેમ છે.

એ એક હકીકત છે કે ષડ્‌રિપુઓનું બીજ ચિત્તમાં છે, પણ એમના ઉછાળા પ્રાણના પ્રવાહોને આધીન છે. પ્રાણના આધાર વિના તેમની ક્રિયાશીલતા શક્ય નથી. પ્રાણનો સંયમ ષડ્‌રિપુઓના જોરને નાથી શકે છે. આપણે જોઈ ગયા છીએ કે પ્રાણાયામના અભ્યાસ દ્વારા પ્રાણના પ્રવાહોનું સંયમન શક્ય બને છે, તેથી સ્પષ્ટ જ છે કે ષડ્‌રિપુઓના ઉછાળાઓને મંદ પાડવામાં પ્રાણાયામનો અભ્યાસ ઉપયોગી સિદ્ધ થઈ શકે તેમ છે.

વ્યક્તિના સાંવેગિક જીવનની કેળવણીમાં પ્રાણાયામ કેવી રીતે ઉપયોગી થઈ શકે તેમ છે તે આપણે આધુનિક શરીરવિજ્ઞાનની પરિભાષામાં સમજવાનો પ્રયત્ન કરીએ. એ હકીકત શરીરવિજ્ઞાન અને મનોવિજ્ઞાન દ્વારા સિદ્ધ થઈ ચૂકી છે કે શરીરસ્થ અંતઃસ્રાવી ગ્રંથિઓના સ્રાવ સાથે વ્યક્તિના સાંવેગિક જીવનને સંબંધ છે. આ સ્રાવમાં થતા પરિવર્તનની વ્યક્તિના સાંવેગિક જીવન પર અસર પડે છે. કામ, ક્રોધ, વિષાદ, ઉલ્લાસ, વૈફલ્ય, ઉત્સાહ આદિ સાથે સંતઃસ્રાવી ગ્રંથિઓના સ્રાવનો ગાઢ સંબંધ છે.

પ્રાણાયામના અભ્યાસ દ્વારા જ્ઞાનતંત્ર અને તેના દ્વારા અંતસ્રાવી તંત્ર સ્વસ્થ, સમતોલ અને કાર્યક્ષમ બને છે. પરિણામે વ્યક્તિના સ્વસ્થ સાંવેગિક જીવનમાં તેનાથી સહાય મળે છે. પ્રાણાયામ દ્વારા જ્ઞાનતંત્ર અને સંતઃસ્રાવીતંત્ર સ્વસ્થ, સમતોલ અને કાર્યક્ષમ બને છે; આ સિદ્ધ થયેલી હકીકત છે.

**(क) પ્રાણમય ક્ષેત્રેઃ**

પ્રાણાયામની સૌથી વિશેષ અસર પ્રાણ ઉપર થાય છે, કારણ કે પ્રાણાયામ મુખ્યતઃ અને પ્રત્યક્ષ રીતે પ્રાણ પર અસર કરે છે. પ્રાણાયામ મુલતઃ પ્રાણના સંયમનની જ સાધના છે. પ્રાણાયામ દ્વારા પ્રાણમય ક્ષેત્રે ચાર કાર્યો સિદ્ધ થાય છે-

(I) પ્રાણ-પુષ્ટિ-

પ્રાણ-પુષ્ટિનો અર્થ છે, પ્રાણ બળવાન બને.

(II) પ્રાણ-શુદ્ધિ-

પ્રાણ-શુદ્ધિનો અર્થ છે, પ્રાણ વિશુદ્ધ બને એટલે કે પ્રાણ ભોગાભિમુખ નહિ, પરંતુ યોગાભિમુખ બને; પ્રાણ વાસનાઓની મલિનતાથી મુક્ત બને.



(III) પ્રાણસંયમ-

પ્રાણ ઉચ્છુંખલ નહિ, પરંતુ સંયમિત હોય અર્થાત્ પ્રાણના પ્રવાહોની ગતિ સુસંવાદી બને.

(IV) પ્રાણ-જાગરણ-

સુષુપ્ત પ્રાણ જાગ્રત બને અને ઊર્ધ્વગામી બને.

પ્રાણમય શરીરમાં ઘટતી આ ચારે ઘટનાઓ આધ્યાત્મિક વિકાસ માટે અને શરીર-મનના સ્વાસ્થ્ય માટે ખૂબ ઉપયોગી જ નહિ, પરંતુ અનિવાર્ય છે.

ઉપરોક્ત ચારે હેતુ સિદ્ધ કરવા માટે પ્રાણાયામનો અભ્યાસ ખૂબ મૂલ્યવાન છે. વસ્તુતઃ પ્રાણાયામના અભ્યાસનો હેતુ જ આ છે.

આ હેતુ સિદ્ધ કરવા માટે પ્રાણાયામ કઈ રીતે ઉપયોગી બને છે, તે આધુનિક વિજ્ઞાનની પરિભાષામાં મૂકવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે. પ્રાણમય શરીર અને તેની ગતિવિધિ વિશે વૈજ્ઞાનિક ગણાય તેવો ખાસ અભ્યાસ થયો પણ નથી. પરંતુ શાસ્ત્ર અને હજારો વર્ષનો, અસંખ્ય યોગીઓનો અનુભવ સાક્ષી પૂરે છે કે ઉપરોક્ત હેતુ સિદ્ધ કરવા માટે પ્રાણાયામ અજોડ સાધન છે.

**(ड) બ્રહ્મચર્ય માટેઃ**

બ્રહ્મચર્યના પાલનથી યોગસાધનામાં ઘણી સહાયતા મળે છે. તે સાથે એ જાણવું આવશ્યક અને રસપ્રદ છે કે યૌગિક ક્રિયાઓના અભ્યાસથી બ્રહ્મચર્યના પાલનમાં સહાય મળે છે.

પ્રાણાયામ, શીર્ષાસન, સર્વાંગાસન, વિપરીતકરણી, વજાસન, ઉડ્ડિયાન, નૌલિ અને અશ્વિનીમુદ્રા બ્રહ્મચર્યપાલનમાં ઉપયોગી થાય તેવી ક્રિયાઓ છે. બીજી અનેક બાબતોની જેમ આ બાબતમાં પણ આ બધી ક્રિયાઓમાં પ્રાણાયામ શિરમોર સાધન છે, એમ અતિશયોક્તિ વિના કહી શકાય તેમ છે.

પ્રાણના નિમ્નગામી પ્રવાહો વ્યક્તિને ભોગ તરફ ખેંચી જાય છે, એ જ પ્રાણના પ્રવાહો જ્યારે ઊર્ધ્વગામી બને ત્યારે સાધક ભોગમાંથી છૂટીને યોગ તરફ અગ્રેસર થાય છે. પ્રાણના આ પ્રવાહોને ઉલટાવવા માટે પ્રાણાયામ ચાવીરૂપ સાધના બની શકે તેમ છે.

આ ચાવીનો ઉપયોગ કુશળ અને અનુભવી શિક્ષકના માર્ગદર્શન પ્રમાણે જ કરવાનો હોય છે.

**(इ) શારીરિક ક્ષેત્રેઃ**

(I) એક એવી ભ્રામક માન્યતા પ્રવર્તે છે કે પ્રાણાયામ દરમિયાન શરીરને વધુ ઑક્સિજન મળે છે. ભસ્રિકા પ્રાણાયામના પ્રથમ ભાગ સિવાય કોઈ પ્રાણાયામમાં આમ બનતું નથી. પ્રયોગો દ્વારા સાબિત થયું છે કે પ્રાણાયામ દરમિયાન અભ્યાસી સામાન્ય શ્વાસોચ્છ્‌વાસ કરતાં પણ ઓછો ઑક્સિજન લે છે, કારણ કે દર મિનિટે સામાન્ય શ્વાસોચ્છ્‌વાસના આવર્તનો કરતાં પ્રાણાયામનાં આવર્તનો ઘણાં ઓછાં થાય છે.

પ્રાણાયામ દ્વારા શ્વસનતંત્રને અને સમગ્ર શરીરને જે ફાયદો થાય છે, તે બીજી રીતે થાય છે. પ્રાણાયામ અભ્યાસીના શ્વસનતંત્રને એવી રીતે તૈયાર કરે છે કે પ્રાણાયામના અભ્યાસ કાળ પછી આખા દિવસ દરમિયાન અભ્યાસી સામાન્ય કરતાં વધુ ઑક્સિજન લઈ શકે છે. શ્વસનતંત્રની કાર્યક્ષમતા કાયમી ધોરણે વધી જાય છે. આ બહુ મહત્ત્વપૂર્ણ ઘટના છે.

પ્રાણાયામ દ્વારા શ્વસનતંત્રની આ કેળવણી કેવી રીતે થાય છે?

- રેચક અને પૂરક દરમિયાન ફેફસાંને સામાન્ય શ્વાસોચ્છ્‌વાસ કરતાં વધુ સારો મસાજ મળે છે, તેથી તેમની કાર્યક્ષમતા વધે છે. વળી શ્વાસોચ્છ્‌વાસની ક્રિયામાં મહત્ત્વનો ભાગ ભજવનાર ઉદરપટલ અને છાતીનાં સ્નાયુઓ પણ લાંબા અને ઊંડા રેચકપૂરકના અભ્યાસથી વધુ કાર્યક્ષમ બને છે. આમ બનવાથી શ્વસનતંત્રની કાર્યક્ષમતામાં કાયમી ધોરણે વધારો થાય છે.
- પ્રાણાયામના અભ્યાસથી અભ્યાસીને ઊંડા શ્વાસોચ્છ્‌વાસની કાયમી ટેવ પડે છે. આ ટેવ અભ્યાસકાળ સિવાય પણ આખા દિવસ દરમિયાન ચાલુ રહે છે.
- ઊંડા પૂરક અને રેચક કુંભકના અભ્યાસથી ફેફસાંમાં રહેલા બંધ વાયુકોશો ખૂલે છે અને એકવાર ખૂલા થયેલા આ વાયુકોશો અભ્યાસના સાતત્યથી કાયમી ધોરણે ખૂલા જ રહે છે. પરિણામે ફેફસાંની વાયુધારણ કરવાની શક્તિ વધે છે.
- પ્રાણાયામ દરમિયાન ઊંડા રેચકથી ફેફસાં સામાન્ય શ્વાસોચ્છ્‌વાસ કરતાં વધુ ખાલી થાય છે. આમ બનવાથી કાર્બન ડાયોક્સાઈડથી દૂષિત થયેલો વાયુ વધુ પ્રમાણમાં બહાર કાઢી શકાય છે અને ઊંડા પૂરકને પરિણામે વધુ પ્રમાણમાં ઑક્સિજન અંદર લઈ શકાય છે. પ્રાણાયામના અભ્યાસ પછી પણ શ્વસનતંત્રની આ ટેવ ચાલુ રહે છે. આ રીતે પ્રાણાયામ દ્વારા સમગ્ર શરીરતંત્રનું શોધન થાય છે.

(II) પ્રાણાયામના અભ્યાસ દરમિયાન હૃદયને સામાન્ય શ્વાસોચ્છ્‌વાસ કરતાં વધુ સારી રીતે મસાજ મળે છે. પરિણામે હૃદયની કાર્યક્ષમતા અને સ્વાસ્થ્યમાં સુધારો થાય છે.

ભસ્રિકા જેવા પ્રાણાયામના અભ્યાસથી શરીરના છેક દૂર દૂરના કોશો સુધી પર્યાપ્ત પ્રમાણમાં લોહી પહોંચે છે. વળી ધમનીઓ અને રક્તવાહિનીઓને પર્યાપ્ત શોધન, મસાજ અને વ્યાયામ મળી રહેતાં તેમની કાર્યક્ષમતા વધે છે.

(III) પ્રાણાયામના અભ્યાસ દરમિયાન શ્વાસોચ્છ્‌વાસની ગતિ મંદ પડે છે, પરંતુ તેથી ઊલટું મગજના રુધિરાભિસરણની ગતિ વધે છે, કારણ કે એમ નોંધાયું છે કે કાર્બન ડાયોક્સાઈડના સંચયથી મગજના રુધિરાભિસરણમાં વધારો થાય છે. આમ થતાં પ્રાણાયામના અભ્યાસથી મગજની અને પરિણામે જ્ઞાનતંત્રની કાર્યક્ષમતા વધે છે.

(IV) શ્વસનતંત્ર, રુધિરાભિસરણતંત્ર અને જ્ઞાનતંત્રની કાર્યક્ષમતા વધતાં, તે ત્રણેની અસરથી અંતઃસ્રાવીતંત્રની કાર્યક્ષમતા અને સ્વાસ્થ્યમાં પણ અચૂક સુધારો થાય છે.

(V) પ્રાણાયામના અભ્યાસથી હોજરી, આંતરડાં, કાળજું, પેનક્રિયાસ વગેરેને સારો મસાજ મળે છે અને પેટના સ્નાયુઓને વ્યાયામ મળે છે. પરિણામે ઉત્સર્ગતંત્ર અને પાચનતંત્રની કાર્યક્ષમતા વધે છે.

આમ, પ્રાણાયામના અભ્યાસથી શ્વસનતંત્ર, રુધિરાભિસરણ તંત્ર, જ્ઞાનતંત્ર, અંતઃસ્રાવીતંત્ર, પાચનતંત્ર, ઉત્સર્ગતંત્ર અને કાંઈક અંશે સ્નાયુતંત્રની કાર્યક્ષમતા અને સ્વાસ્થ્યમાં વધુ ઊંડો અને વધુ સ્થાયી સુધારો થાય છે. આનો અર્થ એમ થયો કે પ્રાણાયામના અભ્યાસથી સમગ્ર શરીરના સ્વાસ્થ્ય અને કાર્યક્ષમતામાં અપ્રતિમ સુધારો થાય છે.

સ્વામી કુવલયાનંદજીએ ઉચિત રીતે જ કહ્યું છે-

No Physical exercise can have even one hundredth of efficacy of Pranayam.

''(શરીર સ્વાસ્થ્યની બાબતમાં પણ) શારીરિક શિક્ષણની કોઈ પણ પદ્ધતિ પ્રાણાયામના સોમા ભાગની પણ ક્ષમતા ધરાવતી નથી.''

આ બધું છતાં આપણે અહીં ફરીથી એ હકીકતનું સ્મરણ કરીએ કે પ્રાણાયામનો ઉદ્દેશ શારીરિક સ્વાસ્થ્ય નહિ, પરંતુ આધ્યાત્મિક વિકાસ છે. શારીરિક સ્વાસ્થ્ય તો પ્રાણાયામના અભ્યાસની આડપેદાશ છે.

**૧૧. પ્રાણાયામ વિષયક વૈજ્ઞાનિક સંશોધનઃ**

પ્રાણાયામ દ્વારા થતાં આંતરિક ફેરફારોને આધુનિક વૈજ્ઞાનિક સાધનો દ્વારા ચકાસવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે. વળી આ વિષય અંગે બહુ વૈજ્ઞાનિક સંશોધન થયું પણ નથી. એટલું જ નહિ, એ પણ સમજી લેવું જોઈએ કે આધ્યાત્મિક ક્ષેત્રની ઘટનાઓ વિશે વૈજ્ઞાનિક સંશોધનનું કાર્ય ખૂબ જ મર્યાદિત કક્ષાનું જ રહેવાનું. આમ છતાં પ્રાણાયામ વિશે જે કાંઈ વૈજ્ઞાનિક સંશોધન થયું છે, તે અહીં પ્રસ્તુત છે.

(૧) રેચક-પૂરકમાં શ્વાસોચ્છ્‌વાસની ગતિ ધીમી પડે છે અને કુંભકમાં શ્વાસ બંધ રહે છે. પરિણામે દેખીતું જ છે કે પ્રાણાયામના અભ્યાસ દરમિયાન શરીરમાં કાર્બન ડાયોક્સાઈડ જમા થવાનું પ્રમાણ વધે છે. હવે એ એક હકીકત છે કે કાર્બન ડાયોક્સાઈડ મગજના રક્તાભિસરણ માટે ઉત્તમ ઉત્તેજક છે. મગજના રક્તાભિસરણમાં સુધારો થવાથી મગજના સ્વસ્થ્યમાં ખૂબ સુધારો થાય છે. શરીરની ઐચ્છિક અને અનૈચ્છિક ક્રિયાઓને નિયંત્રિત કરતાં મગજના કેન્દ્રની કાર્યક્ષમતામાં પણ સુધારો થાય છે. પરિણામે સમગ્ર શરીરના સ્વાસ્થ્ય પર તેની અનુકૂળ અસર થાય છે. (ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

વિશેષ

રશ્મિ શુકલ

# ૪૦ વર્ષ પછી મહિલામાં આ પાંચ રોગનું જોખમ વધે છે

**સ્ત્રીઓમાં** આંખોની સ્થિતિ ૪૦ વર્ષની ઉંમર પછી તેમાં ફેરફાર થવો સામાન્ય છે, પરંતુ સમયસર સાવધાની અને કાળજી રાખવાથી આ સમસ્યાઓથી બચી શકાય છે. સ્ત્રીઓએ ખાસ કરીને તેમની આંખોના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવાની જરૂર છે.

વધતી ઉંમર સાથે શરીરમાં ઘણા ફેરફારો થાય છે અને આંખનું સ્વાસ્થ્ય પણ આનાથી બાકાત નથી. ખાસ કરીને ૪૦ વર્ષની ઉંમર વટાવ્યા પછી ઘણી સ્ત્રીઓને અચાનક દૃષ્ટિ સંબંધિત સમસ્યાઓ થવા લાગે છે. ઝાંખી દૃષ્ટિ, સૂકી આંખો, બળતરા, થાક અને સોજો જેવી સમસ્યાઓ સામાન્ય છે.

આ ઉંમરે હોર્મોનલ ફેરફારો, ખાસ કરીને મેનોપોઝ, આંખોનો ભેજ, લેન્સની સ્થિતિસ્થાપકતા અને આંખોની અંદરના દબાણને અસર કરી શકે છે. આ ઉપરાંત, સ્ક્રીન સમય વધવો અને પ્રદૂષણની અસર પણ આંખોના સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડે છે. આવી સ્થિતિમાં, અમે તમને જણાવી રહ્યા છીએ કે ૪૦ વર્ષ પછી મહિલાઓની નજરમાં કયા ફેરફારો થાય છે અને તેનાથી કેવી રીતે બચી શકાય છે.



## પ્રેસ્બાયોપિયા

૪૦ વર્ષની ઉંમર પછી આ સૌથી સામાન્ય ફેરફાર છે, જેમાં વ્યક્તિને નજીકની વસ્તુઓ વાંચવામાં મુશ્કેલી થવા લાગે છે. લોકો પુસ્તક કે ફોનને આંખોથી દૂર રાખીને વાંચવાનો પ્રયાસ કરે છે. આને પ્રેસ્બાયોપિયા કહેવામાં આવે છે. વાંચન ચશ્મા અથવા મલ્ટીફોકલ લેન્સની મદદથી આને સરળતાથી સુધારી શકાય છે.

## સૂકી આંખો

મેનોપોઝ પછી સ્ત્રીઓમાં હોર્મોન્સ ઘટવા લાગે છે, જેના કારણે આંખોમાં ભેજ પણ ઓછો થાય છે. આંખોમાં બળતરા, ખંજવાળ, અથવા સતત પાણી આવવું - આ બધા સૂકી આંખોના લક્ષણો હોઈ શકે છે. કૃત્રિમ આંસુના ટીપાં હળવા કેસોમાં મદદ કરી શકે છે, પરંતુ જો સૂકી આંખો ચાલુ રહે, તો ડૉક્ટરની સલાહ લો.

## મોતિયો

જોકે મોતિયો ૬૦ વર્ષની ઉંમર પછી વધુ જોવા મળે છે, તેના શરૂઆતના લક્ષણો ૪૦ વર્ષની ઉંમરે પણ શરૂ થઈ શકે છે. આમાં ઝાંખી દૃષ્ટિ, પ્રકાશથી ઝગમગાટ અથવા ઝાંખા રંગો જોવાનો સમાવેશ થાય છે. આજકાલ મોતિયાની શસ્રક્રિયા સરળ અને સલામત બની ગઈ છે, તેથી સમયસર ઓળખ કરવી મહત્વપૂર્ણ છે.

## ગ્લુકોમા

ગ્લુકોમાને 'દૃષ્ટિનો શાંત ચોર' કહેવામાં આવે છે કારણ કે શરૂઆતના તબક્કામાં તેના કોઈ લક્ષણો હોતા નથી. તે ધીમે ધીમે ઓપ્ટિક ચેતાને નુકસાન પહોંચાડે છે. જે મહિલાઓને ડાયાબિટીસ છે અથવા તેમના પરિવારમાં તેનો ઇતિહાસ છે, તેમણે નિયમિતપણે તેમના આંખના દબાણની તપાસ કરાવવી જોઈએ.

## મેક્યુલર ડિજનરેશન

આ રોગમાં આંખોની મધ્ય દૃષ્ટિ પ્રભાવિત થાય છે, જેના કારણે વાંચવામાં, ચહેરા ઓળખવામાં અથવા વાહન ચલાવવામાં મુશ્કેલી પડે છે. તેના શરૂઆતના લક્ષણો ૪૦ વર્ષની ઉંમરે દેખાઈ શકે છે, ખાસ કરીને જો આ રોગ પરિવારમાં હોય. લીલા પાંદડાવાળા શાકભાજીથી ભરપૂર આહાર અને નિયમિત આંખની તપાસ કરાવવાથી જોખમ ઘટાડી શકાય છે.

## આ ઉંમરે આંખોની સંભાળ રાખવા માટે શું કરવું?

- દર બે વર્ષે તમારી આંખોની તપાસ કરાવો
- સંતુલિત અને પૌષ્ટિક આહાર લો
- તડકામાં બહાર નીકળતી વખતે સનગ્લાસ પહેરો
- સ્ક્રીનનો સમય મર્યાદિત કરો અને દર ૨૦ મિનિટે તમારી આંખોને આરામ આપો જો તમને બળતરા અથવા ઝાંખી દ્રષ્ટિ લાગે તો ડોક્ટરની સલાહ લો. ■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

# ધોળિયો હોય કે કાળિયો... બધાના લોહીનો રંગ લાલ!



**મંદિરમાં** એકલો એકલો બોર થયેલો નવરો ઈશ્વર જેમ કોઈ ભક્તની રાહ જોતો હોય એમ ડોક્ટર ચંબુપ્રસાદ પોતાના દવાખાનામાં કોઈ દર્દીની રાહ જોતાં નવરાધૂપ બેઠેલા. જાણે પોતે જ ડોક્ટર ને પોતે જ દર્દી...ત્યાં મેં જાજરમાન પ્રવેશ કર્યો ને ડોક્ટર બોલ્યા 'ઠાકર, પહેલા તો તમારી આંખમાં દવાના બે ટીપાં નાખવા પડશે'

હું તો ચમક્યો : 'અદ્‌ભુત, અવિચારનીય, અકલ્પનીય. યુ આર જિનિયસ તમે ફેસ રીડર પણ છો? સાલુ, હજી તો મેં કીધુ જ નથી કે મારી આંખો નબળી છે તો આપને આ બ્રહ્મજ્ઞાન ક્યાંથી આવ્યું કે ..'

'અરે ટોપાલાલ, તમે અહીં બારણાંને બદલે બારીમાંથી ટપક્યા એટલે મને બત્તી થઈ કે..'.

'હા, 'મારી આંખો નબળી છે એ તમારું નિદાન બરાબર છે' આટલું કહી જાણે સલૂનમાં દાઢી કરવા આવ્યો હોઉ એમ ખુરશી પર બેસાડી આંખમાં દવાના બે ટીપાં નાખી શીશીનું ઢાંકણું ખોલતા હોય મારી ડોક મરડીને છોડી તો દસ સેકન્ડ સુધી મારી ડોક ધડ પર કથ્થક કરવા લાગી ને પછી ડોકમાંથી બાળકના ગલ્લામાંથી પરચુરણ ખખડતું હોય એવો ખણખણ અવાજ આવ્યો ને અંદરથી હું હલબલી ગયો.'

'સર, આમ જો ડોક ધડથી છૂટાછેડા લેશે તો સમાજમાં મોઢું શું બતાવીશ?'

'પણ તમારે આ ઉંમરે મોઢું કે બીજા અંગ બતાડી કામ શું છે? આંખ રિપેર થઈ જશે. હવે બોલો બીજી તકલીફ શું છે?'

'બીજી તકલીફમાં તો શ્વાસ બહુ ચડે છે.' મેં કીધું

'એ પણ હું બંધ કરી દઇશ. શ્વાસ બંધ કરવામાં તો મારી માસ્ટરી છે. આ પહેલાં પણ મેં ઘણાના ચડતા શ્વાસ બંધ કર્યા છે, પણ તમારું લોહી હજી એકવાર ટેસ્ટ કરવું પડશે' ડોક્ટર બોલ્યા.

'અલ્યા ભઇ ડોક્ટર, હજી એકવાર એટલે?' મારી ખચકી :

'લોહી તો કઇ દાળ, સૂપ કે બાસુંદી છે કે ટેસ્ટ કર્યા કરો છો? સાત સાત વાર તો ચેક કર્યું ને કઇ આવતું તો નથી.. ન ડાયાબિટિશ, ન કોલોસ્ટ્રોલ, ન બીજી કોઈ ખરાબી.'

'એટલે જ બકા, કઇ આવવું તો જોઈએ ને?' ડોક્ટર ઉવાચ

'તમે કેટલુ સારું સારું.... લોહીમાં કઇ ન આવે તો ખર્ચો માથે ન પડે?

'યાર, લોહી તમે ઉપર સાથે લઈ જવાના છો?'

'અરે, હું તો નથી લઈ જવાનો પણ તમારે મારું બધું લોહી ભેગું કરી દુકાન ખોલી બહાર પાટિયું મારવું છે કે 'અહીં તાજું ને પીવાલાયક લોહી મળશે. તમારે ચાની કિટલીની જેમ લોહીની કીટલી લઈ વેચવા નીકળવું છે 'લ્યો આવી ગયું લોહી એ-નેગેટિવ બી..પોઝેટિવ.. લાલ લાલ લોહી...'

'અરે, એમાં કેટલા રક્તકણ, શ્વેતકણ કેટલું હિમોગ્લોબિન એ તપાસવું તો પડે ને? ને જીવવું હોય તો દસ વાર પણ કરાવવું પડે, સમજ્યા?'

'અરે નથી જીવવું બસ.. તમેં નસ ન ખેંચો. એક વાત કઉ? યુ બિલીવ?

જીવનભર આ પરિવાર ને સંસારના લોકો ચા-કોફી-સરબત પીવડાવી બદલામાં એટલું લોહી પી ગયા કે હવે હું ટેસ્ટ કરવા પણ આપું તો પણ મારું જેશ્રી કૃષ્ણ થઈ જાય. લોહી આપવું એ કઇ દસના છુટા આપવા જેટલું સહેલું નથી મને એ કહો કે આ ટેસ્ટનું ચક્કર ક્યાં સુધી ચાલશે?'

'અરે, અંદર લોહી હશે ત્યાં સુધી પીશે આઈ મીન ચેક કરશે'

'અરે, આ લોહીમાં કેટલી ખાનદાની છે એ ચેક કરોને? એ ક્યાં પકડાય છે?.. સાચું કઉ તો આ શરીરની પીડા લઈને જીવ્યા તોય શું ને ન જીવ્યા તોય શું? સાલું આ શરીરના અવયવો સાચવવામાં જ જિંદગી પૂરી થઈ જાય એના કરતાં 'સ્વ'માંથી 'સ્વર્ગસ્થ' થઈ જવું સારું.. એમાંને એમાં મારી કેટલી મહેનત પાણીમાં ગઈ'

'કઇ મહેનેત?' ડોક્ટરે પૂછ્યું.

'આ જુવાનીને જાળવવાની ને વૃદ્ધત્વને ટાળવાની. જિંદગીની મુસાફરીની ટ્રેન જનમના પારણાથી શરૂ થઈ સ્મશાનના બારણાં સુધી સડસડાટ ચાલી જાય છે...ક્યાંય રોકાતી નથી.'

'રોકાઈ જાય બકા, રોકતા આવડવી જોઈએ. અચ્છા, સવારે ચાલો છો?' ડોક્ટરે મને પૂછ્યું

'યસ, રોજ સવારે બે કપ બપ્પોરે એક કપ, ને રાત્રે વાઈફ સાથે એક ..એટલે ચાર કપ..ચા '

'અરે ટોપા, મેં પૂછ્યુંઃ ચાલો છો એટલે ચાલવા જાઓ છો? રામદેવબાબા કહે છે કે ચાલીસ પછી અગર તું ચાલીસ મિનિટ પણ નઇ ચાલીશ તો ક્યાંય નઇ ચાલીશ.'

'તંબૂરો, યુ નો આ રામદેવબાબાનો... હવે તમેજ કહો ને આ સસલુ જનમથી જ કેટલી દોડાદોડ, ઉછળકૂદ કરતું જ રહે છે પણ આયુષ્ય માત્ર પંદર કે સોળ વર્ષ. ને પેલો ધીમી ગતિના સમાચાર જેવો આળસુનો પીર કાચબો જમવા સિવાય એક જગાએ ડોકી અંદર રાખી પડ્યો જ રહે છે ને આયુષ્ય ૩૦૦ વર્ષ.. ! બાકી આ ચાલવા- બાલવાનું ગયું ભાડમાં. મોજમાં રહેવાનું. બાકી શ્વાસોચ્છવાસનો હિસાબ પૂરો થાય એટલે આ શરીર પાછું રિ-ડેવલોપમેન્ટ માટે ઈશ્વરને પરત આપી જ દેવું પડે એમાં રોજ ચાલો તોય તમારું કઇ ન ચાલે. બાકી ડોક્ટરબાબુ, હિંમત હોય તો સાચું કહેજો અમારા રોગ પર તમારી તંદુરસ્તી નભે છેને?

કાશ્મીરનો ધાળિયો હોય કે મદ્રાસનો કાળિયો હોય અંદર તો લોહી બધાનું લાલ જ હોય એમ મંદિર, મસ્જિદ, દેરાસર કે ચર્ચ ભલે અલગ પણ અંદરનો પરમાત્મા એક જ છે. ભાગલા જમીનના થાય આકાશના નઇ એટલે હું જૈન, હું હિન્દુ, હું મુસ્લિમ આ બધું ભૂલી જઈ હું ઈશ્વરે મોકલેલો તેનો જ અંશ ને વંશ છું એ વિચારીએ તો.. બોલો ડોક્ટર..! શું કહો છો?' ■




# ગજબ થઈ ગયો! આખી ટીમ ફક્ત બે રનમાં ઑલઆઉટ, છ રનનો ૨૧૫ વર્ષ જૂનો વિશ્વવિક્રમ તૂટ્યો

## મિડલસેક્સ કાઉન્ટીની ટીમના આઠ બૅટ્સમેનના શૂન્ય, બેમાંથી એક રન એક્સ્ટ્રાનો, કમનસીબ

લંડનઃ ક્રિકેટની રમતમાં ઘણી વાર અણધાર્યું બની જતું હોય છે એ તો ઘણી વાર સાંભળ્યું છે અને અનુભવ્યું પણ છે, પરંતુ આપણે જે ઘટનાની વિગતો જાણવા જઈ રહ્યા છીએ એ વાંચીને દરેકને થશે સાવ આવું! આવું તે કંઈ બનતું હોય?

'ઐસા ભી હોતા હૈ' એ કહેવત ઇંગ્લૅન્ડની મિડલસેક્સ કાઉન્ટીની તાજેતરની ઘટનાને અચૂક લાગુ પડી શકાય. તાજેતરમાં મિડલસેક્સ કાઉન્ટી ક્રિકેટ લીગ વન-ડે ટૂર્નામેન્ટની એક મૅચમાં એક ટીમ (માત્ર ૩૪ બૉલમાં) ફક્ત બે રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી અને પછી એ કમનસીબ ટીમનો ૪૨૪ રનના તોતિંગ તફાવતથી પરાજય થયો હતો. આખી ટીમના એક પછી એક બૅટ્સમૅન ઝીરો પર આઉટ થતા ગયા એમ આ કમનસીબ ટીમની છાવણીમાં સન્નાટો વધતો ગયો. ટીમનો દાવ ૫.૪ ઓવરમાં સમેટાઈ ગયો એટલે ધમાલ મચી ગઈ હતી. ઑલઆઉટ થનારી ટીમના ખેલાડીઓને બધા સાંત્વન આપી રહ્યા હતા અને વિજેતા ટીમની છાવણીમાં અભૂતપૂર્વ સેલિબ્રેશન શરૂ થઈ ગયું હતું.

### ઈલેવનની આવી હાલત થઈ!




નવાઈની વાત એ છે કે રિચમંડ ક્રિકેટ ક્લબની ટીમના કૅપ્ટન માઇકલ રૅથોલ સહિત આઠ બૅટ્સમેન ઝીરોમાં આઉટ થઈ ગયા હતા. એક બૅટ્સમૅનનો એક રન હતો. ભારતીય મૂળનો બૅટ્સમૅન વિક્રમ મેન્ગલોર બૅટિંગમાં નહોતો આવ્યો. એક બૅટ્સમૅન ઝીરો પર અણનમ રહ્યો હતો. રિચમંડની ટીમને બે રનમાંથી એક રન એક્સ્ટ્રા (વાઇડ)માં મળ્યો હતો. વિજેતા ટીમના મૅથ્યૂ રૉસોને ઝીરોમાં પાંચ વિકેટ અને થૉમસ સ્પૉટને બે રનમાં ત્રણ વિકેટ લીધી હતી. એક બૅટ્સમૅન રનઆઉટ થયો હતો. એક બૅટ્સમૅન અણનમ રહ્યો એક જણે બૅટિંગ જ નહોતી કરી. પાંચ બૅટ્સમૅન ક્લીન બોલ્ડ થયા હતા.

### આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કયા વિક્રમો છે?

ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં જાણવા જેવા લોએસ્ટ સ્કોરના વિક્રમો રચાયા છેઃ ટેસ્ટ-ક્રિકેટમાં સૌથી નીચો ટીમ-સ્કોર ન્યૂ ઝીલૅન્ડ (૧૯૫૫માં ઇંગ્લૅન્ડ સામે ૨૬ રનમાં ઑલઆઉટ)ના નામે છે. વન-ડે ક્રિકેટમાં સૌથી નીચો ટીમ-સ્કોર ઝિમ્બાબ્વે (૨૦૨૪માં શ્રીલંકા સામે ૩૫ રનમાં ઑલઆઉટ)ના નામે છે. ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાં સૌથી નીચો ટીમ-સ્કોર આઇવરી કોસ્ટ (૨૦૨૪માં નાઇજિરિયા સામે સાત રનમાં ઑલઆઉટ)ના નામે છે.

### ૧૮૧૦ની સાલનો વર્લ્ડ રેકૉર્ડ તૂટ્યો

રિચમંડ નામની આ ટીમ બે રનમાં આઉટ થઈ જતાં ૧૮૧૦ની સાલનો (૨૧૫ વર્ષ જૂનો) વિશ્વવિક્રમ તૂટ્યો હતો. ૧૮૧૦માં ઇંગ્લૅન્ડ સામેની 'ધ બીઝ' નામની ટીમ માત્ર છ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી અને ૨૦૨૫ સુધી એ વિક્રમ અતૂટ રહ્યો હતો. ૧૮૭૭માં ક્રિકેટના કાયદા ઘડતી મૅરિલબૉન ક્રિકેટ ક્લબ (એમસીસી)ની ટીમ સામે ઑક્સફર્ડ યુનિવર્સિટીની ટીમ ફક્ત ૧૨ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. એ ઇનિંગ્સમાં છ બૅટ્સમેનના ઝીરો હતા.

તાજેતરની (૨૪મી મેની) ઘટનામાં પહેલાં તો નૉર્થ લંડન ક્રિકેટ ક્લબની ટીમને પ્રથમ બૅટિંગ મળી હતી અને ૪૫ ઓવરમાં છ વિકેટે ૪૨૬ રન કર્યા હતા. એમાં ડેન સિમોન્સના ૧૪૦ રન હાઇએસ્ટ હતા. રિચમંડ સીસીની ટીમ બે રનમાં ઑલઆઉટ જાહેર થઈ જતાં નૉર્થ લંડન ક્લબનો ૪૨૪ રનથી વિજય થયો જે પણ એક રીતે વિક્રમ છે. ■

# સૂર્યાના રેકૉર્ડ-બ્રેક દેખાવ છતાં મુંબઈ હાર્યું, પંજાબ ટૉપ-ટૂમાં

જયપુરઃ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)નો અહીં સોમવારે સૂર્યકુમાર યાદવના રેકૉર્ડ-બ્રેક પર્ફોર્મન્સ છતાં પંજાબ કિંગ્સ (પીબીકેએસ) સામે સાત વિકેટે પરાજય થતાં મુંબઈની ટીમ આઇપીએલના પ્લે-ઑફમાં ટોચના બે સ્થાનમાં સ્થાન જમાવવામાં નિષ્ફળ ગઈ હતી. પંજાબની ટીમ સૌથી વધુ ૧૯ પૉઇન્ટ સાથે ટૉપ-ટૂમાં પહોંચી ગઈ છે. હવે ગુજરાત કે બેંગલૂરુ, આ બેમાંથી એક ટીમ ટૉપ-ટૂમાં જશે. ટૉપ-ટૂમાં જનારી બે ટીમ વચ્ચે ક્વૉલિફાયર-વન મૅચ રમાશે જેમાં જીતનારી ટીમ સીધી ફાઇનલમાં જશે. મુંબઈએ હવે સીધા એલિમિનેટરમાં રમવું પડશે અને એમાં હારનારી ટીમ સ્પર્ધાની બહાર થઈ જશે. મુંબઈની ટીમ ક્યારેય પણ ત્રીજા-ચોથા સ્થાને રહ્યા બાદ ટાઇટલ નથી જીતી.

સોમવારે પંજાબે ૧૮૫ રનનો લક્ષ્યાંક ૧૮.૩ ઓવરમાં ૧૮૭/૩ના સ્કોર સાથે મેળવી લીધો હતો. ઓપનર પ્રિયાંશ આર્ય (૬૨ રન, ૩૫ બૉલ, બે સિક્સર, નવ ફોર) અને વિકેટકીપર જૉશ ઇંગ્લિસ (૭૩ રન, ૪૨ બૉલ, ત્રણ સિક્સર, નવ ફોર) આ જીતના બે સૂત્રધાર હતા. તેમની વચ્ચે બીજી વિકેટ માટે ૧૦૯ રનની મૅચ-વિનિંગ ભાગીદારી થઈ હતી. કૅપ્ટન શ્રેયસ (૨૬ અણનમ, ૧૬ બૉલ, બે સિક્સર, એક ફોર) પંજાબને જિતાડીને રહ્યો હતો. ટીમની સહ-માલિક પ્રીટિ ઝિન્ટા આ વિજય બદલ ખૂબ ખુશ હતી.

મુંબઈના સાતમાંથી ફક્ત બે બોલર (બુમરાહ, સૅન્ટનર)ને અનુક્રમે એક અને બે વિકેટ મળી હતી.

એ પહેલાં, બૅટિંગ મળ્યા પછી મુંબઈએ સૂર્યકુમાર (૫૭ રન, ૩૯ બૉલ, બે સિક્સર, છ ફોર)ની હાફ સેન્ચુરી તેમ જ ચાર બૅટ્સમેનના ૨૦-પ્લસ રનની મદદથી ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૮૪ રન કર્યા હતા. સૂર્યકુમારે મુંબઈ ઇન્ડિયન્સના બૅટ્સમેનોમાં આઇપીએલની એક સીઝનમાં સૌથી વધુ રન કરવાનો સચિન તેન્ડુલકરનો રેકૉર્ડ તોડ્યો હતો. સચિને ૨૦૦૯-'૧૦ની સીઝનમાં મુંબઈ ઇન્ડિયન્સ વતી ૬૧૮ રન કર્યા હતા. સૂર્યકુમારના નામે અત્યારે ૬૪૦ રન છે. ■

# ભારતના રેસિંગ કાર ડ્રાઈવર કુશ મૈનીએ ઇતિહાસ રચ્યો



મૉન્ટે કાર્લોઃ બેંગલૂરુમાં જન્મેલો ફૉર્મ્યુલા-૨ ડ્રાઇવર કુશ મૈની યુરોપના મૉનેકોમાં એફ-ટૂ રેસિંગ કારની હરીફાઈ જીતનારો પ્રથમ ભારતીય બન્યો છે.

૨૪ વર્ષીય રેસિંગ કાર ડ્રાઈવર કુશ મૈનીએ ૨૪મી મેએ ફૉર્મ્યુલા-ટૂ સ્પ્રિન્ટ રેસ જીત્યા બાદ આ અપ્રતિમ સિદ્ધિ મેળવી છે. યુરોપમાં ફ્રાન્સની નજીક આવેલા મૉનેકો નામના ટચૂકડા દેશની મૉનેકો ગ્રાં પ્રિ નામની સ્પર્ધા મોટરસ્પોર્ટની દુનિયામાં પ્રતિષ્ઠિત મનાય છે અને એમાં કુશ મૈનીએ ભારતને અનેરું ગૌરવ અપાવ્યું છે. તેણે આ મુશ્કેલ રેસ જીતી લીધી ત્યાર બાદ ભારતીય તિરંગા સાથે રાષ્ટ્રગીતની ધૂન વગાડવામાં આવી હતી અને ત્યારે કુશ મૈની ભાવુક થઈ ગયો હતો અને તેણે ગર્વભેર સૌ કોઈનું અભિવાદન ઝીલ્યું હતું.

મૉન્ટે કાર્લો શહેરના માર્ગો પર પહેલી જ વખત ભારતીય રાષ્ટ્રગીત સંભળાયું હતું. ■

# ૮,૮૫૬ રન કર્યા અને ૨૯ સેન્ચુરી ફટકારી છતાં ભારત વતી ન રમવા મળ્યું, પ્રિયાંક પંચાલે નિવૃત્તિ લઈ લીધી

## એક ટેસ્ટ સિરીઝમાં ઈજાગ્રસ્ત રોહિત શર્માના વિકલ્પ તરીકે ગુજરાતના આ ઓપનરને ટીમ ઇન્ડિયામાં સમાવાયો હતો, પણ...



અમદાવાદઃ ગુજરાતના ભૂતપૂર્વ કૅપ્ટન અને ઇન્ડિયા 'એ'ની ટીમનું પણ નેતૃત્વ કરી ચૂકેલા ૩૫ વર્ષના રાઇટ-હૅન્ડ બૅટ્સમૅન પ્રિયાંક પંચાલે તમામ પ્રકારની ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હોવાનું ગુજરાત ક્રિકેટ ઍસોસિયેશને સોમવારે જણાવ્યું હતું અને તેને શાનદાર કરીઅર બદલ અભિનંદન આપ્યા હતા. ગુજરાત તથા વેસ્ટ ઝોન વતી રમી ચૂકેલા પંચાલે ૧૭ વર્ષની ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૧૨૭ મૅચના ૨૦૭ દાવમાં કુલ ૧૬,૫૬૮ બૉલમાં ૮,૮૫૬ રન કર્યા હતા.

પંચાલે ટ્રિપલ સેન્ચુરી સહિત ૨૯ સેન્ચુરી અને ૩૪ હાફ સેન્ચુરી ફટકારી હતી, ૪૫.૧૮ તેની બૅટિંગ-સરેરાશ હતી, તેણે ૧,૧૧૦ ફોર તથા ૬૨ સિક્સર ફટકારી હતી તેમ જ લિસ્ટ-એ પ્રકારની ૯૭ મૅચમાં ૩,૬૭૨ રન બનાવ્યા હતા છતાં તેને ભારત વતી ન રમવા મળ્યું એનો તેને તેમ જ તેના અસંખ્ય ચાહકોને અફસોસ રહી ગયો હશે.

ગુજરાત વતી પંચાલે ૭,૦૧૧ રન કર્યા હતા અને તે પાર્થિવ પટેલ (૭,૦૩૦ રન) પછી બીજા નંબરે છે. પંચાલે રાજ્ય વતી ૨૩ સેન્ચુરી ફટકારી હતી જે રાજ્યના બૅટ્સમેનોમાં હાઇએસ્ટ છે. ગુજરાતની ક્રિકેટમાં પરિવર્તન લાવવામાં પાર્થિવ ઉપરાંત પંચાલનું પણ મોટું યોગદાન હતું.

પંચાલને બે વખત ભારતની ટેસ્ટ ટીમમાં અનામત ખેલાડી તરીકે સમાવાયો હતો, પરંતુ તેને રમવાનો મોકો નહોતો મળ્યો. રોહિત અને વિરાટ ટેસ્ટમાંથી નિવૃત્ત થઈ ગયા પછી પણ તેને ટીમમાં ન સમાવાયો એનો તેને રંજ રહી ગયો હશે. એક સમય હતો જ્યારે (૨૦૨૧માં) પંચાલને ઈજાગ્રસ્ત રોહિત શર્માના વિકલ્પ તરીકે રિઝર્વ પ્લેયર તરીકે સ્ક્વૉડમાં સમાવાયો હતો. જોકે પંચાલને ભારત વતી રમવા નહોતું મળ્યું. ■

# ગાંગુલીના ભાઈ-ભાભીની સ્પીડબોટ તોફાની દરિયામાં ઊંધી વળી ગઈઃ લાઇફગાર્ડની મદદથી બચી ગયા

ભુવનેશ્વરઃ ભારતના ભૂતપૂર્વ ક્રિકેટ-કૅપ્ટન અને બીસીસીઆઇના ભૂતપૂર્વ પ્રમુખ સૌરવ ગાંગુલીના મોટા ભાઈ સ્નેહાશિષ તથા ભાભી અર્પિતા શનિવારે સાંજે ઓડિશા રાજ્યના દરિયામાં જે સ્પીડબોટમાં સફર કરી રહ્યા હતા એ ઊંધી વળી ગઈ હતી. જોકે તેઓ બચી ગયા હતા. તેમણે મોતને હાથતાળી આપી એવું કહીએ તો પણ ખોટું નથી.

સ્નેહાશિષ ગાંગુલી પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ ક્રિકેટર અને હાલમાં ક્રિકેટ ઍસોસિયેશન ઑફ બેન્ગાલના પ્રમુખ છે.

તેઓ પત્ની અર્પિતા સાથે ઓડિશાના શહેર જગન્નાથપુરીમાં હૉલિડે-ટૂર પર છે. તેઓ પુરીના બીચ પર વૉટરસ્પોર્ટની મોજ માણી રહ્યા હતા ત્યારે દરિયામાં તોફાની પવનને કારણે આ ઘટના બની હતી. લાઇફગાર્ડની ટીમ તરત જ કામે લાગીને બધાને બચાવી લીધા હતા.

### સ્પીડબોટ કેમ ઊંધી વળી ગઈ?

અર્પિતાએ આક્ષેપ કરતા કહ્યું હતું કે 'મુસાફરોની સંખ્યા ઓછી હતી એટલે બોટનું વજન ઓછું હોવાથી વંટોળમાં એ ઊંધી વળી ગઈ હતી. અમે બોટમાં બેઠા ત્યારથી જ હવામાન ખરાબ હતું. ખૂબ પવન ફૂંકાતો હતો. બોટમાં ૧૦ જણ બેસી શકે એટલી ક્ષમતા હતી, પરંતુ બોટવાળાએ ત્રણથી ચાર જ જણને એમાં બેસાડ્યા એટલે બોટનું વજન ઓછું હતું જેને લીધે પવનનો વેગ વધી જતાં એ ઊંધી વળી ગઈ હતી.'

### ભગવાન જગન્નાથે અમને બચાવ્યાઃ અર્પિતા ગાંગુલી

આ બનાવની તપાસ શરૂ કરાઈ છે. અર્પિતાએ વધુમાં કહ્યું, 'જો લાઇફગાર્ડ ન હોત તો અમે ડૂબી જ ગયા હોત, ભગવાન જગન્નાથે અમને બચાવ્યા.' ■

# તેજસ્વિનીનો ગોલ્ડઃ ભારતને ચીન કરતાં આગળ આવવા મળ્યું

સુલ (જર્મની): ભારતની ૨૦ વર્ષીય તેજસ્વિની નામની શૂટરે અહીં જુનિયર વર્લ્ડ કપમાં મહિલાઓની પચીસ મીટર પિસ્તોલ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતી લીધો એ સાથે ભારતના કુલ સુવર્ણની સંખ્યા ત્રણ ઉપર પહોંચી અને આ મેડલ થકી ભારત ચીનને પાછળ ધકેલીને મોખરે થયું હતું. ભારતના ત્રણ ગોલ્ડની જેમ ચીનના પણ ત્રણ ગોલ્ડ હતા. જોકે ચીન પાસે બીજો માત્ર એક બ્રૉન્ઝ હતો, જ્યારે ભારત પાસે ચાર સિલ્વર તેમ જ એક બ્રૉન્ઝ પણ હતો. ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| કસબ | ADDICTION |
| સબબ | WATER HUT |
| પરબ | FRAUD |
| તલબ | REASON |
| ફરેબ | CRAFT |

## ઓળખાણ પડી?



ગુજરાતીમાં ખંજરી અને હિન્દીમાં ડફલી તરીકે ઓળખાતું આ વાજિંત્ર અંગ્રેજીમાં કયા નામથી જાણીતું છે એની ઓળખાણ પડી?

અ) BANJO બ) TRUMPET ક) TAMBOURINE ડ) OBOE

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ શુ | ૨ ભે | ટ ચ્છ | ૩ ક | | ૪ ક | લ | ૫ મ | ૬ કા | ૭ રી |
| ૮ ક | ર | | ૯ સ | ૧૦ વિ | તા | | ૧૧ મી | રા | ત |
| ન | | ૧૨ સુ | | ૧૩ ચા | ર | ણ | | ૧૪ કો | સ |
| ૧૫ અ | ૧૬ પ | રં | પા | ર | | | ૧૭ અ | ર | ર |
| ૧૮ પ | રા | ગ | | ણા | | ૧૯ હ | જ | મ | |
| ૨૦ શુ | ર | | ૨૧ વિ | | ૨૨ સ | દ | | | ૨૩ ક |
| ક | | | ૨૪ પ્ર | ૨૫ સં | ગ | | ૨૬ અ | હ | લ્યા |
| ૨૭ ન | ૨૮ ગ | મા | | ૨૯ ભ | વ | ર | ણ | | ણ |
| | ર | | ૩૦ કો | વિ | ડ | | ૩૧ વ | ૩૨ ચ | કા |
| ૩૩ જા | મી | ન | ખ | ત | | ૩૪ ક | ર | ક | રી |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | | |
| ૬ | | | ૭ | ૮ | | | | | ૯ |
| ૧૦ | | | | ૧૧ | | | | | |
| | | | ૧૨ | | | ૧૩ | | ૧૪ | |
| ૧૫ | ૧૬ | ૧૭ | | | ૧૮ | | | | |
| | ૧૯ | | | ૨૦ | | | | | |
| ૨૧ | | | | ૨૨ | ૨૩ | | ૨૪ | | ૨૫ |
| | | | ૨૬ | | | | | | |
| ૨૭ | ૨૮ | | | ૨૯ | | ૩૦ | | ૩૧ | |
| ૩૨ | | | | | | ૩૩ | | | |

### આડી ચાવી

૧. વિશિષ્ટતા (૪)
૪. પૂર્ણાહુતિ (૪)
૬. દાંડી (કમળની) (૨)
૭. માણસ (૩)
૧૦. ઇદના દિવસે --- વધેરાય (૩)
૧૧. તને --- જોઇ પનઘટની વાટે, મારું મન મોહી ગયું (૨)
૧૨. સૂકાં લાકડાંની ગઠરી (૨)
૧૪. માનસિક પીડા (૨)
૧૫. તોફાન, મસ્તી (૪)
૧૮. રાતોરાત (૫)
૧૯. બેંગલુરુ ટેકનોલોજીનું --- કહેવાય (અં.)(૨)
૨૧. રૂ કાંતીને કાઢેલો તાર (૩)
૨૨. જોશ, બળ, શક્તિ (૨)
૨૪. એક ફળ (૩)
૨૬. એક વનસ્પતિ (૩)
૨૭. પ્રવાહ (૨)
૨૯. લવાદ સંબંધી (૩)
૩૧. --- ભીડવી એટલે ટક્કર ઝીલવી (૨)
૩૨. રહસ્યથી ભરેલું (૫)
૩૩. સ્વયંસેવકોની મંડળી (૪)

### ઊભી ચાવી

૧. વણજારો (૫)
૨. વધેલી રકમ (૩)
૩. પરવા (૨)
૪. સૂર્ય (જો. છૂ.) (૩)
૫. ફૂલમાંની રજ (૩)
૮. દૃશ્ય (૩)
૯. સંબંધ ધરાવતું (૪)
૧૨. દાળ સાથે ખવાય (૨)
૧૩. રદ (૩)
૧૪. અનામત (૪)
૧૬. આરામ, વિસામો (૩)
૧૭. પેન્સિલથી લખેલું ભૂંસો (૩)
૨૦. તેજનું વર્તુળ (૫)
૨૧. સુતાર, મુખ્ય તટ (૪)
૨૩. કેટલાક માણસો --- જેવા હોય (૩)
૨૪. ઋતુ પ્રમાણે --- ખાવાં જરૂરી (૨)
૨૫. સમાન સપાટીવાળું (૪)
૨૮. રસ્તો (૨)
૩૦. દેખાય (૨)
૩૧. કાઢી નાખવું તે (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'નામરૂપ જૂજવા અંતે તો હેમનું હેમ' પંક્તિમાં 'હેમ' આ શબ્દનો અર્થ જણાવો.

અ) સોનું બ) હેવાન ક) અમૃત ડ) અવસ્થા

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ HOTRICULTURE ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) સંસ્કૃતિ બ) ગરમી ક) બાગાયત ડ) પ્રવાસ

## માતૃભાષાની મહેક

તમે જો ગુજરાતી માધ્યમની શાળામાં ભણ્યા હશો તો ધુંબો નામના તળપદા શબ્દથી પરિચિત હોવાની સંભાવના ભારોભાર છે. ધુંબો એટલે ગુંબો કે મુક્કો. બહુ ચપ ચપ કરી છે તો એક જ ધુંબો પડશે એમ વિદ્યાર્થીઓ આપસમાં બોલતા એ તમને યાદ હશે.

## ઈર્શાદ

દીવડાની આત્મશ્રદ્ધા જોઈને,
સૂર્ય છે ચિંતિત ને મૂંઝાયો પવન.

-શબનમ ખોજા

## સુડોકુ-૮૦૯૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | ૨ | ૭ | | ૬ | ૯ | | ૫ |
| | ૬ | ૩ | ૪ | | ૮ | ૨ | ૭ | |
| | | | | | | | | |
| ૮ | | ૬ | | | | ૭ | | ૯ |
| | | | | ૨ | | | | |
| ૧ | | ૫ | | | | ૪ | | ૩ |
| | | | | | | | | |
| | ૩ | ૭ | ૮ | | ૨ | ૧ | ૯ | |
| ૨ | | ૮ | ૩ | | ૪ | ૬ | | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૯૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૪ | ૬ | ૯ | ૭ | ૨ | ૧ | ૫ | ૩ |
| ૨ | ૫ | ૧ | ૩ | ૮ | ૪ | ૭ | ૬ | ૯ |
| ૩ | ૭ | ૯ | ૫ | ૧ | ૬ | ૪ | ૮ | ૨ |
| ૫ | ૧ | ૭ | ૮ | ૨ | ૩ | ૯ | ૪ | ૬ |
| ૯ | ૨ | ૪ | ૭ | ૬ | ૫ | ૩ | ૧ | ૮ |
| ૬ | ૮ | ૩ | ૧ | ૪ | ૯ | ૨ | ૭ | ૫ |
| ૪ | ૩ | ૨ | ૬ | ૫ | ૧ | ૮ | ૯ | ૭ |
| ૧ | ૬ | ૮ | ૨ | ૯ | ૭ | ૫ | ૩ | ૪ |
| ૭ | ૯ | ૫ | ૪ | ૩ | ૮ | ૬ | ૨ | ૧ |

## માઈન્ડ ગેમ

સંયુક્ત રાષ્ટ્રસંઘ - યુનાઈટેડ નેશન્સની સત્તાવાર માહિતી અનુસાર એશિયા ખંડમાં કુલ કેટલા દેશ અસ્તિત્વ ધરાવે છે એ જણાવો.

અ) ૪૮ બ) ૫૩
ક) ૬૧ ડ) ૮૦

## ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| કારણ | REASON |
| મારણ | KILLING |
| ભારણ | PRESSURE |
| તારણ | SUMMARY |
| સારણ | HERNIA |

ઓળખાણ પડી?
KALIMBA

ગુજરાત મોરી મોરી રે
જમીન

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
અનુમાન

માઈન્ડ ગેમ
૧૮૫૩

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) શ્રમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) ભારતી બુચ (૪) મુલરાજ કપૂર (૫) કિશોરકુમાર જીવણદાસ વેદ (૬) હર્ષા મહેતા (૭) ખુશરૂ કાપડિયા (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) લજિતા ખોના (૧૧) નિખિલ બંગાળી (૧૨) અમીશી બંગાળી (૧૩) મહેન્દ્ર લોઢાવિયા (૧૪) મીનળ કાપડિયા (૧૫) મહેશ દોશી (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) ભાવના કર્વે (૧૭) નુતન વિપીન શાહ (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) જયવંત પદમશી ચિખલ (૨૨) અલકા વાણી (૨૩) તાહેર ઔરંગાબાદવાલા (૨૪) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૬) વિણા સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) પ્રવીણ વોરા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) નિતિન જયંતલાલ બજરિયા (૩૧) સુભાષ મોમાયા (૩૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૩) પુષ્પા ખોના (૩૪) નીતા દેસાઈ (૩૫) કિશોર બી. સંઘરાજકા (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) જગદીશ ઠક્કર (૩૮) અરવિંદ કામદાર (૩૯) મહેશ એન. સંઘવી (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હિના દલાલ (૪૩) રમેશ દલાલ (૪૪) ધીરેન ઉદ્દેશી (૪૫) ગીતી ઉદ્દેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) જયવંત પદમશી ચિખલ (૪૮) અંબરીશ ઓઝા (૪૯) દિપીકા દોશી

# સેન્સેક્સ ૪૫૫ પોઇન્ટ વધીને બંધ થયો, નિફ્ટી ૨૫,૦૦૦થી ઉપર; મહિન્દ્રા, એચસીએલ ટેકમાં ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં સપ્તાહના પહેલા દિવસે સુધારાનો માહોલ જોવા મળ્યો હતો. બેંકિંગ અને ઓટો શેરોની આગેવાનીએ નવેસરની લેવાલી નીકળતાં સેન્સેક્સ ૪૫૫ પોઇન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૫,૦૦૦ની સપાટી ફરી હાંસલ કરવામાં સફળ રહ્યો હતો. ભારત વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા સાથે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા યુરોપિયન યુનિયન સાથે ટ્રેડ ટાસ્ક ડેડલાઇન લંબાવવાના નિર્ણયને પગલે વિશ્વબજારના સેન્ટિમેન્ટના સુધારા સાથે સ્થાનિક બજારમાં પણ તેજીનો સંચાર જોવા મળ્યો હતો. ખાસ કરીને બેંક, ઓટો, ફાઇનાન્શિયલ સર્વિસીસ, એફએમસીજી, આઇટી અને ફાર્મા શેરોમાં વધુ લેવાલી જોવા મળી હતી.

સેન્સેક્સ ૪૫૫.૩૭ પોઇન્ટ અથવા ૦.૫૬ ટકા વધીને ૮૨,૧૭૬.૪૫ની સપાટીએ સ્થિર થયો છે. દિવસ દરમિયાન, તે ૭૭૧.૧૬ પોઇન્ટ અથવા ૦.૯૪ ટકા વધીને ૮૨,૪૯૨.૨૪ સુધી પહોંચ્યો હતો. નિફ્ટી ૧૪૮ પોઇન્ટ અથવા ૦.૬૦ ટકા વધીને ૨૫,૦૦૧.૧૫ની સપાટીએ સ્થિર થયો છે.

નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ચોમાસાનું વહેલું આગમન અને રિઝર્વ બેંક દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે સરકારને ૨.૬૯ લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ ડિવિડન્ડની જાહેરાતથી બજારોમાં આશાવાદી વલણમાં વધારો થયો છે.

મહિન્દ્રા અને મહિન્દ્રા, એચસીએલ ટેક, ટાટા મોટર્સ, નેસ્લે, આઇટીસી, હિન્દુસ્તાન યુનિલિવર, લાર્સન અને ટુબ્રો અને ટેક મહિન્દ્રા સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા, જ્યારે સેન્સેક્સ કંપનીઓમાંથી એટર્નલ, અલ્ટ્રાટેક સિમેન્ટ, પાવર ગ્રીડ, ટાટા સ્ટીલ અને કોટક મહિન્દ્રા બેંક ટોપ લુઝર રહ્યા હતા. એટર્નલ ૪.૫૧ ટકા ઘટ્યો હતો.

પ્રાઇમરી માર્કેટમાં ફરી હલચલ વધી રહી છે. સમવારે ૨૬મી મેના રોજ મેઇન બોર્ડમાં બે ભરણાં પ્રવેશ્યા છે, જેમાં એજિસ વોપેક ટર્મિનલ્સ અને સ્કલોસ બેંગોલર લિમિટેડનો સમાવેશ છે. વરસાદી મોસમને કારણે પ્રાઇમરી માર્કેટમાં પ્રતિસાદ સહેજ મોળો રહ્યો છે. ધ લીલા હોટલ, રૂ. ૩૫૦૦ કરોડના આઇપીઓ બાદ સંપૂર્ણપણે કરજમુક્ત કંપની બની જશે. બ્રુકફિલ્ડ એસેટ મેનેજમેન્ટનું પીઠબળ ધરાવતી આ કંપનીનો એબિટા રૂ. ૭૦૦ કરોડ છે અને હોસ્પિટાલિટી સેગમેન્ટનો આ સૌથી મોટો આઇપીઓ ૨૮મી મે સુધી ખૂલો રહેશે. એ જ રીતે, એજિસ વોપેક ટર્મિનલ્સ લિમિટેડના બોર્ડે રૂ. ૯૦૦૦ કરોડના કેપેક્સ પ્લાનને મંજૂરી આપી છે. એજીસ લોજિસ્ટિક અને વોપેક ઇન્ડિયા બીવીની આ જોઇન્ટ વેન્ચર કંપની ક્ષમતા વિસ્તરણ યોજના હેઠળ ઓલ્ટરનેટિલ એનર્જી ક્ષેત્રે રોકાણ કરશે.

ફૂટસી એમએસસીઆઇએ શેરના વેઇટેજમાં ઘટાડો કર્યા પછી એટર્નલના શેરમાં ચારેક ટકાનો કડાકો જોવા મળ્યો હતો. આ ફેરફારને કારણે ૮૪૦ મિલિયન ડોલરના પેસીવ આઉટફ્લોની શક્યતા છે. ચોથા ક્વાર્ટરમાં નફો વાર્ષિક ધોરણે બાવીસ ટકા વધીને રૂ. ૭,૮૯૭ કરોડ થયા બાદ એનટીપીસીના શેર બે ટકા વધ્યા હતા. ફર્સ્ટ ગેમ્સ સામે સુપ્રીમ કોર્ટે રૂ. ૫,૭૧૨ કરોડની જીએસટી નોટિસ પર સ્ટે મૂક્યા બાદ પેટીએમના શેર એક ટકાથી વધુ વધ્યા હતા.

ટ્રમ્પ દ્વારા ઇયુ ટેરિફમાં વિલંબ થતાં ટાટા મોટર્સના શેર લગભગ બે ટકા વધ્યા હતા. કંપનીના ઇવી બિઝનેસે પોઝિટિવ એબિટા નોંધાવ્યો હતો. પાવર અને ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગની અગ્રણી કંપની, સુપ્રીમ પાવર ઇક્વિપમેન્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૫ના બીજા છ માસિક ઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૪૯.૦૮ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૯૦.૯૩ કરોડની કુલ આવક, ૩૧.૬૪ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૭.૦૩ કરોડનો એબિટા અને ૧૯ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૧.૪૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

હિન્દાલ્કોએ ચાલુ વર્ષ માટે રૂ. ૮૦૦૦ કરોડનું કેપેક્સ જાહેર કર્યું છે. ભારતની અગ્રણી વ્યાવસાયિક ઈ-વેસ્ટ મેનેજમેન્ટ કંપની ઈકો રિસાયક્લિંગ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરના ઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૨૪.૦૨ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૯.૫૦ કરોડની કુલ આવક, ૧૦૩.૩૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૬.૬૯ કરોડનો એબિટા અને ૩૩.૩૩ ટકાની વૃદ્ધિ સાથે ૨.૨૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ચોખ્ખા નફાનું માર્જિન ૨૩.૧૬ ટકા રહ્યું છે.

નીતિ આયોગના સીઇઓ બીવીઆર સુબ્રમણ્યમે જણાવ્યું છે કે ભારત જાપાનને પાછળ છોડીને વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બન્યું છે. રિઝર્વ બેંકે શુક્રવારે નાણાકીય વર્ષ ૨૫ માટે સરકારને ૨.૬૯ લાખ કરોડ રૂપિયાના રેકોર્ડ ડિવિડન્ડની જાહેરાત કરી હતી, જે ૨૦૨૩-૨૪ કરતા ૨૭.૪ ટકા વધુ છે, જેનાથી સરકારી તિજોરીને યુએસ ટેરિફ અને પાકિસ્તાન સાથેના સંઘર્ષને કારણે સંરક્ષણ પર વધતા ખર્ચને કારણે ઊભા થયેલા પડકારોનો સામનો કરવામાં મદદ મળી છે.

યુરોપિયન યુનિયન પર આક્રમક ટેરિફ લાદવાની સમયમર્યાદા લંબાવવાનો અમેરિકાના નિર્ણયે, ડોલર ઇન્ડેક્સમાં ઘટાડા સાથે, સ્થાનિક ઇક્વિટી બજારોની તેજીમાં ફાળો આપ્યો. આ વિકાસ સૂચવે છે કે વેપાર વાટાઘાટો રચનાત્મક રીતે આગળ વધી રહી છે, જે બજારની અસ્થિરતાને ઘટાડવામાં મદદ કરી શકે છે.

વધુમાં, નૈઋત્યના ચોમાસાની શરૂઆત અને સ્થાનિક બોન્ડ યીલ્ડમાં ઘટાડાએ રોકાણકારોને જોખમી સંપત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે પ્રોત્સાહિત કર્યા હોવાનું જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી અને જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયો, જ્યારે શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ નીચા મથાળે બંધ થયો. યુરોપના બજારો મધ્યસત્ર સોદામાં ઊંચા વેપાર કરી રહ્યા હતા. શુક્રવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ શુક્રવારે રૂ. ૧,૭૯૪.૫૯ કરોડના ઇક્વિટી ખરીદ્યા હતા.

આગળ જોતાં, રોકાણકારો આગામી ભારતીય જીડીપીના આંકડાઓ, યુએસ બિગ બજેટ, ફુગાવાના ડેટા અને સાપ્તાહિક રોજગારીના દાવાઓ પર નજીકથી નજર રાખશે, જેથી સ્થાનિક અને વૈશ્વિક સ્તરે આર્થિક સુધારાની મજબૂતાઈ અને માર્ગનું મૂલ્યાંકન કરી શકાય. રિઝર્વ બેન્ક તરફથી વિક્રમી ડિવિડન્ડની ચૂકવણીને કારણે સરકારને રાજકોષીય ટેકો મળશે એવી ધારણાં વચ્ચે ભારતીય બોન્ડ યીલ્ડમાં ઘટાડો જોવા મળ્યો છે. રોકાણકારોનું ધ્યાન અમેરિકા અને ભારતની વેપાર વાટાઘાટો અને મજબૂત સ્થાનિક મેક્રોઇકોનોમિક સંકેતો પર વધુ કેન્દ્રિત છે. જો કે, વધતા યુએસ દેવાની ચિંતાઓ વચ્ચે વધી રહેલા યુએસ બોન્ડ યીલ્ડને કારણે તાજેતરના નોંધાયેલો એફઆઇઆઇનો આઉટફ્લો બજારના સેન્ટિમેન્ટ પર દબાણ લાવી શકે છે. ■

### ટ્રમ્પે યુરોપિયન યુનિયન પરના ટેરિફની મુદત લંબાવતા વૈશ્વિક સોનામાં બે સપ્તાહની ટોચેથી પીછેહઠ

# સ્થાનિક સોનામાં ₹ ૩૪૨નો અને ચાંદીમાં ₹ ૪૮૮નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે યુરોપિયન યુનિયન પર પહેલી જૂનથી ૫૦ ટકા ટૅરિફ લાદવાની ધમકી આપી હતી, પરંતુ હવે ટ્રેડ ડીલ કરવા માટેની મુદત નવમી જુલાઈ સુધી લંબાવતા આજે લંડન ખાતે સોનામાં સલામતી માટેની માગ ઓસરી જતાં ભાવ બે સપ્તાહની ટોચેથી પાછાં ફર્યાં હતા અને ડૉલર ઈન્ડેક્સ પણ એક મહિનાની નીચી સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં ગત શુક્રવારે વૈશ્વિક સોનામાં બે ટકા જેટલો ઉછાળો આવ્યો હોવાથી આજે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૪૦થી ૩૪૨નો સુધારો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૩૭ પૈસા મજબૂત રહ્યો હોવાથી સોનામાં સુધારો મર્યાદિત રહ્યો હતો. તેમ જ ચાંદીમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૪૮૮ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં ખાસ કરીને ગત શુક્રવારના વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૪૮૮ વધીને રૂ. ૯૭,૩૯૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ છતાં ગત શુક્રવારનાં પ્રોત્સાહક અહેવાલે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૪૦ વધીને રૂ. ૯૫,૪૨૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૪૨ વધીને રૂ. ૯૫,૮૧૩ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૨૯.૭૮ ડૉલર અને વાયદામાં ભાવ ૧.૧ ટકાના ઘટાડા સાથે ૩૩૨૯.૨૦. ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩.૩૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે યુરોપિયન યુનિયન સામેના ટૅરિફની મુદત લંબાવતા બજારે હાશકારો અનુભવતા આજે સલામતી માટેની માગ ઓસરતા સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું કેપિટલ ડૉટ કૉમના વિશ્લેષક ક્યેલ રોડ્ડાએ જણાવતા ઉમેર્યું હતું કે હાલ સોનામાં ઘટાડો જોવા મળ્યો હોવા છતાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને અમેરિકી અસ્ક્યામતોની ચિંતાને ધ્યાનમાં લેતા ખાસ કરીને કેન્દ્રવર્તી બૅન્કોની ડૉલરને સ્થાને સોનામાં લેવાલીનો ટેકો મળતો રહે તેવી શક્યતા નકારી ન શકાય.

અગાઉ ટ્રમ્પે યુરોપિયન યુનિયનથી થતી આયાત સામે ૫૦ ટકા ટૅરિફ લાદવાની ધમકી આપી હતી અને ટ્રેડ વૉરની ચિંતા સપાટી પર આવતા ગત શુક્રવારે સોનાના વૈશ્વિક ભાવમાં બે ટકાનો ઉછાળો આવ્યો હતો, પરંતુ યુરોપિયન યુનિયનની એક્ઝિક્યુટીવ બોડીએ ટ્રેડ ડીલ માટે વધુ સમયગાળો માગતા અમેરિકાએ ટૅરિફની મુદત લંબાવતા આજે સોનામાં સલામતી માટેની માગ ઓસરી હતી. જોકે, રશિયા-યુક્રેન વચ્ચેના તણાવ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સોનામાં મોટો ઘટાડો અટક્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ડૉલર ઈન્ડેક્સ નબળો પડતા રૂપિયામાં ૩૫ પૈસાનો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૭૯૪.૫૯ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૩૫ પૈસાના ઉછાળા સાથે ૮૫.૧૦ના મથાળે બંધ રહ્યો હતો. વધુમાં તાજેતરમાં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે સરકારને રૂ. ૨.૩૬૯ લાખ કરોડનુ ડિવિડન્ડ આપવાની જાહેરાત કરી હોવાથી પણ રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૫.૪૫ના બંધ સામે મજબૂત અન્ડરટોને ૮૫.૦૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૧૮ અને ઉપરમાં એક તબક્કે વધીને ૮૫ની અંદર ઊતરીને ૮૪.૭૮ સુધી ક્વૉટ થયા બાદ અંતે આગલા બંધ સામે ૩૫ પૈસાના સુધારા સાથે ૮૫.૧૦ના મથાળે બંધ રહ્યો હતો.

આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને ઈક્વિટીમાં સુધારાને ટેકે રૂપિયામાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે વૈશ્વિક સ્તરે જોખમી પરિબળો હળવા થતાં રૂપિયાના સુધારાને ટેકો મળી રહ્યો હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૪.૭૦થી ૮૫.૪૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૦૭ ટકા ઘટીને ૯૮.૯૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૫૫.૩૭ પૉઈન્ટનો અને ૧૪૮ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૧૭ ટકા વધીને બેરલદીઠ ૬૮.૮૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વૈશ્વિક સ્તરે રૂના નીચા ભાવ અને સ્થાનિકમાં ઉત્પાદન ઓછું રહેતાં નિકાસ પર માઠી અસરઃ સીએઆઈ

મુંબઈઃ હાલમાં બ્રાઝિલિયન રૂના નીચા ભાવ અને સ્થાનિકમાં ઉત્પાદન ઓછું રહ્યું હોવાથી વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫ની રૂ મોસમમાં નિકાસ ગત સાલની સરખામણીમાં ૧૫ લાખ ગાંસડીનો ઘટાડો થવાની શક્યતા કોટન એસોસિયેશન ઑફ ઈન્ડિયાએ આજે એક યાદીમાં વ્યક્ત કરી હતી.

ગત ઑક્ટોબર મહિનાથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫માં રૂની નિકાસ આગલી મોસમની ૨૮.૩૬ લાખ ગાંસડી સામે ૧૫ લાખ ગાંસડી ઘટીને ૧૩.૩૬ લાખ ગાંસડી રહેવાનો એસોસિયેશને અંદાજ મૂક્યો છે.

વર્તમાન મોસમમાં ખાસ કરીને આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રાઝિલિયન રૂના ભાવ ભારતના ભાવની સરખામણીમાં સાત ટકા જેટલાં નીચા હોવાથી નિકાસમાં ઘટાડો થવાની શક્યતા છે. વધુમાં આપણું ઉત્પાદન પણ ગત મોસમની સરખામણીમાં ૧૧ ટકા ઓછું રહેવાને કારણે આપણી આયાતમાં વધારો અને નિકાસ ઘટે તેવી શક્યતા વ્યક્ત કરતાં એસોસિયેશનનાં પ્રમુખ અતુલ ગણાત્રાએ એક યાદીમાં જણાવ્યું હતું.

એસોસિયેશને વર્તમાન મોસમમાં રૂની આયાત ગત મોસમની ૧૭.૮૦ લાખ ગાંસડીની આયાત સામે વધીને ૩૩ લાખ ગાંસડીની થવાની તેમ જ ઉત્પાદન ગત મોસમની ૩૨૭.૪૫ લાખ ગાંસડી સામે ઘટીને ૨૯૧.૩૫ લાખ ગાંસડી રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે.

વધુમાં ગત એપ્રિલ, ૨૦૨૫નાં અંત સુધીમાં કુલ પુરવઠો ૩૨૫.૮૯ લાખ ગાંસડી રહ્યો હોવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. જેમાં ૩૦.૧૯ લાખ ગાંસડી ખૂલતા માલનો સ્ટોક, પ્રેસિંગ થયેલી ૨૬૮.૨૦ લાખ ગાંસડી અને ૨૭.૫૦ લાખ ગાંસડી આયાતનો સમાવેશ થાય છે. આ સિવાય એસોસિયેશને એપ્રિલ, ૨૦૨૫ સુધી ૧૮૫ લાખ ગાંસડી રૂનો વપરાશ અને ૧૦ લાખ ગાંસડી નિકાસનો અંદાજ મૂકવાની સાથે એપ્રિલ અંતે ૧૩૦.૮૯ લાખ ગાંસડી સ્ટોક રહ્યો હોવાનો અંદાજ મૂક્યો છે. જેમાંથી ૩૫ લાખ ગાંસડી મિલો પાસે અને શેષ ૯૫.૮૯ લાખ ગાંસડીનો સ્ટોક કોટન કોર્પોરેશન ઑફ ઈન્ડિયા, મહારાષ્ટ્ર ફેડરેશન તથા અન્યો પાસે રહ્યો હોવાની ધારણા મૂકવામાં આવી છે.

એકંદરે એસોસિયેશને વર્ષ ૨૦૨૪-૨૫ની મોસમના અંત સુધીમાં કુલ ૩૫૪.૫૪ લાખ ગાંસડીનાં પુરવઠાનો અંદાજ મૂક્યો છે. જેમાં ૩૦.૧૯ લાખ ગાંસડી મોસમના આરંભે ખૂલતો સ્ટોક, ૨૯૧.૩૫ લાખ ગાંસડી પ્રેસિંગ અને ૩૩ લાખ ગાંસડી આયાતનો સમાવેશ થાય છે. જોકે, એસોસિયેશને વપરાશી માગનો અંદાજ ઘટાડીને ૩૦૭ લાખ ગાંસડીનો મૂક્યો હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. ■

# પાંખાં કામકાજો વચ્ચે વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે પાંખાં કામકાજો વચ્ચે માત્ર કોપર સ્ક્રેપ હેવી, કોપર વાયરબાર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની લેવાલી અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો સુધારો આવ્યો હતો, જ્યારે એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. છનો ઘટાડો આવ્યો હતો તથા અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં કોપર સહિતની અન્ય ધાતુઓમાં ધીમો સુધારો આગળ વધ્યો હોવાના અહેવાલ હતા.

જોકે, સ્થાનિક ધાતુ બજારમાં આજે વરસાદી વાતાવરણમાં સ્ટોકિસ્ટો, ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ છૂટીછવાઈ રહેતાં માત્ર કોપર સ્ક્રેપ હેવી અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૩૦ અને રૂ. ૧૮૫, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૮૯૦ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૪૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી તેમ જ સાર્વત્રિક સ્તરેથી કામકાજો પાંખાં રહેતાં ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૨૮૪૪ના મથાળે રહ્યા હતા.

આ સિવાય કોપર અને એલ્યુમિનિયમની અન્ય વેરાઈટીઓ, બ્રાસ, ઝિન્ક સ્લેબ અને નિકલમાં ખપપૂરતા કામકાજે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. ■

# સ્મોલ ગ્રેડની ખાંડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે વરસાદી માહોલમાં રિટેલ સ્તરની પાંખી લેવાલી ઉપરાંત સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો જોવ મળ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક હતી. જોકે, આજે વરસાદી વાતાવરણને કારણે રિટેલ સ્તરની માગ એકંદરે ઓછી રહેવાની સાથે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો પણ અભાવ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મર્યાદિત માગે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૨૬થી ૩૯૭૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૨થી ૪૦૭૨માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૮૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. ■

# ઈસીજીની બેઠક પર શણ ઉદ્યોગની મીટ

કોલકાતાઃ હાલમાં શણ અને મેસ્ટા ઉદ્યોગ પુરવઠાખેંચની સ્થિતિ વચ્ચે ઊંચા ભાવ અને નવી આવકો વિલંબિત થવાની ભીતિ જેવાં પડકારો સામે ઝઝૂમી રહ્યો હોવા છતાં ઉદ્યોગની નજર આગામી ત્રીજી જૂનના રોજ યોજાનારી કેન્દ્ર સરકારની જ્યૂટ પરની એક્સપર્ટ અથવા તો નિષ્ણાતોની કમિટીની બેઠક પર સ્થિર થઈ છે.

ટેક્સ્ટાઈલ મંત્રાલય હેઠળની આ કમિટી પાક વર્ષ ૨૦૨૪-૨૫નાં માગ અને પુરવઠાના સિનારિયોની આકારણી કરશે અને આગામી પાક વર્ષ ૨૦૨૫-૨૬નાં ભાવિ અંગે ચર્ચા કરશે. આ બેઠકમાં નેશનલ જ્યૂટ બોર્ડ, કૃષિ મંત્રાલય અને અન્ય હિસ્સેધારકો ઉપસ્થિત રહેશે.

જોકે, આ વર્ષ માટે ૭૩ લાખ ગાંસડી શણના ઉત્પાદન, પાંચ લાખ ગાંસડી આયાત અને ૨૩ લાખ ગૂણીના ખૂલતા સ્ટોકનો અંદાજ મળીને કુલ ૧૦૦ લાખ ગૂણીના પુરવઠા સામે ૭૦થી ૭૨ લાખ ગૂણીની વપરાશી માગ રહેવા છતાં સંગ્રહખોરીને કારણે પુરવઠાસ્થિતિ તંગ હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

વધુમાં વરસાદ વિલંબિત થતાં મુર્શિદાબાદ, નાદિયા અને ગોલપરા જેવાં જ્યૂટના મુખ્ય ઉત્પાદક વિસ્તારોમાં વાવેતર મોડું થવાથી નવી આવકો પણ સપ્ટેમ્બર પૂર્વે આવે તેવી શક્યતા ન હોવાથી જુલાઈ-ઑગસ્ટ દરમિયાન પુરવઠામાં ખાંચરો પડતાં ભાવ વધી આવવાની શક્યતા છે. જોકે, હાલમાં જ ભાવ ક્વિન્ટલદીઠ રૂ. ૫૬૫૦નાં લઘુતમ ટેકાના ભાવની તુલનામાં વધીને રૂ. ૬૮૦૦થી ૭૨૦૦ જેટલી ઊંચી સપાટીએ પહોંચી ગયા હોવાનું ઈન્ડિયન જ્યૂટ મિલ્સ એસોસિયેશનના અધ્યક્ષ સંજય કજારિયાએ જણાવ્યું હતું.

હાલમાં બજારની આવી સ્થિતિ હોવા છતાં જ્યૂટ કમિશનર્સ ઑફિસ (જેસીઓ) બફર સ્ટોક છૂટો કરવામાં કે સંગ્રહખોરો અને સટ્ટોડિયાઓ સામે પગલાં લેવામાં નિષ્ફળ ગઈ હોવાની મિલોએ ફરિયાદ કરી હતી, એમ કજારિયાએ જણાવતાં ઉમેર્યું હતું કે ઈનપૂટ ખર્ચમાં વધારા અને કાચા માલની પ્રાપ્તિ સામેના પડકારોને ધ્યાનમાં લેતા ખાસ કરીને ઉત્તર બંગાળની મિલો સપ્તાહ દરમિયાન માત્ર ચારથી પાંચ દિવસ જ કાર્યાન્વિત રહે છે. વધુમાં એક મિલ માલિકે જણાવ્યું હતું કે અમે વેતન ચુકવવાની સાથે સરકારી વેરાકીય જવાબદારીઓ અદા કરવા સામે પણ પડકારોનો સામનો કરી રહ્યા છીએ.

જોકે, હવે ઉદ્યોગને આશાવાદ છે કે ઈસીજીની બેઠકમાં સરકાર બફર સ્ટોક છૂટો કરવા સહિત સંગ્રહખોરી ડામવા અને ભાવમાં સ્થિરતા લાવવા માટેનાં પગલાંની જાહેરાત કરશે. ■

# માર્કેટ કેપમાં ₹ ૨.૯૨ લાખ કરોડની વૃદ્ધિઃ સર્વિસીસ ઈન્ડેક્સ સિવાયના તમામ શેરઆંકમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં સતત બીજા દિવસની આગેકૂચ દરમિયાન એકમાત્ર સર્વિસીસ ઈન્ડેક્સ ઘટ્યો હતો, જ્યારે ઓટો અને ફોકસ્ડ આઈટી સૌથી વધુ સુધારો નોંધાયો હતો. એક્સચેન્જ પર લિસ્ટેડ કંપનીઓના કુલ માર્કેટ કેપમાં સોમવારે રૂ. ૨.૯૨ લાખ કરોડની વૃદ્ધિ નોંધાઇ હતી. સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૮૧,૭૨૧.૦૮ના બંધથી ૪૫૫.૩૭ પોઈન્ટ્સ (૦.૫૬ ટકા) વધ્યો હતો.

સેન્સેક્સ ૮૧,૯૨૮.૯૫ ખૂલીને ઊંચામાં ૮૨,૪૯૨.૨૪ સુધી અને નીચામાં ૮૧,૮૬૭.૨૩ સુધી જઈને અંતે ૮૨,૧૭૬.૪૫ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૪૧.૮૯ લાખ કરોડથી રૂ.૨.૯૨ લાખ કરોડ વધીને રૂ.૪૪૪.૮૧ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સની ૨૨ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે આઠ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૨૬૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૩૦૨ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૭૭૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૯૫ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૦૭ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૪૨ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૩૩૩ સ્ટોક્સને ઉપલી જ્યારે ૨૪૩ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૫૬ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૪૮ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૬૨ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૧૪ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડેક્સમાં એકમાત્ર સર્વિસીસ ૦.૧૬ ટકા ઘટ્યો હતો, જ્યારે ઓટો ૧.૦૪ ટકા, ફોકસ્ડ આઈટી ૧.૦૪ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૯૮ ટકા, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ૦.૮૮ ટકા, મેટલ ૦.૮૭ ટકા, રિયલ્ટી ૦.૭૫ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૭૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૬૭ ટકા, પાવર ૦.૬૧ ટકા, કોમોડિટીઝ ૦.૫૩ ટકા, એનર્જી ૦.૪૮ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૪૩ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૩૮ ટકા, હેલ્થકેર ૦.૩૫ ટકા, બેન્કેક્સ ૦.૨૮ ટકા અને યુટિલિટીઝ ૦.૨ ટકા અને ટેલિકોમ્યુનિકેશન ૦.૧૫ ટકા વધ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૧૭ ટકા, નેલ્સે ૧.૬૫ ટકા, એચસીએલ ટેક ૧.૫૩ ટકા, ટાટા મોટર્સ ૧.૫૨ ટકા, આઈટીસી ૧.૪૯ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૪૧ ટકા, લાર્સન ૧.૩૫ ટકા, ટેક મહિન્દ્ર ૧.૨૭ ટકા, ઈન્ફોસિસ ૧.૦૨ ટકા અને ટાઈટન ૦.૯૦ ટકા વધ્યા હતા, જ્યારે ઈટર્નલ ૪.૫૧ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૪૭ ટકા, પાવર ગ્રીડ ૦.૪૫ ટકા, સન ફાર્મા ૦.૪૫ ટકા, એનટીપીસી ૦.૩૨ ટકા, ટાટા સ્ટીલ ૦.૩૧ ટકા, કોટક બેન્ક ૦.૩૦ ટકા અને મારુતિ ૦.૧૭ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૩૩૯.૪૦ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૬૨૪ સોદામાં ૨,૦૫૬ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૯,૭૬,૪૫૨ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ (અનુમાનિત) ટર્નઓવર રૂ. ૮૬,૦૩,૪૦૦.૨૬ કરોડનું રહ્યું હતું. ■

# ચોમાસાના પહેલા છાંટે મુંબઈ પાણી-પાણી




(અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નૈર્ઋત્યનું ચોમાસું તેના નિર્ધારીત સમય કરતા ૧૬ દિવસ વહેલું મુંબઈમાં આવી પહોંચ્યું છે. મુંબઈમાં ૧૯૫૦ની સાલ બાદ એટલે કે ૭૫ વર્ષ બાદ વહેલું આગમન થયું હોવાનું ભારતીય હવામાન ખાતાએ સત્તાવાર રીતે સોમવારે જણાવ્યું હતું. આ અગાઉ ૧૯૫૬ના ૨૯ મેના અને ૧૯૬૨માં અને ૧૯૭૧માં પણ ચોમાસાનું આગમન જલદી થયું હતું. શનિવારે કેરળમાં નૈર્ઋત્યના ચોમાસાનું આગમન થયું હતું, જે ભારતની મુખ્ય ભૂમિ પર ૨૦૦૯ પછી સૌથી વહેલું આગમન કહેવાય છે. સામાન્ય રીતે પહેલી જૂન સુધી કેરળમાં ચોમાસું પ્રવેશે છે અને ૧૧ જૂન સધીમાં મુંબઈમાં પહોં છે અને ૮ જુલાઈ સુધી સમગ્ર દેશને આવરી છે. ૧૭ સપ્ટેમ્બરની આસપાસ ઉત્તર-પશ્ચિમ ભારતમાથી ચોમાસું વિદાય લેવાનું ચાલુ કરે છે અને ૧૫મી ઓક્ટોબર સુધી સમગ્ર દેશમાંથી ચોમાસાનીવિદાય થાય છે.

મુંબઇમાં રવિવાર મોડી રાતના૧૧ વાગ્યાથી સોમવાર સવારના ૧૧ વાગ્યા સુધીના અમુક કલાકમાં સરેરાશ ૨૫૦ મિ.મી. થી વધુ વરસાદ પડી ગયો હતો, જેમાં સવારના વરસાદનું જોર દક્ષિણ મુંબઈમાં (જુઓ પાનું ૪)

## ■ ‘લાઈફલાઈન’ને બ્રેક

મુંબઈઃ મુંબઈ સહિત પરાના વિસ્તારમાં રવિવારે મધરાતથી લઈને સોમવારે વહેલી સવારથી પડેલા ભારે વરસાદની જાહેર પરિવહન પર ગંભીર અસર પડી હતી. મુંબઈની લાઈફલાઈન લોકલ ટ્રેનની રફતાર ધીમી પડવાની સાથે મધ્ય રેલવેમાં તો લોકલ ટ્રેનની સર્વિસને સ્થગિત કરવાની નોબત આવી હતી, પરિણામે મધ્ય રેલવેના પ્રવાસીઓને ટ્રેનમાં ટ્રાવેલ કરવામાં હાલાકી પડી હતી.

મધ્ય રેલવેમાં સવારથી ભારે વરસાદને કારણે વિઝિબિલિટી ઘટી હતી, પરિણામે સવારથી લોકલ ટ્રેનોના મર્યાદિત સ્પીડમાં દોડાવવામાં આવી હતી, પરંતુ ભારે વરસાદને કારણે મુંબઈમાં રેલવે ટ્રેક પર પાણી ભરાયા હતા. સૌથી પહેલા મસ્જિદ બંદર પછી કુર્લા-સાયન વચ્ચે રેલવે ટ્રેક પર પાણી ભરાઈ જવાને કારણે લોકલ ટ્રેનસેવા રોકવામાં આવી હતી. બીજી બાજુ પશ્ચિમ રેલવેમાં રેલવે ટ્રેક નજીક વૃક્ષની ડાળી ઓએચઈ પર પડવાને કારણે પશ્ચિમ રેલવેની ટ્રેનસેવા પર અસર પડી હતી. ■

## ■ બીમારીઓનું પ્રમાણ વધશે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ચોમાસુ વહેલું શરૂ થઈ ગયું હોવાથી દેશને મોટી મહામારીનો સામનો કરવો પડશે એવી આશંકા આરોગ્ય વિભાગના વરિષ્ઠ ડોક્ટરોએ વ્યક્ત કરી છે. આથી નાગરિકોએ યોગ્ય કાળજી લેવા આરોગ્ય વિભાગે અપીલ કરી છે.

દર વર્ષે જૂનથી ઓક્ટોબરના સમયગાળા દરમિયાન રાજ્યમાં ડેન્ગ્યુ, મેલેરિયા, લેપ્ટોસ્પાયરોસિસ, ટાઇફોઇડ અને ગેસ્ટ્રોએન્ટેરિટિસ જેવા રોગોનો ફેલાવો થાય છે. જાહેર આરોગ્ય વિભાગ અને રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કાર્યક્રમના અહેવાલો અનુસાર છેલ્લા ત્રણ વર્ષમાં ચોમાસાના રોગોના કેસોમાં ચિંતાજનક વધારો થયો છે. ૨૦૨૨ માં (જુઓ પાનું ૪)

## ■ તમામ તંત્રો સતર્કઃ એકનાથ શિંદે

થાણેઃ રાજ્યમાં ચોમાસાના આગમનને પગલે હવામાન વિભાગે થાણે જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી આપી છે. નાગરિકોની સલામતી અત્યંત મહત્ત્વપૂર્ણ છે અને આ માટે તમામ તંત્રો સતર્ક છે, એમ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની મુલાકાત લીધા બાદ ભારપૂર્વક જણાવ્યું હતું.

શૂન્ય જાનહાનિ એ અમારું લક્ષ્ય છે. તેથી નાયબ મુખ્ય પ્રધાન શિંદેએ એવો પણ નિર્દેશ આપ્યો હતો કે જો કોઈ તાકીદની સ્થિતિ સર્જાય અથવા ફરિયાદ મળે, તો એજન્સીઓએ શક્ય તેટલા ઓછા સમયમાં પ્રતિસાદ આપીને મદદ કરવા માટે તત્પર રહેવું જોઈએ, તેમણે એમ પણ કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોના અનુભવના આધારે, થાણે મ્યુનિસિપલ કોર્પોરેશને ચોમાસાની પરિસ્થિતિનો સારી રીતે સામનો કર્યો છે. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનનો (જુઓ પાનું ૪)

## ■ નવી નક્કોર મેટ્રો-થ્રીમાં પાણી ભરાયા, સર્વિસ રદ

મુંબઈઃ મુંબઈમાં સોમવારે પડેલા ધોધમાર વરસાદને કારણે હાલમાં શરૂ થયેલી અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનમાં પાણી ભરાઈ ગયા હતા. પરિણામે આચાર્ય અત્રે ચોક અને વરલી વચ્ચેની મેટ્રો લાઇન થ્રી પર ટ્રેન સ્થગિત કરી દેવામાં આવી હતી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ભૂગર્ભમાં આવેલા આચાર્ય અત્રે ચોક સ્ટેશન પર પૂરની જાણ થતાં મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી)ને આ ટ્રેન સર્વિસ સ્થગિત કરવાની ફરજ પડી હતી.મેટ્રો સ્ટેશનની અંદર પાણી ભરાવાથી ૩૩ કિલોમીટર લાંબા કોલાબા-બીકેસી-આરે જેવીએલઆર અંડરગ્રાઉન્ડ મેટ્રો કોરિડોરના અંડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનની બાંધકામની ગુણવત્તા અને ચોમાસામાં કેવી પરિસ્થિતિ હશે એ અંગે ચિંતા વધી છે. એમએમઆરસીએ સોમવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સોમવારે અચાનક પડેલા તીવ્ર વરસાદને કારણે ડો.એની બેસન્ટ રોડ પર આવેલા આચાર્ય અત્રે ચોક સ્ટેશનના નિર્માણાધીન પ્રવેશ/બહાર નીકળવાના બાંધકામ પાસે પાણી ભરાઈ ગયા હતા. ■

## ■ દક્ષિણ મુંબઈમાં વરસાદ કેમ વધુ?

રવિવાર મધરાતથી સમગ્ર મુંબઈમાં વરસાદ ચાલુ થયો હતો. જોકે ઉપનગર કરતા દક્ષિણ મુંબઈમાં વરસાદનું જોર વધું હતું. હવામાના નિષ્ણાતના કહેવા મુજબ ગયા અઠવાડિયામાં અરબી સમુદ્રમાં નિર્માણ થયેલા હવાના ઓછા દબાણના પટ્ટાના અવશેષો પુણે નજીક મધ્ય મહાષ્ટ્રના પાસે અટવાઈ ગયા હતા. મુંબઈથી રત્નાગિરી દરમ્યાન તેમનો પશ્ચિમના ભાગમાં સંગમ થયો હતો. તેથી દક્ષિણ મુંબઈમાં ઉત્તર રાયગઢ, નવી મુંબઈ, કર્જત પટ્ટામાં મોટા પ્રમાણમાં ભેજ નિર્માણ થયું હતું અને તેમાં હજી વધારો થયો હતો. તેને કારણે ૧૫ કિલોમીટર ઊંચાઈ પર વાવાઝોડું નિર્માણ થયું હતું. તે પૂર્વ તરફથી ભારે વરસાદ અને વાવાઝોડું લાવ્યું હતું અને તેને કારણે દક્ષિણના પટ્ટામાં ભારે વરસાદ પડયો હતો. ■

## ■ ટ્રાફિક જૅમની સમસ્યા સર્જાઈ

મુંબઈઃ મુંબઈમાં ભારે વરસાદને કારણે કેટલાક સ્થળોએ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે વાહનવ્યવહારને અસર થઈ હતી.રવિવાર રાતથી મુંબઈમાં પડી રહેલા ભારે વરસાદને કારણે અંધેરી સબવેમાં પાણી ભરાઈ ગયા હતા. કર્ણાક પુલ બંધ થવાને કારણે દક્ષિણ તરફ જતા અવતાર સિંહ બેદી વાડીબંદર માર્ગ પર ટ્રાફિક ધીમી ગતિએ ચાલી રહ્યો હતો.

મલબાર હિલ વિસ્તારમાં નારાયણ દાભોલકર રોડ પર પાણી ભરાઈ જવાને કારણે વાહનવ્યવહારને અસર થઈ હતી. આ ઉપરાંત પરેલના એલ્ફિન્સ્ટન બ્રિજ પણ પાણી ભરાઈ ગયું હતું. વરલી નાકા નોર્થ ચેનલ, બાંદ્રા બેન્ડ સ્ટેન્ડ, જે. જે. માર્ગ, હિંદમાતા, માટુંગા કિંગ સર્કલ, વાકોલા રામ નગર સબવે પર પાણી ભરાઈ ગયું હતું. ગ્રાન્ટ રોડ પર નાના ચોક ખાતે મોટા પ્રમાણમાં પાણી ભરાઈ ગયું હતું. સતત વરસાદને કારણે રેલવે વ્યવહાર પણ ખોરવાઈ ગયો હતો. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# ‘ચૅટિંગ સ્કેમ’ માટે માનવ તસ્કરીનું રૅકેટઃ સુરતના યુવાનની ધરપકડ

## સુરતના જ કમ્પ્યુટર ઍપ્લિકેશનના નિષ્ણાત બે યુવાનને લાઓસ લઈ જતો હતોઃ ઈમિગ્રેશન અધિકારીની સતર્કતાથી ઝડપાઈ ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા, કૅનેડા અને ઑસ્ટ્રેલિયાના નાગરિકોનો ફેસબુક ચૅટિંગના માધ્યમથી સંપર્ક સાધી કથિત છેતરપિંડી કરવાના ‘ચૅટિંગ સ્કેમ’ માટે માનવ તસ્કરી કરવાના રૅકેટ સાથે સંકળાયેલા સુરતના યુવાનની મુંબઈ પોલીસે ધરપકડ કરી હતી. બે વર્ષ સુધી સફળતાપૂર્વક સ્કૅમમાં કામ કરનારો આરોપી યુવાન સુરતના જ કમ્પ્યુટર ઍપ્લિકેશનના નિષ્ણાતોને ઊંચા વેતનની લાલચે લાઓસ લઈ જઈ રહ્યો હતો, પરંતુ ઈમિગ્રેશન અધિકારીની સતર્કતાથી ઝડપાઈ ગયો હતો. સહાર પોલીસે (જુઓ પાનું ૪)

MAHABALESHWAR
HOTEL Rajesh Pure Veg.
stay@hotelrajesh.com
A/c Rooms with Swimming Pool
Gujarati Thali & Indian, Chinese Restaurant
Ph. 9769894565 / 8104294880
www.hotelrajesh.com

# દક્ષિણ મુંબઈમાં આવતી કાલથી ૨૪ કલાક માટે પાણીપુરવઠો બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ઈ-વોર્ડમાં પાણીપુરવઠામાં સુધારણા કરવા માટે નવા કામ હાથ ધરવામાં આવવાના છે. આ કામ અંતર્ગત નવાનગર, ડૉકયાર્ડમાં રહેલી જૂની ૧,૨૦૦ મિ.મી. વ્યાસની પાઈપલાઈન બંધ કરીને નવી ૧,૨૦૦ મિ.મી. વ્યાસની પાઈપલાઈન શરૂ કરવામાં આવવાની છે. તેમ જ ભંડારવાડા રિઝવિયરમાં કમ્પાર્ટમેન્ટ-એકમાં ૯૦૦ મિમી. વ્યાસની જૂના ફ્લડગેટ કાઢીને નવા ૯૦૦ મિ.મી. ફ્લડગેટ બેસાડવામાં આવવાના છે. આ બંને કામ બુધવાર, ૨૮ મે, ૨૦૨૫ના સવારના ૧૦ વાગ્યાથી ગુરુવાર ૨૯ મે, ૨૦૨૫ના સવારના ૧૦ વાગ્યા સુધી ૨૪ કલાક ચાલશે. તેથી આ સમય દરમ્યાન દક્ષિણ મુંબઈમા કોલાબાથી ભાયખલા સુધીમાં અમુક વિસ્તારમાં પાણીપુરવઠો સંપૂણ રીતે તો અમુક વિસ્તારમાં આંશિક રીતે બંધ રહેશે. સમારકામ પૂરું થયા બાદ આગામી બે દિવસ સુધી પાણી ડહોળું અને ઓછા દબાણ સાથે રહેશે. તેથી આ સમય દરમ્યાન નાગરિકોને પાણી ઉકાળીને તથા ગાળીને પીવાની સલાહ આપવામાં આવી છે. ■







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**